દૈનિક મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 180 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 31 July 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26
R.N.I. No. GUJ GUJ /2013/58486
શુક્રવાર, ૩૧ જુલાઈ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાત પર ત્રણ દિવસ વરસાદી સંકટ

## અમદાવાદ, વડોદરા, સુરત, આણંદ સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહીઃ તંત્ર સાબદું, સ્કૂલ, કોલેજોમાં રજા જાહેર, આર્મી, નેવી અને એરફોર્સ સ્ટેન્ડબાય, કામ વિના બહાર ન નીકળવા લોકોને અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં આજથી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, વડોદરા, સુરત, આણંદ સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહીનાં પગલે રાજ્ય અને સ્થાનિક સ્તરે તંત્રએ તૈયારીઓ કરી હોવાનું જણાવ્યું હતું. દરમિયાન અમદાવાદ, વડોદરા, સુરત, ખેડા, આણંદ સહિતના જિલ્લાંમાં સ્કૂલ-કોલેજોમાં આજે રજા જાહેર કરી દેવામાં આવી હતી. અમદાવાદ મનપાએ આંગણવાડીઓ માટે ત્રીજી ઑગસ્ટ સુધી રજા જાહેર કરી હતી. તંત્રએ નાગરિકોને હૈયાધારણ આપી હતી કે તેઓ વરસાદી સ્થિતિનો સામનો કરવા સજ્જ છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૩૧ જુલાઈથી ૨ ઓગસ્ટ દરમિયાન રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જે અંતર્ગત સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, ભરૂચ, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહીસાગર સહિતના વિસ્તારોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ભારે વરસાદની આગાહીને પગલે વહીવટી તંત્રને સંપૂર્ણપણે સજ્જ અને સતર્ક રાખવાના હેતુથી ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે ડો. જયંતિ રવિની અધ્યક્ષતામાં એક સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. ભારે વરસાદની આગાહી વચ્ચે અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવિએ પ્રભાવિત તમામ જિલ્લાના અધિકારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવાનો આદેશ આપ્યો હતો. આ સાથે જ કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિને પહોંચી વળવા માટે દરેક જિલ્લામાં ૨૪૭ કંટ્રોલ રૂમ કાર્યરત રાખવા અને એક વર્ગ-૧ અધિકારીને રાઉન્ડ ધ ક્લોક સુપરવિઝન માટે તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો હતો. નીચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરિયાત મુજબ એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમોને ત્વરિત તૈનાત કરવા જણાવાયું હતું. અધિક મુખ્ય સચિવે વધુમાં ઉમેર્યું હતું કે, અત્યંત કટોકટીની સ્થિતિમાં રાહત અને બચાવ કામગીરી માટે ભારતીય સેનાની ત્રણેય પાંખો (આર્મી, નેવી અને એરફોર્સ)ને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. સાથે જ, વરસાદની પરિસ્થિતિ અને વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી કામગીરી અંગે નાગરિકો સુધી સાચી માહિતી પહોંચે તે માટે મીડિયા સાથે સતત વિગતો શેર કરવા પણ કલેક્ટરોને સૂચના આપી હતી.

આ ઉપરાંત રાહત કમિશનર ગૌરાંગ મકવાણાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં જોખમી હોર્ડિંગ્સ, બેનર્સ અને સાઈનબોર્ડ્સને તાત્કાલિક અસરથી હટાવીને તે વિસ્તારોને સુરક્ષિત કરવાના આદેશ આપવામાં આવ્યા છે. તેજ પવન કે વાવાઝોડાને કારણે જર્જરિત મકાનો અથવા જોખમી બાંધકામોથી નાગરિકોને કોઈ હાનિ ન પહોંચે તે માટે જરૂરી તમામ સલામતીના પગલાં લેવા વહીવટી તંત્રને જણાવાયું છે. હાલમાં સમગ્ર સરકારી મશીનરીને 'એલર્ટ મોડ' પર મૂકી દેવામાં આવી છે.

આગામી દિવસોમાં આપત્તિજનક વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને રાહત કમિશનર ગૌરાંગ મકવાણાએ રાજ્યના તમામ નાગરિકોને અત્યંત જરૂરી કામ વગર ઘરની બહાર ન નીકળવા અપીલ પણ કરી હતી.

દરમિયાન અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં તા. ૩૧ જુલાઈ અને ૧ ઓગસ્ટના રોજ ભારેથી અતિભારે વરસાદની અગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ત્યારે આ પ્રકારની તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા વહીવટી તંત્ર સજ્જ છે એમ અમદાવાદ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ જણાવ્યું હતું. તેમણે પણ આગામી બે દિવસ દરમિયાન અત્યંત જરૂરી કામ સિવાય નાગરિકોને બિનજરૂરી ઘરની બહાર ન નીકળવા અપીલ કરી હતી. ■

## પોલીસને પેલિટ ગન્સ વાપરવાની પરવાનગી છેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ગુરુવારે સ્પષ્ટ કર્યું હતું કે નાગરિકોના ટોળાને વિખેરવા માટે પોલીસને નબ્યૂરો ઑફ પોલીસ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટની એડવાઇઝરીથ હેઠળ મેટાલિક પેલિટ ગન્સ વાપરવાની પરવાનગી અપાઇ છે. તેના પર પ્રતિબંધ મુકાવવા સૌપ્રથમ આ કાયદાને અદાલતમાં પડકારવો જોઇએ.

દેશની મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા નનીટ-યુજીથના પેપર ફૂટવાની ઘટનાનો દિલ્હીમાં જંતર મંતર ખાતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે મેટાલિક પેલિટ ગન્સ વપરાઇ હોવાનો આક્ષેપ કરીને આ પ્રકારની ગન્સ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની દાદ ચાહતી કરાયેલી અરજીના સંબંધમાં સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને રેપિડ એક્શન ફોર્સ (આરપીએફ) દ્વારા વપરાયેલી મેટાલિક પેલિટ ગન્સની નોંધવહી (લૉગ) સાચવવા ગુરુવારે આદેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે મેટાલિક પેલિટ ગન્સના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની અરજીને નઅસ્પષ્ટથ ગણાવી હતી અને જણાવ્યું હતું કે બ્યૂરો ઑફ પોલીસ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટની એડવાઇઝરી મુજબ પોલીસ અપવાદરૂપ કિસ્સામાં પેલિટ ગન્સ વાપરી શકે છે.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વી. મોહનની બૅન્ચે અરજદારો વતી હાજર રહેલા વકીલ વૃંદા ગ્રોવરની રજૂઆતની નોંધ લીધી હતી અને અહીં ૨૦ જુલાઇએ વિરોધ પ્રદર્શન વખતે પેલિટ ગન્સથી ઘાયલ થયા હોવાનું કહેવાતા પ્રશાંત કુમાર અને શેખ ઇર્શાદ મન્સૂરી તેમ જ અન્ય લોકોને શ્રેષ્ઠ સારવાર પૂરી પાડવા દિલ્હી સરકારને આદેશ આપ્યો હતો.

મેટાલિક પેલિટ ગન્સના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની દાદ ચાહતી અરજી ભૂતપૂર્વ સેન્ટ્રલ ઇન્ફૉર્મેશન કમિશનર અને નિવૃત્ત આઇપીએસ ઑફિસર યશોવર્ધન આઝાદ તેમ જ અન્ય બે જણે કરી હતી. (એજન્સી) ■

## અમિત શાહે રાજીનામું આપવું જોઈએઃ દીપકે

છત્રપતિ સંભાજી નગરઃ કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સંસ્થાપક અભિજિત દીપકેએ ગુરુવારે દાવો કર્યો હતો કે ૨૦ જુલાઈના રોજ સંસદ ચલો મોરચા દરમિયાન વિદ્યાર્થીઓ પર જોર જુલમ કરવાના આદેશ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ તરફથી આવ્યા હોવા જોઈએ અને પોલીસ કાર્યવાહીના મુદ્દે તેમનું રાજીનામું માંગ્યું હતું.

મધ્ય મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર સ્થિત પોતાના નિવાસસ્થાને સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે 'દેશમાં લોકશાહી જોખમમાં છે અને ન્યાયતંત્ર પર પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. રાજકીય પક્ષોને તોડવા માટે કેન્દ્રીય તપાસ એજન્સીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. લોકશાહીને બચાવવી એ હવે માત્ર વિપક્ષનો મુદ્દો નથી. જનતાએ સંગઠિત થઈ એ બચાવવી પડશે.'

'નીટ'ની પરીક્ષાના પેપર લીક થવાના મુદ્દે નવી દિલ્હીના જંતર-મંતર પર એક મહિનાથી વધુ સમય સુધી ચાલેલા વિરોધ પ્રદર્શન જોયા બાદ દિપકેએ સ્વદેશ પરત આવ્યો હતો. તેણે એમ પણ જણાવ્યું હતું કે 'ન્યાયતંત્ર પર પણ પ્રશ્નાર્થ ચિહ્ન છે. આપણે બધાએ જોયું છે કે કેવી રીતે શિવસેના અને એનસીપી જેવા પક્ષોને તોડવા માટે ઇડી અને સીબીઆઈનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દેશની અગ્રણી સંસ્થાઓની ફરજ હતી કે તેઓ લોકશાહીને જીવંત રાખે અને એક પણ વ્યક્તિની સરમુખત્યારશાહી ન બનવા દે. તેઓએ એમ થવા દીધું. આને રોકવા માટે માત્ર વિપક્ષ જ નહીં, પરંતુ લોકોએ પણ એક થવું પડશે.'

૩૦ વર્ષીય આંદોલનકર્તાએ નવા શિક્ષણ પ્રધાન તરીકે પ્રહલાદ જોશીની નિમણૂકની ટીકા કરી તેમને વિચિત્ર વ્યક્તિ ગણાવી આરોપ કર્યો હતો કે જો દેશના શિક્ષણ પ્રધાન બળાત્કારીઓની પ્રશંસા કરતા હોય તો તેનો અર્થ એ છે કે ધર્મેન્દ્ર પ્રધાનને હટાવ્યા પછી બીજા વિચિત્ર માણસને બેસાડવામાં આવ્યો છે. દેશને શું સંદેશ આપવામાં આવી રહ્યો છે? તેઓ બીજું કંઇ કરી શકતા નથી કારણ કે તેમનો પક્ષ ગુંડાઓથી ભરેલો છે. રામ રહીમ (બળાત્કારના ગુનેગાર) જેવા લોકો તેમના કાર્યકાળ દરમિયાન પેરોલ પર બહાર આવે છે. આ સરકાર ગુંડાઓ અને બળાત્કારીઓને ટેકો આપે છે.

સીજેપીના સ્થાપકે ભારપૂર્વક જણાવ્યું હતું કે નીટ પેપર લીક અંગે સંગઠનનો વિરોધ બંધારણીય છે. અમે બંધારણીય રીતે પેપર લીક સામે અમારા અધિકારો માટે લડ્યા છીએ. જો કાયદેસર રીતે મહાત્મા ગાંધી અને બી.આર આંબેડકરના ફોટા સાથે આંદોલન કરવું એ સંસ્કૃતિને બદનામ કરે છે, તો અમે તે કર્યું છે. બાબા રામદેવે પતંજલિ પર ધ્યાન આપવું જોઈએ, જેના વિશે સુપ્રીમ કોર્ટે ભૂતકાળમાં પ્રતિકૂળ ટિપ્પણી કરી છે. જેન ઝી દેશ અને દેશની સંસ્કૃતિને સંભાળવા સક્ષમ છે.

લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા શાહના રાજીનામાની માંગને સમર્થન આપી તેમણે જણાવ્યું હતું કે 'અમિત શાહે ચોક્કસપણે રાજીનામું આપવું જોઈએ. (પીટીઆઈ) ■

## સીજેપીના આંદોલન સામે નો એક્શન

### દિલ્હી પોલીસ દેખાવકારો સામે પગલાં નહિ લે, આખી વાત પર પડદો પાડી દેશેઃ જોકે ક્રિમિનલ રેકૉર્ડ ધરાવનારા સામેની કાર્યવાહી ચાલુ રહેશે

નવી દિલ્હીઃ દિલ્હી સરકારના આદેશમાં જણાવાયું હતું કે દેશની રાજધાનીમાં કૉક્રોચ જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળ યોજાયેલા દેખાવમાં ભાગ લેનારી વ્યક્તિઓ સામે દિલ્હી પોલીસ કોઇ પ્રતિકૂળ કાનૂની પગલાં નહિ ભરે, પરંતુ ગુનાઇત ઇતિહાસ ધરાવતા દેખાવકારો સામે જ જરૂરી કાર્યવાહી કરશે.

ગૃહ મંત્રાલયના આદેશમાં જણાવાયું હતું કે દેખાવ દરમિયાન પકડાયેલા કે અટકાયત હેઠળના આંદોલનકારીઓના કેસની સમીક્ષા કરાશે અને જરૂર લાગશે એવા લોકોને છોડવાની કામગીરી ઝડપથી હાથ ધરાશે.

ગૃહ મંત્રાલયે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે દિલ્હી સરકારે આ દેખાવ-પ્રદર્શનમાં ભાગ લેનારી કોઇ વ્યક્તિ સામે વધુ પગલાં લેવાનું સૂચન નથી કર્યું અને તેથી આ કિસ્સા પર પડદો પાડવામાં આવે છે.

આમ છતાં, તેણે જણાવ્યું હતું કે ગુનાઇત ઇતિહાસ ધરાવતા દેખાવકારોની સામે જરૂરી કાર્યવાહી કરાશે.

દેશની મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા નનીટ-યુજીથમાંની ગેરરીતિના વિરોધમાં દિલ્હીના જંતર મંતર ખાતે કૉક્રોચ જનતા પાર્ટી દ્વારા ૨૦ જુલાઇએ યોજાયેલા દેખાવના સંબંધમાં દિલ્હી પોલીસે ૧૩ પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધ્યા હતા. (એજન્સી) ■

## અમેરિકામાં વિઝા છેતરપિંડી બદલ ભારતીયને કારાવાસ-દંડ, દેશનિકાલનો આદેશ

વૉશિંગ્ટનઃ અમેરિકામાં વિઝા છેતરપિંડી અને બનાવટી સશસ્ત્ર લૂંટનું કાવતરું ઘડી કાઢવા બદલ યુએસ ફેડરલ કોર્ટે મિતુલ પટેલ નામના ભારતીયને એક દિવસનો કારાવાસ. ૧,૦૦૦ ડૉલરનો દંડ અને દેશનિકાલનો આદેશ આપ્યો હતો. આરોપીએ વિઝા છેતરપિંડી અને સશસ્ત્ર લૂંટનો ગુનો કબૂલી લીધા બાદ કોર્ટે તેને આ સજા ફટકારી હતી.

બૉસ્ટનસ્થિત યુએસ ડિસ્ટ્રીક્ટ કોર્ટના ન્યાયાધીશે દૈનિક જીવનજરૂરીયાતની વસ્તુની દુકાનમાં બનાવટી સશસ્ત્ર લૂંટનું કાવતરું ઘડી કાઢવાને મામલે વૉર્સેસ્ટર, મૅસેચ્યુસેટ્સના રહેવાસી ૪૦ વર્ષના મિતુલ પટેલને બુધવારે આ સજા ફટકારી હતી. આ કાવતરાંનો હેતુ દુકાનના કર્મચારીઓને ઈમિગ્રેશન અરજીઓમાં પોતાને ગુનાનો ભોગ બન્યા હોવાનું ખોટી રીતે દર્શાવવાની તક આપવાનો હતો. પટેલ સહિત આ યોજનામાં સામેલ અન્ય ૧૦ જણે જૂન ૨૦૨૬માં પોતાનો ગુનો કબૂલ કરી લીધો હતો. દાખલ કરવામાં આવેલા આરોપનામા મુજબ રામભાઈ પટેલ અને સહ-આરોપીઓએ માર્ચ ૨૦૨૩થી મેસેચ્યુસેટ્સ અને અન્ય સ્થળોએ ઓછામાં ઓછા છ સ્ટોર, દારૂની દુકાન અને ફાસ્ટ ફૂડ રેસ્ટોરાંમાં બનાવટી લૂંટની યોજના અમલમાં મૂકી હતી. આ બનાવટી લૂંટનો આશય ઈમિગ્રેશન સંબંધિત લાભ મેળવવા ખોટા દાવા કરવાનો હતો. (એજન્સી) ■

## પાકિસ્તાનથી ઑપરેટ કરતા પાંચ આતંકવાદીની મિલકત ટાંચમાં લેવાનો આદેશ

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ જમ્મુ-કાશ્મીર પોલીસે પાકિસ્તાનથી ઑપરેટ કરતા પાંચ આતંકવાદીની મિલકત ટાંચમાં લેવાનો આદેશ આપ્યો હોવાનું અધિકારીઓએ ગુરુવારે પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું. સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં જમ્મુ-કાશ્મીર પોલીસે જણાવ્યું હતું કે ડીજીપી નસિની પ્રભાતે આતંકવાદી નૅટવર્ક વિરુદ્ધ ચાવી રહેલી કાર્યવાહી અંતર્ગત પાકિસ્તાનથી ઑપરેટ કરતા પાંચ કુખ્યાત આતંકવાદીની મિલકત ટાંચમાં લેવાનો આદેશ આપ્યો હતો. અન્ય એક કાર્યવાહીમાં પોલીસે ફરાર આતંકવાદી મોહમ્મદ કાસિમ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી માટે જાહેરનામું બહાર પાડવાની જાહેરાત કરી હતી. કાસિમ, લશ્કરે તૈયબાનો ટોચનો કમાન્ડર છે અને પાકિસ્તાનથી ઑપરેટ કરી રહ્યો છે. કાસિમની મિલકત માર્ચ ૨૦૨૬માં ટાંચમાં લેવામાં આવી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. આ પગલું જમ્મુ-કાશ્મીર પોલીસના સતત પ્રયાસોનો હિસ્સો છે જેથી કરીને આતંકવાદી પ્રવૃત્તિમાં સામેલ લોકોની મિલકતને નિશાન બનાવી શકાય અને સરહદ પારથી ઑપરેટ કરતાં સપોર્ટિંગ માળખાને નષ્ટ કરી શકાય. ■

## ભોજશાળાની બાજુની દરગાહમાં નમાજ પઢવાની મુસ્લિમોને સુપ્રીમ કોર્ટેની પરવાનગી

નવી દિલ્હીઃ મધ્ય પ્રદેશના ધારસ્થિત વિવાદાસ્પદ ભોજશાળા પરિસરની બાજુમાં આવેલી દરગાહના પરિસરમાં શુક્રવારની નમાજ પઢવાની સુપ્રીમ કોર્ટે મુસ્લિમોને ગુરુવારે પરવાનગી આપી હતી. દર શુક્રવારે બપોરે એક વાગ્યાથી ત્રણ વાગ્યા દરમિયાન મુસ્લિમોને આ દરગાહમાં નમાજ પઢવાની પરવાનગી આપવાની ખાતરી કરવાનો સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો.

જોકે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વી. મોહન્નાની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે આ આદેશ રાજ્ય સરકાર અને મુસ્લિમોને પરસ્પર સહમતીથી શુક્રવારની નમાજ માટે વૈકલ્પિક જગ્યા શોધવાથી નહીં રોકે. કેસને મામલે નિર્ણય ન લેવાય ત્યાં સુધી ધારસ્થિત વિવાદાસ્પદ જગ્યાની બાજુમાં શુક્રવારે એકથી ત્રણ વાગ્યા દરમિયાન મુસ્લિમોને નમાજ પઢવા અલગ ખુલ્લી જગ્યા ફાળવવામાં આવે એવો આદેશ ખંડપીઠે ૧૪ જુલાઈએ આપ્યો હતો. જોકે ત્યાર બાદ હાજી મુનિર અહમદની આગેવાનીમાં મુસ્લિમોએ એમ કહીને કોર્ટના આદેશનું પાલન કરવામાં ન આવ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો કે ધાર વહીવટીતંત્રએ નમાજ માટે ફાળવેલી જગ્યા વિવાદાસ્પદ સ્થળથી ૧.૩ કિ.મી. દૂર છે. તેમનું કહેવું છે કે નવી ફાળવવામાં આવનારી જગ્યા વિવાદાસ્પદ સ્થળની નજીક હોવી જોઈએ જેથી કરીને મુસ્લિમો નમાજ પઢતી વખતે મસ્જિદ જોઈ શકે. (એજન્સી) ■

## અખાતના યુદ્ધમાં અત્યાર સુધીમાં ૧૬ ભારતીયનાં મોત, ૭૫ ઘાયલ

નવી દિલ્હીઃ અખાતનું યુદ્ધ ફેબ્રુઆરીમાં શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં ૧૬ ભારતીય માર્યા ગયા હતા અને અન્ય ૭૫ ભારતીય ઘાયલ થયા હતા. વિદેશ મંત્રાલયના રાજ્ય કક્ષાના પ્રધાન કીર્તિવર્ધન સિંહે રાજ્યસભામાં ગુરુવારે સંબંધિત આંકડા આપતા જણાવ્યું હતું કે આ સમય દરમિયાન કતારના ગૅસ મથક ખાતે થયેલા અકસ્માતમાં વધુ ૧૨ ભારતીય માર્યા ગયા હતા.ભારત સરકાર વિદેશોમાં માર્યા ગયેલા ભારતીયોના સગાંને મદદ કરવા અનેક વિદેશની સરકાર સાથે વાત કરી રહી છે.તેમણે જણાવ્યું હતું કે અખાતમાં ચાલુ વર્ષે યુદ્ધ શરૂ થયું ત્યારથી ૧૦ ભારતીય ખલાસી સહિત કુલ ૧૬ ભારતીય માર્યા ગયા હતા. તેમાં એક સઉદી અરેબિયામાં, બે કુવૈતમાં, આઠ ઓમાનમાં, એક ઇરાકમાં અને ચાર યુએઇમાં માર્યા ગયા હતા. અખાતના યુદ્ધમાં ઘાયલ થયેલા ૭૫ ભારતીયમાં ૩૨ યુએઇમાં, ૨૪ ઓમાનમાં, ચાર કતારમાં, ૧૩ કુવૈતમાં, એક સઉદી અરેબિયામાં અને એક ઇઝરાયલમાં હતા. (એજન્સી) ■

## વિરમગામના થુલેટા બંધના સ્ટ્રક્ચરને કોઈ નુકસાન નહીંઃ કલેક્ટરની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના વિરમગામ તાલુકામાં થુલેટા ડેમ અંગે વિવિધ માધ્યમોમાં ચાલી રહેલા અહેવાલો સંદર્ભે કલેક્ટર ભવ્ય વર્માએ જણાવ્યું કે વિરમગામ તાલુકાના થુલેટા ગામે આવેલા ચેક ડેમના મૂળ સ્ટ્રક્ચરને કોઈ જ નુકસાન થયું નથી.



વિરમગામ વિસ્તારમાં ૧૦ ઈંચ અને ઉપરવાસમાં ૮ ઈંચથી વધુ ભારે વરસાદને કારણે બંધમાં ક્ષમતા કરતાં બમણી પાણીની આવક થઈ હતી. સમયસર ગેટ ખોલવામાં આવ્યા હોવા છતાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી ગેટ સ્ટ્રક્ચરની બાજુના પાળાનું ઓવરટોપિંગ થતાં પાળાનું થોડું ધોવાણ થયાનું વર્માએ જણાવ્યું હતું.

પરિણામે, તાત્કાલિકરૂપે તકેદારીના ભાગરૂપે નીચાણવાળા વિસ્તારોમાં આવેલાં પાંચ ગામને અગાઉથી જાણ કરીને સમયસર સુરક્ષિત સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું. વહીવટી તંત્રના ત્વરિત પગલાંના કારણે કોઈ જાનહાનિ કે મોટી હોનારતને નિવારવામાં આવી હતી. હાલ પાણીનું લેવલ ઘટતાં જ આગામી એક-બે દિવસમાં ધોવાયેલા પાળાનું તાત્કાલિક સમારકામ હાથ ધરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.■

## વિવાદોમાં રહેતી સોશ્યલ મીડિયા ઈન્ફ્લુએન્સર કીર્તિ પટેલની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સતત વિવાદોમાં રહેતી સોશ્યલ મીડિયા ઈન્ફ્લુઅન્સર કીર્તિ પટેલની સુરત પોલીસે સુરેન્દ્રનગરથી ગુરુવારે ધરપકડ કરી હતી. ધાકધમકી, બદનક્ષી અને અન્ય ગુનાઓના આરોપો હેઠળ સુરતના પુણે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસના સંદર્ભમાં આ ધરપકડ કરવામાં આવી હતી. સુરત અને સુરેન્દ્રનગર પોલીસની સંયુક્ત ટીમે આ કાર્યવાહી હાથ ધરી હતી. ધરપકડ બાદ, પટેલને વધુ પૂછપરછ અને કાનૂની કાર્યવાહી માટે સુરત લાવવામાં આવી હતી.

અહીં પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવતા પણ તેણે હંગામો કર્યાના વીડિયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ભાવનગરસ્થિત ઉદ્યોગપતિ રાજુ ભમ્મરે કીર્તિ પટેલ અને ભાવનગરની સસ્પેન્ડ કરાયેલી મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા વિરુદ્ધ સુરતના પુણે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે બંનેએ સોશ્યલ મીડિયા પર અપમાનજનક અને બદનક્ષીભર્યું કન્ટેન્ટ પોસ્ટ કરીને તેમને અને તેમના પરિવારને બદનામ કર્યા હતા. તેમણે ફોન કોલ્સ અને મેસેજ દ્વારા તેમને ધમકી આપવાનો પણ આરોપ લગાવ્યો હતો. એફઆઈઆર નોંધ્યા પછી, પુણે પોલીસે સર્વેલન્સ અને સ્થાનિક ગુપ્ત માહિતીનો ઉપયોગ કરીને તપાસ શરૂ કરી હતી. કીર્તિ પટેલના ઠેકાણા વિશે ચોક્કસ માહિતીના આધારે, એક ખાસ પોલીસ ટીમ સુરેન્દ્રનગર પહોંચી અને તેની ધરપકડ કરી. હવે સુરતમાં તેની પૂછપરછ કરવામાં આવશે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે વધુ તપાસ ચાલુ છે, અને સસ્પેન્ડેડ કોન્સ્ટેબલ નયના બારૈયાને શોધવા માટે પણ પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે, જેમનું નામ આ કેસમાં સહ-આરોપી તરીકે છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અનામત નાબૂદી માટે આંદોલન થાય તો આખો દેશ ભડકે બળે

**કૉક્રોચ** જનતા પાર્ટી (સીજેપી)ના આંદોલનને મળેલી ભવ્ય સફળતાના પગલે તેના જેવાં બીજાં કેટલાંક ઓનલાઈન આંદોલનો પણ શરૂ થયાં છે ને તેમાં સૌથી નોંધપાત્ર 'રિઝર્વેશન હટાવો આંદોલન' (આરએચએ) છે. ભારતમાં સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે અલગ અલગ સમુદાયો માટેની અનામત વ્યવસ્થાને નાબૂદ કરવાના ઉદ્દેશ સાથે શરૂ કરાયેલા આંદોલનને બીજી ઝુંબેશો કરતાં વધારે પ્રતિસાદ સાંપડી રહ્યો છે તેમાં ઘણાંને કૉક્રોચ જનતા પાર્ટી જેવા આંદોલનના ભણકારા સંભળાઈ રહ્યા છે. શૅરબજારમાં રોકાણ અંગે માર્ગદર્શન આપતા વેદાંશ ત્યાગી નામના પોર્ટફોલિયો મેનેજરે 'રિઝર્વેશન હટાવો આંદોલન' નામે ઇન્સ્ટાગ્રામ પેજ લગભગ અઠવાડિયાં પહેલાં બનાવેલું. અત્યાર લગીમાં તેના ફોલોઅર્સનો આંકડો ૫૮ લાખને પાર કરી ચૂક્યો છે.

આ પેજ મારફતે 'રિઝર્વેશન હટાવો આંદોલન'ની મુખ્ય માગણીઓ પણ સરકાર સામે મુકાઈ છે. તેમાં મુખ્ય માગણી જ્ઞાતિ આધારિત અનામત નાબૂદ કરવાની છે. આ સિવાય અનામત નીતિની સમીક્ષા કરીને નવા સ્વરૂપમાં અમલ કરીને ખરેખરા જરૂરિયાતમંદોને અનામતનો લાભ આપવો, ઉચ્ચ શિક્ષણ અને સરકારી નોકરીઓમાં મેરિટ આધારિત પસંદગી કરવી, તમામ વિદ્યાર્થીઓ માટે સમાન શિક્ષણ વ્યવસ્થા, સરકારી ફોર્મમાં જ્ઞાતિ આધારિત ઓળખનું મહત્ત્વ ઘટાડવું અને સમાન તક તથા નિષ્પક્ષ સ્પર્ધાને પ્રોત્સાહન આપવા સહિતની માગણીઓ કરાઈ છે.

આ માગણીઓ ના સ્વીકારાય તો દિલ્હીના જંતર મંતર ખાતે ધરણાં કરીને પ્રચંડ આંદોલન ઊભું કરવાની ચીમકી પણ અપાઈ છે. 'રિઝર્વેશન હટાવો આંદોલન'ની વેબસાઇટ શરૂ કરવાની તૈયારી થઈ ચૂકી હોવાના દાવા પણ કરાઈ રહ્યા છે. વેબસાઈટ મારફતે ઓનલાઈન મેમ્બરશિપ, ડિજિટલ નેટવર્કિંગ અપાશે એવા દાવા પણ થઈ રહ્યા છે. આ પેજને શરૂઆતના બે દિવસમાં જોરદાર પ્રતિસાદ મળ્યો હતો ને માત્ર ૪૮ કલાકમાં ૫૫ લાખ ફોલોઅર્સ થઈ ગયા હતા. એ પછી થોડી ગતિ ધીમી પડી છે પણ રોજના લાખેક ફોલોઅર્સ તો વધી જ રહ્યા છે એ જોતાં લોકોને તેમાં રસ તો પડી જ રહ્યો છે.

જો કે ગંભીર વાત એ છે કે, આ ઝુંબેશના કારણે અનામત વિરોધી અને અનામતતરફી એમ બે છાવણીઓ પડી ગઈ છે તેથી સોશ્યલ મીડિયા પર જંગ જામવા માંડ્યો છે. કોઈ નવરાએ એવી પોસ્ટ મૂકી દીધેલી કે, કૉક્રોચ જનતા પાર્ટી જેવું પ્રચંડ આંદોલન ઊભું ના થાય એટલે સરકાર 'રિઝર્વેશન હટાવો આંદોલન'ને અત્યારથી ટાઢું પાડી દેવા માટે અનામત પ્રથા નાબૂદ કરવા વિચારી રહી છે. ભારતમાં જ્ઞાતિવાદને લગતી વાત આગથી પણ ઝડપથી ફેલાય છે તેથી આ વાત પણ વાઇરલ થઈ જતાં અનામત હટાવવાની હાકલનો વિરોધ કરતા ખેલાડીઓ પણ સોશિયલ મીડિયા પર મેદાનમાં આવી ગયા. તેમણે અનામત હટાવાશે તો તેનાં માઠાં પરિણામો આવશે એવા હાકલાપડકારા શરૂ કરી દીધા તેમાં ગરમીનો માહોલ થઈ ગયો છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી કે, અનામત હટાવવાની વિચારણા ચાલી રહી હોવાની વાતો ગપગોળાથી વધારે કંઈ નથી ને લોકો આ વાતોને સાચી ના માને પણ તેની બહુ અસર વર્તાઈ નથી. સામસામા હાકલાપડકારા હજુ ચાલુ જ છે.

'રિઝર્વેશન હટાવો આંદોલન'વાળા ખરેખર જંતર મંતર પર દેખાવો શરૂ કરવાના છે કે પછી ખાલી હૂલ આપી રહ્યા છે એ ખબર નથી પણ ખરેખર એવા દેખાવો થાય તો દેશ ભડકે બળે એમાં શંકા નથી. ભારતમાં અનામત એકદમ સંવેદનશીલ મુદ્દો છે. દેશના અતિ ધનિક એવા બે ટકા લોકોને બાદ કરતાં બાકીના ૯૮ ટકા લોકોને આ મુદ્દો સ્પર્શતો જ નથી પણ તેમનાં હિતો સાથે પણ સંકળાયેલો છે તેથી આખો દેશ મેદાનમાં આવી જાય. ભારતમાં સવર્ણોનો બહુમતી વર્ગ માને છે કે, અનામતના કારણે પોતાને અન્યાય થઈ રહ્યો છે તેથી બધું મેરિટના આધારે થવું જોઈએ પણ આ વર્ગ લઘુમતીમાં છે.

પહેલાં અનામતનો વિરોધ કરવામાં બધા સવર્ણો એક હતા. મોદી સરકારે સવર્ણોમાં આર્થિક રીતે નબળા વર્ગનાં લોકો (ઈડબલ્યુએસ) માટે ૧૦ ટકા અનામતની જાહેરાત કરીને હિંદુઓમાં વધારે ભાગલા પાડ્યા પછી હવે બધા સવર્ણો અનામતના વિરોધી નથી. જેમને ઈડબલ્યુએસ અનામતનો લાભ મળે છે તેમને હવે અનામત પ્રથા સામે વાંધો નથી તેથી પહેલાંથી લઘુમતીમાં અનામત વિરોધીઓ વધારે લઘુમતીમાં આવી ગયા છે. સામે એસસી, એસટી અને ઓબીસી મળીને જ ૫૦ ટકાથી વધારે છે. તેમાં ઈડબલ્યુએસવાળા ઉમેરો તો દેશના ૬૦ ટકાથી વધારે લોકો અનામતનો લાભ મેળવે છે. સ્વાભાવિક રીતે જ અનામત પ્રથાની નાબૂદી આ લોકોનાં હિતોને નુકસાન કરે જ તેથી અનામત નાબૂદી માટે આંદોલન થાય તો એ લોકો ચૂપ ના જ બેસે.

અનામત નાબૂદી માટેનું આંદોલન થાય તો જવાબ આપવા માટે કેટલાક નમૂના અત્યારથી થનગની જ રહ્યા છે. સોશ્યલ મીડિયા પર આ નમૂના જે ભાષામાં વાત કરી રહ્યા છે તેના પરથી સ્પષ્ટ છે કે, તેમને ભડકો કરાવીને ફાયદો લેવામાં રસ છે એ જોતાં હિંસા થાય જ ને આ હિંસા પણ નાનાં છમકલાં જેવી ના હોય. ભૂતકાળમાં જ્યાં પણ અનામત આંદોલનો થયાં છે ત્યાં કેવી હિંસા થઈ છે તેના પર નજર નાખી જોજો. ગુજરાતમાં ૧૯૮૦ના દાયકામાં બે વાર થયેલાં અનામત આંદોલનોએ આખા રાજ્યને છ-છ મહિના માટે ઠપ્પ કરી દીધેલાં. લોકો સામસામે આવી ગયેલાં ને એકબીજાના લોહીનાં તરસ્યાં બની ગયેલાં. અત્યારે પણ એવી જ સ્થિતિ થાય એ જોતાં 'રિઝર્વેશન હટાવો આંદોલન' દેશના હિતમાં નથી. 'રિઝર્વેશન હટાવો આંદોલન'વાળા ભલે દેખાવો જંતર મંતર પર કરે પણ તેના પડઘા આખા દેશમાં પડે ને દેશ આખો ભડકે બળે.

આ સ્થિતિ પેદા ના થાય એ માટે અનામતનો લાભ નથી મળતો એવાં લોકોએ એ વાસ્તવિકતા સ્વીકારી લેવાની જરૂર છે કે, આ દેશમાં અનામત પ્રથામાં નાનો ફેરફાર પણ થઈ શકે તેમ નથી એ જોતાં અનામત પ્રથાની નાબૂદીની વાત તો ભૂલી જ જવાની. ભારતમાં જ્ઞાતિવાદી રાજકારણ એ હદે પ્રબળ છે કે, જ્ઞાતિ આધારિત અનામત પ્રથા નાબૂદ કરવાની કોઈની તાકાત જ નથી. આ સામી ભીંતે લખાયેલું સત્ય છે ને તેને જેટલી જલદી સ્વીકારી લો એટલા વધારે સુખી થશો. એક જમાનામાં ભાજપ જ્ઞાતિ આધારિત અનામતને નાબૂદ કરીને આર્થિક ધોરણે અનામત લાવવાની વાતો કરતો હતો પણ દેશમાં જ્ઞાતિવાદનો પ્રભાવ જોયા પછી ભાજપ પોતે સાવ ઠંડો પડી ગયો છે. હવે ભાજપ અનામત પ્રથા મુદ્દે કશું બોલતો જ નથી કેમ કે બોલવા જાય તો તેના બોર વેરાઈ જાય.

આ કડવી વાસ્તવિકતા છે ને બહુમતી સવર્ણો આ વાસ્તવિકતાને સ્વીકારી ચૂક્યા છે. પોતાનાં સંતાનોને ગમે તે રીતે વિદેશ મોકલીને એ લોકો છુટકારો મેળવી રહ્યાં છે. તેના કારણે દેશને નુકસાન થઈ રહ્યું છે પણ મતબેંકનું રાજકારણ હંમેશાં દેશના હિતથી મોટું સાબિત થાય છે પછી કોઈ શું કરી શકે?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌરવર્ષાઋતુ, શુક્રવાર, તા. ૩૧-૭-૨૦૨૬, સૌરાષ્ટ્રમાં મોળાકતના પારણાં, ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતનું જાગરણ, પંચક પ્રારંભ

- ભારતીય દિનાંક ૯, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૧૬મો મેહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર ધનિષ્ઠા રાત્રે ક. ૧૯-૨૭ સુધી, પછી શતભિષા
- ચંદ્ર મકરમાં સવારે ક. ૦૬-૩૭ સુધી, પછી કુંભમાં (ગ, સ, શ)
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૧, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક. ૧૩-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૧૩ (તા. ૧)
- ઓટઃ સવારે ક. ૦૬-૩૬, રાત્રે ક. ૧૯-૨૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - દ્વિતિયા. હિંડોળા પ્રારંભ, અશૂન્યશયન વ્રત, સૌરાષ્ટ્રમાં મોળાકતના પારણાં, ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતનું જાગરણ, પંચક પ્રારંભ ક. ૦૬-૩૯, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વૈષ્ણવ મંદિરોમાં હિંડોળા પ્રારંભ, મોળાકત અને જયાપાર્વતી વ્રતનું જાગરણ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, વસુદેવતાનું પૂજન, ખીજડીનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. પ્રયાણ મધ્યમ, પરદેશગમનનું પસ્તાનું નવા વસ્ત્રો, આભૂષણ, નોકરી, વાહન સવારી, દુકાન-વેપાર વિદ્યારંભ, રત્નધારણ, નામકરણ, દેવદર્શન અન્નપ્રાશન, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, બી વાવવું, ખેતીવાડી, હજામત, વૃક્ષ રોપવા, નવી તિજોરીની સ્થાપના, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન. આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ મહેનતુ સ્વભાવ, ચંદ્ર-રાહુ યુતિ નિષ્ફળતાનો ભય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-રાહુ યુતિ ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# જેન-ઝીના ગુસ્સાને શાંત કરવા પેપર-લીક ખરડો લવાયો : ખડગે

નવી દિલ્હીઃ લોકસભામાં પસાર થયા બાદ પરીક્ષાઓમાં સુધારાના હેતુથી લાવવામાં આવેલું જાહેર પરીક્ષાઓ સુધારા બિલ, ૨૦૨૬ ગુરુવારે રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. ચર્ચા દરમિયાન ગૃહમાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સરકાર પર પ્રહારો કર્યા અને આરોપ લગાવ્યો કે આ ખરડો વિદ્યાર્થીઓના ગુસ્સાને શાંત કરવા માટે લાવવામાં આવ્યું છે. ખડગેએ એવી પણ અપીલ કરી કે સરકારે વિપક્ષની વાત સાંભળવી જોઈએ. મલ્લિકાર્જુન ખડગેએ ગૃહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનની પણ માગ કરી હતી.

ખડગેએ ગુરુવારે સરકાર પર આરોપ લગાવ્યો કે પેપર લીક વિરોધી કાયદામાં સુધારો ફક્ત પ્રદર્શનકારી યુવાનોને શાંત કરવા માટે લાવવામાં આવ્યો છે. આ બિલ સમસ્યાના સમાધાન માટે લાવવામાં આવ્યું નથી. સરકારે એ નથી જણાવ્યું કે સરકાર આ પ્રકારની પરીક્ષાઓ કેવી રીતે આયોજિત કરશે જેથી પેપર લીક અટકાવી શકાય. તેમણે કહ્યું કે પેપર લીકના કેસોમાં વધુ દંડ, કડક સજા અને ફાસ્ટ-ટ્રેક કોર્ટની જોગવાઈઓથી કોઈ ફરક પડશે નહીં. તેમણે દલીલ કરી હતી કે સરકાર આ પરીક્ષાઓ કેવી રીતે યોજે છે તે જ ફરક પાડશે.

ખડગેએ ઉમેર્યું હતું કે જ્યાં સુધી સંસ્થાઓ અને પરીક્ષા વ્યવસ્થામાં સુધારો નહીં થાય અને જવાબદારી નક્કી નહીં થાય ત્યાં સુધી પેપર લીક થતા રહેશે અને અમે અહીં ફરીથી તે જ વાતની ચર્ચા કરીશું. પેપર લીકથી નિર્દોષ વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતાને નુકસાન થાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ તેમની ભારત જોડો યાત્રા દરમિયાન પેપર લીકનો મુદ્દો ઉઠાવ્યો હતો અને વિપક્ષે પણ ૨૦૨૪માં જ્યારે બિલ પહેલી વાર પસાર થયું ત્યારે કડક કાયદાની માગણી કરી હતી. જોકે, તેમણે આરોપ લગાવ્યો હતો કે સરકારે રાજકીય કારણોસર ઉતાવળમાં કાયદો ઘડ્યો હતો. હવે બે વર્ષમાં તમારે તેમાં સુધારો કરવો પડશે. પરંતુ તે હજુ પણ અધૂરો છે.

યુવાનોને શિક્ષણ પ્રધાન પદેથી ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવા માટે સરકાર પર દબાણ લાવવા બદલ અભિનંદન આપતા તેમણે કહ્યું કે તેમના મજબૂત અવાજને કારણે સંસદમાં વિપક્ષના વિરોધ સાથે સરકારે આખરે તેમની માગણીઓ સામે ઝૂકી ગઈ હતી. તેમણે દાવો કર્યો હતો કે મોદીએ પોતાની ખુરશી બચાવવા માટે પ્રધાનને હટાવવા પડ્યા છે.

તેમણે ગૃહમાંથી વડા પ્રધાન અને ગૃહપ્રધાનની ગેરહાજરીની પણ ટીકા કરી અને કહ્યું હતું કે અશાંતિ છતાં બંનેમાંથી કોઈએ વાત કરી ન હતી. મને શરમ આવી. મને ખબર નથી કે તેમને શરમ આવી કે નહીં. વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચાર માટે કોણ જવાબદાર છે?

તેમણે કહ્યું કે જો ગૃહપ્રધાન વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને ટીયરગેસના હુમલાનો આદેશ કોણે આપ્યો અને વિદ્યાર્થીઓને માર મારનારા સાદા કપડામાં રહેલા લોકો કોણ હતા તે અંગેના પ્રશ્નોના જવાબ આપી શકતા નથી તો તેમણે રાજીનામું આપવું જોઈએ. મોદી સરકારના કાર્યકાળ દરમિયાન દેશભરમાં ઘણી વખત પેપર લીકની ઘટનાઓ બની હતી, પરંતુ સરકાર ઊંઘતી રહી. તેમણે એવો પણ દાવો કર્યો કે ૨૦૨૪ના નીટ પેપર લીક કેસમાં મુખ્ય આરોપીને ક્લીન ચીટ આપવામાં આવી હતી. ■

# અમેરિકા-ઈરાનના સામસામા હુમલાઃ યુદ્ધનો વ્યાપ વધ્યો, ઈજિપ્ત પર અટૅક

કૈરોઃ અમેરિકા અને ઇરાને ગુરુવારે એકબીજા પર ફરી મિસાઇલ હુમલા શરૂ કર્યા હોવાથી અખાતના યુદ્ધનો જલદી અંત આવવાની શક્યતા ઘટી છે.

અખાતના યુદ્ધમાં વધુ દેશ જોડાઇ રહ્યા હોવાથી તે વધુ ભીષણ બનવાની ભીતિ ઊભી થઇ છે.

જોર્ડને ગુરુવારે જણાવ્યું હતું કે અમે સતત બીજા દિવસે પણ ઇરાને છોડેલા મિસાઇલ્સ તોડી પાડ્યા હતા.

કુવૈતે જણાવ્યું હતું કે દુશ્મન દ્વારા ઉત્તર કુવૈત પર કરાયેલા હુમલામાં એકનું મોત થયું હતું.

ઇજિપ્તના બંદર ખાતેના જહાજો પર ડ્રોનથી કરાયેલા હુમલાથી જહાજોમાં આગ લાગી હતી. ઇજિપ્ત પર આ યુદ્ધમાં સૌપ્રથમ હુમલો કરાયો છે અને આમ લડાઇનો વ્યાપ વધી રહ્યો છે.

સઉદી અરેબિયાએ જણાવ્યું હતું કે ઇરાકમાંના ઇરાનનો ટેકો ધરાવતા ત્રાસવાદી સંગઠને અમારા પર મિસાઇલ્સ છોડ્યા હતા.

અખાતમાં ફરી યુદ્ધ શરૂ થતાં ખનિજ તેલ, કુદરતી ગૅસ અને ખાતરના ભાવ વધવા લાગ્યા છે.

ઇરાને કુવૈત પર ગુરુવારે કરેલા હુમલાનો ચીનની કંપનીની ઇમારત ભોગ બની હતી અને તેમાં એક કર્મચારી મૃત્યુ પામ્યો હતો.

હોર્મુઝ ખાડીમાંના ઇરાનના કેશમ ટાપુ પર કરાયેલા હુમલામાં ત્રણ જણ માર્યા ગયા હતા.

સઉદી અરેબિયાએ ઇરાકમાંના ઇરાનનો ટેકો ધરાવતા ત્રાસવાદી સંગઠન પર કરાયેલા હુમલામાં ઓછામાં ઓછા ૨૦ લડવૈયા અને ઇરાનના છ સલાહકાર માર્યા ગયા હતા.

ઇજિપ્તના બંદર દમિત્તા ખાતે કુદરતી ગૅસના બે જહાજ પર થયેલા હુમલાથી આગ લાગી હતી.

અમેરિકાના સાથી દેશ ગણાતા ઇજિપ્તમાં અત્યાર સુધી હુમલા નહોતા થયા.

સઉદી અરેબિયાએ પોતાના ખનિજ તેલના મથકો પર હુમલા કરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.

હુથી બળવાખોરોએ સઉદી અરેબિયાના જહાજોની અવરજવર લગભગ અટકાવી દીધી છે. ■

# હવે 'વંદે માતરમ્'નું અપમાન ગુનો બનશે સંસદમાંઃ બિલને મંજૂરી

નવી દિલ્હીઃ હવે રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'નું અપમાન કરવું ફોજદારી ગુનો બનશે. આ વિધેયકને ગુરુવારે સંસદમાં મંજૂરી મળી ગઇ હતી. આ બિલ દલીલો અને હોબાળા વચ્ચે પસાર થયું હતું કારણ કે વિપક્ષે અયોધ્યા રામ મંદિરના દાનમાં કથિત ઉચાપત મુદ્દે સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ બિલ પર બે સભ્યોએ વાત કર્યા બાદ રાષ્ટ્રીય સન્માન(સુધારા) બિલ, ૨૦૨૬ને ધ્વનિ મત દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. આ બિલનો હેતુ 'વંદે માતરમ'ના અપમાનને ફોજદારી ગુનો બનાવવાનો છે.

નીચલા ગૃહમાં બિલ રજૂ કરનારા ગૃહ રાજ્ય પ્રધાન નિત્યાનંદ રાયે જણાવ્યું કે 'વંદે માતરમ'ને રાષ્ટ્રગાન 'જન ગણ મન'ની સમાન દરજ્જો આપવાની દિશામાં આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. તેમણે કહ્યું કે અગાઉની કોંગ્રેસ સરકારે 'વંદે માતરમ'ને યોગ્ય દરજ્જો આપવો જોઇતો હતો, પરંતુ તેઓ તુષ્ટિકરણની રાજનીતિમાં રચ્યાપચ્યા હોવાથી તેમ કર્યું નહીં. લોકસભામાં રાયે તેમનું ટૂંકુ નિવેદન 'વંદે માતરમ'ના નારા સાથે પૂર્ણ કર્યું હતું.

ડીએમકેના એ. રાજા સહિત વિપક્ષી સભ્યો દ્વારા રજૂ કરાયેલા સુધારાઓને ધ્વનિ મતથી નકારી કાઢવામાં આવ્યા હતા. બાદમાં રાજાએ કેટલાક દસ્તાવેજો ફાડીને ગૃહની વચ્ચોવચ્ચ ફેંક્યા હતા. રાજ્યસભાએ બુધવારે આ બિલ પસાર કર્યું હતું. આ બિલ પસાર થયા બાદ હોબાળા વચ્ચે લોકસભાની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. ■

## નેપાળમાં સાંપ્રદાયિક હિંસા ભડકી

# ત્રણનાં મોત, છથી વધુ શહેરમાં કર્ફ્યુ

કાઠમંડુઃ નેપાળમાં સાંપ્રદાયિક હિંસા ભડકી ઊઠી છે. નેપાળના અનેક વિસ્તારોમાં હિંસા, આગજની, પથ્થરમારો અને પોલીસ સાથે અથડામણની ઘટનાઓ સામે આવી રહી છે.

આ ઘટનાઓને પગલે નેપાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે સવાલ ઊઠી રહ્યા છે.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અનેક જિલ્લાઓમાં કર્ફ્યુ લાદી દેવામાં આવ્યો છે.

નેપાળના સુનસરીમાં ભડકેલી સાંપ્રદાયિક હિંસા હવે અનેક શહેરોમાં ફેલાઈ ગઈ છે. છેલ્લાં ચાર દિવસમાં દેશના વિવિધ વિસ્તારોમાં હિંસા, આગજની, તોડફોડ, પથ્થરમારો અને પોલીસ સાથેની અથડામણની ઘટનાઓએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલ ઉભા કર્યા છે.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક વહીવટીતંત્રને અનેક જિલ્લાઓમાં કર્ફ્યુ જાહેર કરવાની ફરજ પડી છે તો સૈન્યએ સંવેદનશીલ વિસ્તારો પર નજર રાખવા હૅલિકોપ્ટરોની મદદ લેવી પડી રહી છે.

આ હિંસામાં અત્યાર સુધીમાં ત્રણ જણનાં મોત થયાં છે અને ડઝનબંધ લોકો ઘાયલ થયાં છે. ઘાયલોમાં પ્રદર્શનકર્તાઓ, સ્થાનિક નાગરિકો અને સુરક્ષા કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. અનેક જગ્યાએ સરકારી તેમ જ ખાનગી મિલકતોને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું છે અને ડઝનબંધ દુકાનો અને વાહનોને આગ ચાંપવામાં આવી છે.

નેપાળના રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે આ વિષમ પરિસ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને લોકોને સામાજિક, ધાર્મિક, શાંતિ, સહિષ્ણુતા, ભાઈચારો અને રાષ્ટ્રીય એકતાજાળવી રાખવાની અપીલ કરી હતી. ■

# છેતરપિંડી કેસના વૉન્ટેડ આરોપી રાહુલ કાળોખેને ફિજીથી ભારત લવાયો

નવી દિલ્હીઃ સીબીઆઈ, વિદેશ ખાતું અને મહારાષ્ટ્ર પોલીસ દ્વારા એકમેકના સહકારથી હાથ ધરવામાં આવેલી સંયુક્ત કાર્યવાહીને પગલે મોટાપાયે રોકાણ સંબંધિત છેતરપિંડીના કેસના વૉન્ટેડ આરોપી રાહુલ શામરાવ કાળોખેને ગુરુવારે ફિજીથી ભારત લવાયો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

અસાધારણ રીતે ઊંચું વળતર આપવાનું ખોટું વચન આપી રાહુલ રોકાણકારોને લલચાવતો હતો અને ત્યાર બાદ એ રકમનો ઉપયોગ પોતાના અંગત લાભ માટે કરતો હતો.

સીબીઆઈના પ્રવક્તાના જણાવ્યા અનુસાર ગુનો આચર્યા બાદ રાહુલ તપાસ અને કાનૂની કાર્યવાહીથી બચવા ફરાર થઈ ગયો હતો.

મહારાષ્ટ્ર પોલીસની વિનંતીને પગલે સીબીઆઈએ રાહુલ વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરાવી હતી જેને પગલે આરોપી ફિજીમાં હોવાનું જાણવા મળ્યું હતું જ્યાં સ્થાનિક સત્તાવાળાઓએ નૉટિસને આધારે તેની ધરપકડ કરી હતી. ત્યાર બાદ યોગ્ય પ્રક્રિયા પૂરી કરી રાહુલને ભારત મોકલી આપવામાં આવ્યો હતો. રાહુલને ભારત લાવવા એસ્કોર્ટ ટીમ ફિજી ગઈ હતી અને તેને લઈને ૩૦ જુલાઈ ગુરુવારે ભારત પહોંચી હતી. (એજન્સી) ■

# યુક્રેન પર રશિયાના ભીષણ હુમલા

કીવઃ રશિયાએ ગુરુવારે રાત્રે યુક્રેન પર બેલિસ્ટિક મિસાઇલ અને ડ્રોન હુમલા કર્યા હતા. આ હુમલામાં બાળકો સહિત આઠ નાગરિકોના મોત થયા હતા. જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર આ હુમલા યુક્રેનના અનેક વિસ્તારોમાં થયા હતા. આમાં પોલેન્ડની સરહદ નજીકના વિસ્તારોનો પણ સમાવેશ થાય છે. આ વિસ્તારો દેશના પૂર્વ ભાગમાં સરહદથી દૂર આવેલા છે. તેમજ માનવામાં આવે છે કે અહીં યુક્રેન રશિયાના ચાર વર્ષ કરતાં વધુ સમયથી ચાલી રહેલા હુમલાઓ સામે લડવા માટે હથિયારનો સંગ્રહ અને ઉત્પાદન કરે છે.

યુક્રેનના લાંબા અંતરના ડ્રોન અને મિસાઇલોએ રશિયાના તેલ ક્ષેત્રને ગંભીર અસર પહોંચાડી છે. પરિણામે ઇંધણ સંકટ સર્જાયું છે. આ હુમલો યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકીની વોશિંગ્ટનમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને અમેરિકન સંરક્ષણ કંપનીઓના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કર્યાના બે દિવસ પછી થયો છે. તેમણે પેટ્રિઅટ એર ડિફેન્સ સિસ્ટમનો ઝડપી અને વધુ સપ્લાયનો આગ્રહ કર્યો હતો. જે રશિયાના બેલિસ્ટિક હુમલાઓને રોકવા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે.

ઇરાન યુદ્ધને કારણે અમેરિકન બનાવટના ઇન્ટરસેપ્ટરનો સ્ટોક ખતમ થઇ ગયો છે. ■

# રામમંદિર ચંદા-ચોરીના આરોપીની પત્નીને ડિમોલિશનથી હાલ રાહત

અયોધ્યાઃ અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટી (એડીએ) એ રામમંદિર દાન ચોરી કેસમાં આરોપી લવકુશ મિશ્રાની પત્ની સુપ્રિયા મિશ્રાને અયોધ્યાના સાદતગંજ વિસ્તારમાં તેમના નિર્માણાધીન ઘર માટે દસ્તાવેજો પૂરા પાડવા માટે વધારાનો અઠવાડિયાનો સમય આપ્યો છે, એમ પોલીસે જણાવ્યું હતું.

એડીએના સચિવ રાજેશ મિશ્રાએ જણાવ્યું હતું કે સુપ્રિયાને ઘરની કાયદેસરતા સાબિત કરવા માટે જરૂરી દસ્તાવેજો રજૂ કરવા માટે અગાઉ ૨૯ જુલાઈ સુધીનો સમય આપવામાં આવ્યો હતો.

જોકે, ગુરુવારે, તેમણે જરૂરી કાગળો એકત્રિત કરવા માટે વધુ સમયની જરૂર હોવાથી મુદત વધારવાની વિનંતી કરી હતી.

બીજી જુલાઈના રોજ, એડીએએ સુપ્રિયાને તેના નામે ઘરના કથિત અનધિકૃત બાંધકામ અંગે નોટિસ ફટકારી હતી. એડીએના સૂત્રોના જણાવ્યા અનુસાર, જે ઘર બનાવવામાં આવી રહ્યું છે તે સોહાવલ તહસીલના બાનવીરપુર ગામમાં સ્થિત છે. ■

## વિદ્યાર્થીઓ પર અત્યાચાર

# સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની રાહુલની માગણી

નવી દિલ્હીઃ જેન-ઝી આંદોલન દરમિયાન પોલીસ દ્વારા વિદ્યાર્થીઓ વિરુદ્ધ આચરવામાં આવેલી હિંસાને મામલે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ યોજવાની કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે માગણી કરી હતી.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સંસદમાં આવીને આ નિર્દય હિંસા અંગે સ્પષ્ટતા કરતા ડરે છે એમ જણાવતાં રાહુલે કહ્યું હતું કે હિંસાની આ ઘટનામાં દોષની ગંધ આવે છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો હોવાનું દર્શાવતો વીડિયો પણ સોશ્યલ મીડિયા પર પૉસ્ટ કર્યો હતો.

વિદ્યાર્થીઓ ન્યાયને પાત્ર છે અને ૨૦ જુલાઈએ કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ની આગેવાનીમાં યોજાયેલા વિરોધપ્રદર્શન અને સંસદ સુધીની માર્ચ દરમિયાન પોલીસ, સુરક્ષાકર્મીઓ દ્વારા વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલા લાઠીચાર્ડ અને આચરવામાં આવેલી હિંસા અંગેની તપાસ માટે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી તપાસ યોજાવી જોઈએ, એમ રાહુલે કહ્યું હતું.

અન્ય એક પૉસ્ટમાં રાહુલે લખ્યું હતું કે અમિત શાહ ગભરાયેલા છે અને વિદ્યાર્થી વિરુદ્ધ આચરવામાં આવેલી હિંસાને મામલે ખુલાસો કરવા સંસદમાં આવતા ડરી રહ્યા છે.

રાહુલ ગાંધીએ અમિત શાહને બરતરફ કરવાની અને ઘટનાને મામલે સુપ્રીમ દેખરેખ હેઠળ તપાસ યોજવાની બુધવારે માગણી કરી હતી. (એજન્સી) ■

# સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની આગાહીઃ જિલ્લા કલેક્ટરોએ તાકીદની બેઠકો યોજી, તંત્ર અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં આગામી બે દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જેને પગલે સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં વહીવટી તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું હતું. મધ્યપ્રદેશ તરફથી આગળ વધી રહેલા ડીપ ડિપ્રેશનના કારણે ગુજરાતમાં વરસાદનું જોર વધવાની સંભાવના હોઈ આ પરિસ્થિતિને પહોંચી વળવા અને કોઈ પણ પ્રકારની જાનહાનિ અટકાવવા માટે જૂનાગઢ, રાજકોટ અને જામનગર સહિતના જિલ્લા કલેક્ટરોએ સંબંધિત વિભાગો સાથે તાકીદની બેઠકો યોજીને આગોતરી તૈયારીઓની સમીક્ષા કરી હતી અને અધિકારીઓને સતર્ક રહેવાના કડક નર્દિશો આપ્યા હતા. રાજકોટમાં ૩૧ જુલાઈથી ૧ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે




વરસાદની આગાહીને પગલે કલેક્ટરરે તાકીદની બેઠક યોજી હતી. તેમણે તમામ વિભાગોને સજ્જ રહેવા, અધિકારીઓની રજાઓ રદ કરવા અને એસડીયઆરએફની ટીમોને બચાવ કામગીરી માટે તૈયાર રાખવા સૂચના આપી હતી. જરૂર જણાશે તો એનડીયઆરએફ અને આર્મીની મદદ લેવાની પણ વહીવટી તંત્રની તૈયારી હોવાનું જણાવ્યું હતું. રાજકોટ જિલ્લામાં ૧૮૦ જેટલા નીચાણવાળા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે અને લોકોને સ્થળાંતર માટે ૧૬ જેટલી ફાઈબર બોટ પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી હોવાની વિગતો જિલ્લા કલેક્ટરે આપી હતી.

બીજી તરફ, જૂનાગઢ જિલ્લામાં ૩૧ જુલાઈના રોજ યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જૂનાગઢ કલેક્ટરે તમામ વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજીને કોઈપણ પરિસ્થિતિમાં ત્વરિત પ્રતિસાદ આપવા માટે સૂચનો કર્યા હતા. તેવી જ રીતે, જામનગર કલેક્ટરે પણ ૨ ઓગસ્ટ સુધી ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને તમામ વિભાગો સાથે સંકલન બેઠક યોજી હતી અને કોઈપણ આપાતકાલીન સ્થિતિ સર્જાય તો તરત જ એક્શન લેવા તાકીદ કરી હતી. તંત્ર દ્વારા ગામેગામ સરકારી અધિકારીઓ સાથે વોલેન્ટિયર્સની ટીમોને પણ ખડેપગે રહેવા સૂચના આપવામાં આવી હતી. આગામી બે દિવસની વરસાદી સિસ્ટમને જોતા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને ખાસ અપીલ કરવામાં આવી છે. લોકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, વરસાદી પાણી ભરાયું હોય તેવા સ્થળોએ જોવા કે નહાવા ન જવા તેમજ નદી, ડેમ અને નાળાના નીચાણવાળા વિસ્તારોથી દૂર રહેવા કડક સૂચના આપવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામતી માટે મામલતદાર કચેરી, પોલીસ સ્ટેશન, ગામની શાળા કે વાડીમાં આશ્રય લેવા અને સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. ■

# ભાવનગરની સરટી હૉસ્પિટલમાં રેગિંગ મામલે સરકારે કડક પગલાં લીધાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર શહેરની સર.ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં રેગિંગ થયાનો કિસ્સો બહાર આવ્યો હતો. આ મામલે સમીક્ષા બેઠકના અંતે રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હંમેશાં નાગરિકોના હિતમાં કાર્ય કરે છે. વિદ્યાર્થીઓનું રેગિંગ તેમજ નાગરિકોના સ્વાસ્થ્ય સાથેના કોઈપણ પ્રકારના ચેડાં ચલાવી લેવામાં આવશે નહીં. આ બેઠક દરમિયાન તેમણે કડક વલણ અપનાવી સર.ટી. હોસ્પિટલ અને મેડિકલ કડક કાર્યવાહીના આદેશ આપ્યા હતા. આ આદેશ અનુસાર સર.ટી. હોસ્પિટલના તબીબી અધિક્ષક તરીકેનો વધારાનો હવાલો ધરાવતા ડૉ. અશોક વાળાને ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે અને તેમની જ્યાએ ડૉ. કેરવી દેસાઈને તબીબી અધિક્ષકનો વધારાનો હવાલો સોંપાયો છે. આ સાથેઓર્થોપેડિક વિભાગના વડા (એચઓડી) ડૉ. વિનોદ ગૌતમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મેડિકલ કોલેજના એડિશનલ ડીન તરીકે ફરજ બજાવતા ડૉ. અમિત પરમારને એડિશનલ ડીનના ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. ઓર્થોપેડિક વિભાગમાં ૧૧ માસના કરાર (કોન્ટ્રાક્ટ) પર ફરજ બજાવતા પ્રોફેસર ડૉ. પિનાકીન વોરાની સેવા તાત્કાલિક અસરથી સમાપ્ત કરવામાં આવી છે. પીએમએસએસવાય બિલ્ડીંગમાં નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડૉ. સમીર શાહને ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

સુરત ખાતે વિડીયો કોન્ફરેન્સનાં માધ્યમથી આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં સરકારી મેડિકલ કોલેજ અને સર ટી. હોસ્પિટલ, ભાવનગરની કામગીરી તથા નર્મિાણાધીન પ્રોજેક્ટ્સ અંગે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મેડિકલ કોલેજના ડીન, હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ, પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર યુનિટ અને ઇલેક્ટ્રિકલ વિભાગના અધિકારીઓ વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા.

પ્રેઝન્ટેશન બાદ તેમણે બાંધકામ અને સુવિધાઓ સંદર્ભે મહત્વપૂર્ણ સૂચનાઓ આપતાં જણાવ્યું હતું કે, ચોમાસા કે ભારે વરસાદ દરમિયાન હોસ્પિટલમાં પાણી ભરાવવાની સમસ્યા ન સર્જાય તે માટે બિલ્ડિંગનું પ્લાનિંગ હાલના રોડ લેવલથી પૂરતી ઊંચાઈ પર (માટી પુરાણ કરીને) કરવાનો નર્દિશ આપ્યો હતો. હોસ્પિટલ બાંધકામમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત એસ.એસ. (સ્ટેનલેસ સ્ટીલ) ગ્રીલ તેમજ અન્ય કન્સ્ટ્રક્શન મટીરિયલ વાપરવા માટે કડક તાકીદ કરી હતી. આ ઉપરાંત સર ટી. હોસ્પિટલના જૂના અને જર્જરિત બિલ્ડિંગોની સ્થિતિ ધ્યાને લઈ, નવા બિલ્ડિંગોનું કન્સ્ટ્રક્શન, ફર્નિચર અને અન્ય તમામ સુવિધાઓ નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા સ્પષ્ટ સૂચના આપી હતી.

ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં કાર્યરત ઓર્થોપેડિક સહિતના વિવિધ વિભાગોમાં દર્દીઓને ઓપરેશન કે ઇમ્પ્લાન્ટ્સ માટે લાંબો સમય રાહ ન જોવી પડે અને સમયસર સારવાર મળી રહે તે માટે જરૂરી સાધન-સામગ્રી તેમજ ઇમ્પ્લાન્ટ્સની ઉપલબ્ધતા સુચારુ બનાવવાની સૂચના તબીબી અધિક્ષકને આપવામાં આવી હતી. ■

# ગટર જનરેશન નિવેદન મામલે કંગના સામે જામનગરમાં વિરોધ પ્રદર્શન



(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ જામનગર શહેરમાં બોલિવૂડ અભિનેત્રી અને ભાજપની સાંસદ કંગના રનૌતનાં નિવેદન મામલે રાજકીય માહોલ ગરમાયો છે. જિલ્લા કોંગ્રેસ મહિલા પ્રમુખ કૃપાબા જાડેજાના નેતૃત્વમાં કોંગ્રેસ મહિલા કાર્યકરોએ કંગના સામે વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ પ્રદર્શન દરમિયાન કંગના વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા અને તેમના નિવેદનની નિંદા કરવામાં આવી હતી. જામનગર જિલ્લા કોંગ્રેસ મહિલા પ્રમુખ કૃપાબા જાડેજાના નેતૃત્વમાં મહિલા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું. કાર્યકરોએ કંગનાનાં તાજેતરના નિવેદનને દેશ અને લોકતંત્રની ભાવનાઓને ઠેસ પહોંચાડનાર ગણાવી તેનો કડક વિરોધ કર્યો હતો. પ્રદર્શન દરમિયાન મહિલા કાર્યકરોએ હાથમાં બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યા અને કંગના જાહેરમાં માફી માંગે તેવી માંગણી કરી હતી. કૃપાબા જાડેજાએ જણાવ્યું કે કોઈપણ જાહેર વ્યક્તિએ બેદરકારીભર્યા અને વિવાદાસ્પદ નિવેદનો આપવાથી બચવું જોઈએ. કોંગ્રેસ મહિલા મોરચાએ ચેતવણી આપી કે જો આવા નિવેદનો ચાલુ રહેશે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# સનસનાટી રાજકોટમાં ૨૦ સેકન્ડમાં ૧૯ લાખની લૂંટ

રાજકોટ : શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઊભા કરતી વધુ એક સનસનાટીભરી લૂંટની ઘટના સામે આવી છે.શહેરના સામા કાંઠા વિસ્તારમાં આવેલી પટેલ વાડી પાસે સ્થિત પ્રાઇમ આંગડિયા પેઢી ને તસ્કરોએ નિશાન બનાવી બંદૂકની અણીએ ૧૯ લાખની સરાજાહેર લૂંટ ચલાવી ફરાર થઈ ગયા છે.મળતી માહિતી મુજબ, લૂંટારૂઓએ ખૂબ જ શાતિર રીતે આ ગુનાને અંજામ આપ્યો હતો.સૌપ્રથમ એક શખ્સ આંગડિયાના કામકાજના બહાને પેઢીની અંદર પ્રવેશ્યો હતો.ત્યારબાદ તેનો અન્ય એક સાગરીત પણ અંદર ઘૂસી ગયો હતો. પેઢીના સ્ટાફને બંદૂક બતાવી, ડરાવી-ધમકાવીને લૂંટારૂઓ ૧૯ લાખથી ભરેલો થેલો લઈને ક્ષણવારમાં રફુચક્કર




થઈ ગયા હતા.આ સમગ્ર લૂંટની ઘટના આંગડિયા પેઢીના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.હાલમાં પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કરી,અલગ-અલગ ટીમ બનાવીને ગુનેગારોને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ■

# નખત્રાણામાં નશા માટે ઈથેનોલયુક્ત હેન્ડ સેનિટાઈઝરનો દુરુપયોગઃ પોલીસે ત્રણ દુકાન પર દરોડા પાડી જથ્થો ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણને લઈને હાલ દેશભરમાં ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે કચ્છના નખત્રાણામાં નશાખોરો દ્વારા નશો કરવા માટે ઈથેનોલયુક્ત હેન્ડ સેનિટાઈઝરનો દુરુપયોગ કરવામાં આવતો હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. તાલુકા મથકે ચાની હોટેલો અને કોલ્ડ્રિંક્સની દુકાનો પરથી ૬૦ ટકા પડીનેચર્ડ ઈથેનોલથ ધરાવતી હેન્ડ સેનિટાઈઝરની બોટલોનું નશાના સાધન તરીકે વેચાણ થતું હોવાની બાતમીના આધારે પોલીસે આ કાર્યવાહી કરી છે.

ચોક્કસ બાતમીને આધારે નખત્રાણા પોલીસે શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા ત્રણ વેપારી મથકો પર એકસાથે દરોડા પાડ્યા હતા. જેમાં વિશ્વકર્મા માર્કેટસ્થિત બાપા સીતારામ કોમ્પ્લેક્સમાં આવેલી પશિવ ઓમ શક્તિ ટી સ્ટોલથ, મંગવાણા ચોકડી પાસેની પમન્નત કોલ્ડ્રિંક્સથ અને ઓસીપી માર્કેટમાં આવેલી પશિવશક્તિ ટી સ્ટોલથ પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન પોલીસે ૧૦૦ એમ.એલ.ની ૪૦ બોટલ તથા ૪૦૦ એમ.એલ.ની ૧૧૪ બોટલ મળીને કુલ રૂ.૨૫,૩૫૦ની કિંમતનો સેનિટાઈઝરનો જથ્થો જપ્ત કર્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યા મુજબ, ૧૦૦ એમ.એલ.ની બોટલો પર ૫ ૫ અને ૫ ૬૦%થ લખેલું લેબલ હતું. જ્યારે ૪૦૦ એમ.એલ.ની ૧૧૪ બોટલો પર કોઈ લેબલ નહોતું, પરંતુ તેમાંથી તીવ્ર આલ્કોહોલિક વાસ આવતી હતી. ઝડપાયેલા દુકાનદારોની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, નશાની લત ધરાવતા લોકો રૂ ૧૫૦ થી રૂ.૧૭૫ની કિંમતે આ બોટલો ખરીદતા હતા.

આ ગેરકાયદે જથ્થો ગઢશીશાના વિમલસિંહ જાડેજા નામનો શખ્સ સપ્લાય કરતો હોવાનું ખુલવા પામ્યું છે.

આ મામલે પોલીસે સ્થાનિક દુકાનદારો જયેશપુરી ગુંસાઈ, મોહમ્મદ જાવેદ અબ્દુલગની ભટ્ટી અને નિકુલ કરસનગીરી ગોસ્વામી સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ત્રણ અલગ-અલગ ગુના દાખલ કર્યા છે. ત્રણેય ગુનામાં મુખ્ય સપ્લાયર તરીકે ગઢશીશાના વિમલસિંહ જાડેજાનું નામ દર્શાવવામાં આવ્યું છે. હાલ સમગ્ર મામલે પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ.પટેલે વધુ તપાસ હાથ ધરી છે. ■

# ગિરનાર સીડી પર બાળકના મોતની ઘટના બની હતી તે જગ્યા નજીક ફરી દેખાયા સિંહો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા દિવસ પહેલા ગિરનાર પર્વત પર સિંહે એક બાળક પર જીવલેણ હુમલો કર્યો હતો, જેની સમગ્ર રાજ્યમાં ચર્ચા જાગી હતી. ત્યારબાદ ગિરનાર પર આવતા જતાં પ્રવાસીઓની સુરક્ષા માટેના નિયમો બદલાયા હતા. જો કે જે જગ્યાએ સિંહે બાળક પર હુમલો કર્યો હતો તે જગ્યા પર સિંહો જોવા મળ્યા હતા. ગિરનારની સીડીઓ પર સિંહો લટાર મારતા દેખાતા વન વિભાગે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દીધી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા ગિરનારની સીડી પર ખેડા જિલ્લામાંથી ગિરનાર ચઢવા આવેલા એક પરિવારના ૧૧ વર્ષનાં બાળકને ત્રણ સિંહોના ટોળાએ સીડી પરથી ખેંચી જઈને ફાડી ખાધો હતો. આ કાળજું કંપાવતા બનાવથી પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ ઘટના બાદ વન અને પર્યાવરણ પ્રધાન દ્વારા ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં યાત્રાળુઓની સુરક્ષા અને સિંહોના સંરક્ષણ માટે મહત્વપૂર્ણ નર્ણિયો લેવામાં આવ્યા હતા. સરકારે સખી દાતાર પર્વતની સીડી વિસ્તારમાં નવા ૨૫ ટ્રેકરો તૈનાત કરવાનો નર્ણિય લીધો હતો. તે ઉપરાંત સંવેદનશીલ વિસ્તારોમાં ચેકપોસ્ટ ઉભી કરવાની તેમજ જરૂર જણાય ત્યાં ટ્રેકરોની સંખ્યામાં વધુ વધારો પણ કરવાની જાહેરાત કરી હતી. ■

# ઘરફોડી કરતા ડિજિટલ ચોરી વધી

# ભાવનગર કલેક્ટરનું નકલી ફેસબુક આઈડી બનાવી પાણિયાળીના સરપંચ સાથે છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના અલંગ પોલીસ નીચે આવતા પાણિયાળી ગામના સરપંચ સાથે મોબાઈલના માધ્યમથી છેતરપિંડી થયાનું ડી.વાય.એસ.પી નકુમની અધ્યક્ષતામાં યોજાયેલા તળાજા ડિવિઝન પોલીસ મથક નીચે આવતા તમામ પોલીસ મથકો દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ સમયે બહાર આવ્યુ હતું. આ કાર્યક્રમ સમયે એવું પણ બહાર આવ્યુ કે ઘરફોડ ચોરીઓ કરતા ચોર ઈસમો કરતાંય ડીજિટલ માધ્યમથી ચોરીઓ કરતા ચોરોની સંખ્યા વધુ છે. જોકે રાજ્ય સરકાર દ્વારા ડિજિટલ ફ્રોડ મામલે જાહેર કરેલ ૧૯૩૦ ઉપર ફોન કરી સહાય અને ફરિયાદ કરવાથી ગયેલા નાણા પરત મળી રહ્યા છે. આ કાર્યક્રમ અંતર્ગત પોતાનો અનુભવ વ્યક્ત કરતા પાણિયાળી ગામના સરપંચ લખધીરસિંહ ગોહિલે જણાવ્યું હતુ કે ગામનો જમીનનો પ્રશ્ન હોય અમે કલેક્ટરને મળ્યા હતા. બાદ બે જ દિવસ રહીને ફેસબૂક પર હેલ્લો નો મેસેજ આવ્યો. એ આઇ.ડી કલેક્ટર ડો.બંસલના નામે હતું. બાદ પોતાના ગાંધીનગર રહેતા સીઆરપીએફમા ફરજ બજાવતા મિત્રની બદલી થઈ હોય તેનો સામાન વેચવા માટે મદદ કરવા જણાવેલ. તે બહાને રૂ.૨૪,૦૦૦ ની છેતરપીંડી ગત.તા.૮.૪.૨૬ ના રોજ થયા બાદ અલંગ પોલીસ અને બાદ રાજ્યની પોલીસને ફોન કરતા એ રૂપિયા પરત મળ્યા હોવાનું જણાવ્યું હતુ.

ડિવિઝન નીચે આવતા તળાજા, દાઠા,અલંગ અને અલંગ મરીન પોલીસ થાણાના તમામ અધિકારીઓની હાજરીમા તળાજાની પટેલ બોર્ડિંગમા યોજાયેલા કાર્યક્રમમા પોલીસે ગુમ થયેલા મોબાઈલ, રોકડ,સોના ચાંદી ના ઘરેણા,કેબલ વાયરો, ધાતુઓની થયેલ ચોરીઓ ના ભેદ ઉકેલી ને ચોરો પાસેથી રિકવર કરેલ વસ્તુ અને રોકડ રકમ ત્રીસેકથી વધુ વ્યક્તિઓને પરત કરી હતી. કુલ ૪૦ લાખની કિંમતની વસ્તુઓ પરત કરી હતી.જેમાં સૌથીવધુ ડીજિટલ માધ્યમથી બેંકોમાં થી રૂપિયા ઉપડી ગયાનું સામે આવ્યુ હતું. ■

# ભાવનગરમાં કોરોનાની ફરી એન્ટ્રીઃ પાલિતાણા પ્રવાસે આવેલી મહિલાનો રિપોર્ટ પોઝિટિવ

ભાવનગરઃ ભાવનગર જિલ્લામાં કોરોનાનો નવો કેસ સામે આવતાં આરોગ્ય તંત્ર દોડતું થયું છે. મોરબી જિલ્લામાંથી ભાવનગરના પાલીતાણા ખાતે પ્રવાસે આવેલી એક ૪૩ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મળતી માહિતી મુજબ, પાલીતાણા પ્રવાસ દરમિયાન મહિલાની તબિયત લથડતાં તેમને તાત્કાલિક ધોરણે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ મહિલા ૨૮ જુલાઈના રોજ હોસ્પિટલમાં દાખલ થયા હતા, ત્યારબાદ ૨૯ જુલાઈના રોજ આવેલો તેમનો કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. રિપોર્ટ પોઝિટિવ આવતાની સાથે જ ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. આ ઘટના સંદર્ભે ભાવનગરના આરોગ્ય વિભાગ દ્વારા મોરબી પ્રશાસનને પણ જાણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, મહિલાની ટ્રાવેલ હિસ્ટ્રી ચકાસવા તેમજ તેમના સંપર્કમાં આવેલા લોકોની પૂછપરછ અને ટ્રેસિંગ માટે આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવી જરૂરી બની છે. ■

# દલિત સમાજ વિશે અપશબ્દો બોલનાર વૃદ્ધને લાખાપરમાં ઢોરમાર મારી, કપડાં ફાડી જૂતાંનો હાર પહેરાવી સરઘસ કાઢ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ પૂર્વ કચ્છના અંજાર તાલુકાના લાખાપર ગામે દલિત સમાજ વિશે કથિત રીતે અપશબ્દો બોલનારા એક ૬૨ વર્ષીય વૃદ્ધને ઢોરમાર મારી, કપડાં ફાડી, ગળામાં જૂતાંનો હાર પહેરાવી ગામમાં સરઘસ કાઢવામાં આવ્યું હોવાની ચકચારભરી ઘટના સામે આવી છે. સમગ્ર મામલાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ અંજાર પોલીસે પીડિતની ફરિયાદના આધારે ૨૧ લોકોના ટોળા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગતો મુજબ, ચાંદ્રાણી (કોટડા) ગામે રહેતા અને દુધઈની ગરમ મસાલા કંપનીમાં નોકરી કરતા ૬૨ વર્ષીય દેવજીભાઈ નારણભાઈ બાલાસરા ગત ૨૩ જુલાઈના રોજ લાખાપર ગામે જીરું ખરીદવા ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે વાહનમાં ડ્રાઈવર સાથે વાતચીતમાં દેવજીભાઈએ સ્થાનિક યુવક કપિલ બાબુ વાઘેલાની જાતિને લઈને અનુસૂચિત જાતિ વિશે અપશબ્દો ઉચ્ચાર્યા હતા. અજાણતાં જ ચાલુ રહી ગયેલા કોલના કારણે આ વાતચીત સાંભળી ગયેલા કપિલ વાઘેલાએ તેનો ઓડિયો રેકોર્ડ કરી લીધો હતો અને એટ્રોસિટીની ફરિયાદ કરવાની ચીમકી આપી હતી.

ત્યારબાદ સમાધાનના બહાને દેવજીભાઈને લાખાપર ગામે બોલાવવામાં આવ્યા હતા. સાંજના સમયે દેવજીભાઈ લાખાપર પહોંચતાં કપિલ વાઘેલા તથા અન્ય ૨૦ જેટલા લોકોના ટોળાએ તેમને ઘેરી લીધા હતા. રોષે ભરાયેલા ટોળાએ ગાળાગાળી કરી, ઢોરમાર મારી તેમના કપડાં ફાડી નાખ્યા હતા. એટલું જ નહીં, દેવજીભાઈના ગળામાં બૂટ-ચપ્પલનો હાર પહેરાવીને કપિલના ઘરથી મંદિર સુધી તેમનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ ઘટનાથી ડરી ગયેલા દેવજીભાઈના ડ્રાઈવરે સ્થળ પરથી ગાડી લઈને ભાગી જવું પડ્યું હતું. ઘટના બાદ ઈજાગ્રસ્ત વૃદ્ધે ભુજની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી હતી. શરૂઆતમાં ડરના માર્યા ફરિયાદ ન નોંધાવનાર વૃદ્ધે હિંમત કરીને અંજાર પોલીસ મથકે કપિલ વાઘેલા અને ૨૦ અજાણ્યા લોકો સામે ગેરકાયદે મંડળી રચી, કાવતરું ઘડી માર મારી ધમકી આપવા બદલ ગુનો નોંધાવ્યો છે. ■

# ભુજમાં ખેડૂત ખાતેદારનો દાખલો કાઢવા ૩૫ હજારની લાંચ લેતો રેવન્યૂ તલાટી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છના ભુજમાં લાંચિયા અધિકારીઓ સામે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો હતો. ગુરુવારે એસીબીની ટીમે ભુજ મામલતદાર કચેરીના રેવન્યુ તલાટી ચંદુભાઈ ગેલાભાઈ હરણને પ્રાંત અને મામલતદાર કચેરી ખાતેથી જ રૂપિયા ૩૫,૦૦૦ ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ કેસની મળતી વિગતો અનુસાર, આ કામના ફરિયાદીએ ભુજ ખાતે આવેલી તેમની વડીલોપાર્જિત જમીન ગત ૨૭ માર્ચ ૨૦૨૬ ના રોજ રજિસ્ટર દસ્તાવેજથી વેચી દીધી હતી. આ જમીન વેચ્યા બાદ ફરિયાદી પાસે અન્ય કોઈ ખેતીની જમીન બચી ન હોવાથી, તેમનો પખેડૂત ખાતેદારથ તરીકેનો દરજ્જો ચાલુ રાખવા માટે એક દાખલાની જરૂર હતી. આ દાખલો કાઢી આપવા માટે રેવન્યુ તલાટી ચંદુભાઈ હરણે શરૂઆતમાં રૂપિયા ૪૦,૦૦૦ ની ગેરકાયદેસર લાંચની માંગણી કરી હતી. જોકે, રકઝકના અંતે રૂપિયા ૩૫,૦૦૦ માં સોદો નક્કી થયો હતો અને આજ રોજ આ રકમ આપવાનો વાયદો કરવામાં આવ્યો હતો. ફરિયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદીની અરજીના આધારે એસીબીની ટીમે મામલતદાર કચેરીમાં જ લાંચના છટકાનું આયોજન કર્યું હતું. આ ટ્રેપ દરમિયાન આરોપી ચંદુભાઈ હરણે ફરિયાદી સાથે વાતચીત કરી નક્કી થયેલી લાંચની રકમ રૂ. ૩૫,૦૦૦ સ્વીકારી હતી. રકમ સ્વીકારતા જ એસીબીની ટીમે ત્રાટકીને આરોપીને રંગેહાથ ઝડપી લીધો હતો અને લાંચની પૂરેપૂરી રકમ રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# જામનગરમાં હત્યાના કેસમાં નવો ખુલાસોઃ મૃતકને સાઈનાઈડ આપી મારી નખાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ જામનગરમાં ભારે ચકચાર જગાવનાર જિજ્ઞેશ માવદિયાની હત્યા મામલે નવા ખુલાસા થઈ રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર હત્યા ખૂબ જ પ્લાનિંગ સાથે કરવામાં આવી હતી અને એકાદ મહિનાથી તેની તૈયારીઓ થઈ રહી હતી. મળતી માહિતી અનુસાર મૃતકને દારૂમાં સાઈનાઈડ મેળવી પિવડાવવામાં આવ્યો હતો. ત્યારબાદ કારખાનામાં ૧૨થી ૧૫ ફૂટ ઊંડો ખાડો ખોદી, તેમાં દાટી દેવામાં આવ્યો હતો અને તેના પર સિમેન્ટનો એક થર પાથરી દેવામાં આવ્યો હતો. અજય દેવગનની દૃશ્યમ ફિલ્મને ટક્કર મારે તેવો પ્લોટ ઘડવામાં આવ્યો હતો. આ કેસમાં મૃતકની પત્ની સહિત ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર મુખ્ય આરોપી નીલેશ કછેટિયાએ ખાસ તેને દાટવા માટે કારખાનું ભાડે રાખ્યું હતું અને જ્યારે અન્ય આરોપી દેવીરામ વર્માએ સાઈનાઈડની સગવડ કરી હતી. ઘટનાની રાત્રે દારૂ પીવાના બહાને તેને બોલાવી તેની દારૂમાં સાઈનાઈડ ભેળવી દેવામાં આવ્યું હતું. દારૂ પીતાની સાથે જ જિજ્ઞેશનું મોત થયું હતું. ત્યારબાદ તેના મૃતદેહને ખાડામાં ફેંકી દાટી દેવામાં આવ્યો હતો અને ઉપરથી સિમેન્ટનો થર પાથરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ એકાદ મહિનામાં આરોપીઓએ કારખાનું ચલાવવું નથી તેમ કહી ભાડાની જગ્યા ખાલી કરી નાખી હતી. જ્યાં અન્ય એક વેપારીએ પછીથી પોતાનું કામ પણ શરૂ કરી દીધું હતું. જિજ્ઞેશ મામલે આરોપીઓને કડક પૂછપરછ કરતા સમગ્ર હકીકત બહાર આવી હતી. ત્યારબાદ કારખાનામાં ખોદકામ કરી મૃતકનું હાડપિંજર બહાર કાઢવામાં આવ્યું હોવાનું પોલીસસૂત્રોએ જણાવ્યું હતું. મૃતકની પત્ની પૃથ્વી ઉર્ફે ભૂમિ, નિલેશ કછેટિયા અને બલવીર વર્માની ધરપકડ કરી લીધી છે. આરોપીઓને અદાલતમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# યોગ્ય માર્કેટિંગના અભાવે ભુજ હાટની ચમક ફિક્કીઃ સ્ટોલધારકો ભારે આર્થિક સંકટમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ ભાતીગળ પ્રદેશ કચ્છની વિશ્વવિખ્યાત હસ્તકળાને એક જ મંચ પર પ્રદર્શિત કરી સ્થાનિક કારીગરોને રોજગારી પૂરી પાડવા અને પ્રવાસીઓને કચ્છની સમૃદ્ધ સંસ્કૃતિથી અવગત કરાવવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે મુંદરા રોડ પર શરૂ કરવામાં આવેલો પભુજ હાટથ પ્રોજેક્ટ યોગ્ય માર્કેટિંગ અને પ્રચાર-પ્રસારના અભાવે હાલ વિસરાઈ રહ્યો છે. યોગ્ય કૂટનીતિક યોજનાના અભાવને કારણે આ સ્થળ પ્રવાસીઓને આકર્ષવામાં નિષ્ફળ નીવડ્યું છે. પરિણામે, અહીં મુલાકાતીઓની સંખ્યા નહિવત જોવા મળી રહી છે, જેનાથી ભુજ હાટમાં સ્ટોલ ધરાવતા હસ્તકલા કારીગરોનું જીવન નર્વિાહ ચલાવવું મુશ્કેલ બન્યું છે. ભુજ હાટના સ્ટોલ ધારક રેશ્મા કુરેશીએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, આ સ્થળને આકર્ષક પ્રવાસન ધામ તરીકે વિકસાવવા માટે તાત્કાલિક ધોરણે યોગ્ય માર્કેટિંગ વ્યૂહરચનાની જરૂર છે. પત્રિકાઓ (પેમ્પલેટ્સ) નું વિતરણ, પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયામાં અસરકારક જાહેરાતો તેમજ ઇન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો વ્યાપક ઉપયોગ કરીને જ વધુમાં વધુ પ્રવાસીઓ સુધી આ સ્થળની માહિતી પહોંચાડી શકાય તેમ છે. હાલમાં સામાન્ય જનતા અને પ્રવાસીઓ ભુજ હાટના અસ્તિત્વથી જ અજાણ હોવાથી સ્થાનિક વેપાર પર તેની સીધી વિપરીત અસર પડી રહી છે. સ્થાનિક કારીગરોના જણાવ્યા મુજબ, તાજેતરમાં અહીં પમોન્સૂન મેળાથનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ યોગ્ય પ્રચારના અભાવે તેમાં પણ મુલાકાતીઓની હાજરી અત્યંત ઓછી રહી હતી. જો સમયસર સઘન પ્રોત્સાહક પગલાં લેવામાં નહીં આવે, તો કચ્છની આ અનોખી હસ્તકલા અને તેને જીવંત રાખનારા કારીગરોને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવશે. સરકાર અને પ્રશાસન સમક્ષ માંગ સ્થાનિક સ્ટોલ ધારકો અને કારીગરોએ પ્રશાસન અને પ્રવાસન વિભાગ સમક્ષ તાત્કાલિક ધોરણે નક્કર માર્કેટિંગ રણનીતિ બનાવીને પભુજ હાટથને રાજ્યના મુખ્ય પ્રવાસન નકશા પર અગ્રતાક્રમે લાવવા માટે આગ્રહભરી અપીલ કરી છે. ■

# તપાસ એજન્સીના અધિકારીના સ્વાંગમાં સાયબર ઠગે ૮૬ લાખ રૂપિયા પડાવ્યા

થાણેઃ આતંકવાદી પ્રવૃત્તિમાં બૅન્ક ખાતાનો ઉપયોગ થયો હોવાનું કહીને સરકારી તપાસ એજન્સીના અધિકારીઓના સ્વાંગમાં સાયબર ઠગે બદલાપુરના રહેવાસી પાસેથી ૮૬.૪૯ લાખ રૂપિયા પડાવ્યા હતા.

બદલાપુર પૂર્વ પોલીસના જણાવ્યા મુજબ કથિત ઠગાઈ ૧૮ અને ૧૯ જુલાઈએ થઈ હતી. અજાણ્યા સાયબર ઠગે વીડિયો અને વૉઈસ કૉલ્સથી ૫૮ વર્ષના ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો. આરોપીઓએ પોતાની ઓળખ ડેટા પ્રોટેક્શન બોર્ડ ઑફ ઈન્ડિયા અને નૅશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના અધિકારીઓ તરીકે આપી હતી.

આરોપીઓએ દાવો કર્યો હતો કે ફરિયાદીની ઓળખનો ઉપયોગ કરીને નાશિકમાં એક બૅન્ક ખાતું ખોલવામાં આવ્યું છે, જેનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિ માટે ફન્ડિંગ માટે કરાયો છે. આ માટે ફરિયાદીને કમિશન મળ્યું હોવાનો આક્ષેપ કરી આરોપીએ ધરપકડનો ડર બતાવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# થાણે કોર્ટે યુવકની હત્યાના કેસમાં ચાર જણને નિર્દોષ જાહેર કર્યા

થાણેઃ ચોરીની શંકા પરથી ૩૦ વર્ષના યુવકને વીજળીના થાંભલા સાથે બાંધ્યા બાદ બેરહેમીથી ફટકારીને તેને મારી નાખવાના આરોપનો સામનો કરી રહેલા ચાર જણને થાણેની કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા.

સેશન્સ કોર્ટના જજ આર.ડી. સાવંતે ૨૭ જુલાઇના પોતાના આદેશમાં પુરાવાનો અભાવ, ટેસ્ટ આઇડેન્ટિફિકેશન અને સાક્ષીદારોએ ફેરવી તોળ્યું હોવાનું નોંધ્યું હતું.

ભાયંદર પૂર્વના નવઘરમાં ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ બનેલી આ ઘટના બાદ ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં રાજેશ સુરેશ નિશાદ, હરિમોહન સુંદર નિશાદ, વિષ્ણુ ચંદ્રભાન યાદવ અને નરસિંહ પારસ યાદવનો સમાવેશ હતો.

રમેશ શિવરાજ પાટીલ નામના યુવકને નાયલોનની રસ્સીથી વીજળીના થાંભલા સાથે બાંધ્યા બાદ લાઠીથી તેને બેરહેમીથી તેને ફટકારવાનો આરોપ છે. રમેશ પાટીલના મગજમાં ઇજા થઇ હતી અને તેને કારણે તેનું મૃત્યુ થયું હતું. ■

# ફડણવીસે માતા-પિતા અને વિદ્યાર્થીઓનો સહકાર માગ્યો




## મુંબઈ ડ્રગ્સ મુક્ત

**ડ્રગ્સ-ફ્રી મુંબઈ માટેઃ** મુંબઈ નાર્કોટિક્સ વિરોધી દિવસ નિમિત્તે, રેલવે પોલીસ કમિશનરેટ દ્વારા ગુરુવારના રોજ સીએસએમટી રેલવે સ્ટેશન પર રેલવે મુસાફરો માટે જાગૃતિ અભિયાન અને નાર્કોટિક્સ વિરોધી શપથ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે આગામી બેથી ચાર વર્ષમાં ડ્રગ્સ મુક્ત મુંબઈના લક્ષ્યને પ્રાપ્ત કરવા સાથે મળીને કામ કરવા માટે કાયદા અમલીકરણ એજન્સીઓ, વિદ્યાર્થીઓ અને માતાપિતા સહિત સંકળાયેલા સર્વેના સક્રિય સહકારની માગણી કરી હતી. વરલી સ્થિત એનએસસીઆઈ ડોમમાં 'ડ્રગ ફ્રી મુંબઈ' પ્રતિજ્ઞા કાર્યક્રમમાં ગૃહ વિભાગ ધરાવતા ફડણવીસે જણાવ્યું હતું કે ભારતના દુશ્મનો જાણે છે કે તેઓ તેને સીધી લડાઈમાં હરાવી શકશે નહીં, તેથી તેઓ દેશને નબળા પાડવા માટે અન્ય નાપાક માર્ગોનો ઉપયોગ કરી રહ્યા છે. યુવાપેઢીને નશીલા દ્રવ્યોના વ્યસની બનાવીને દેશને અંદરથી ખોખલો બનાવવા માટે એક નવી યુક્તિ અમલમાં મૂકવામાં આવી રહી છે જેથી ભારતને નબળું પાડી શકાય.

આ પ્રસંગે ફડણવીસે યુવાનોને ડ્રગ્સથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવી કહ્યું કે દેશની અંદરના કેટલાક લોકો ડ્રગ્સના વેપારમાં સામેલ થઈને પૈસા કમાવવા માટે હાથ મિલાવ્યા છે અને તેને આભાસી યુદ્ધ ગણાવ્યું હતું. મુખ્યમંત્રીએ આગ્રહ કર્યો હતો કે ડ્રગ્સના દૂષણ અને જોખમ સામે જાહેરમાં લલકાર કરવો જરૂરી છે.

પોલીસ, આરોગ્ય, શિક્ષણ અધિકારીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ પણ આ જોખમ સામે લડવા માટે સાથે મળીને કામ કરવું પડશે. પોલીસ ચોક્કસપણે માદક દ્રવ્યોનો પુરવઠો રોકવા માટે કામ કરશે, પરંતુ જો યુવાનો અને વિદ્યાર્થીઓ મક્કમ રહી ડ્રગ્સથી દૂર રહેશે તો કોઈ પણ ડ્રગ્સ વેચવાની હિંમત કરી શકશે નહીં, જે લોકો શાળાઓ, કૉલેજોની બહાર ડ્રગ્સ વેચે છે તેમની ધરપકડ કરવામાં આવશે, તેમના સંબંધોની તપાસ કરવામાં આવશે અને તેમના બોસને શોધી તેમને કાયદાના કઠેડામાં લાવવામાં આવશે. (પીટીઆઈ)■

# શિંદે-જૂથના ધારાસભ્યને સુપ્રીમ કોર્ટનો મોટો ફટકો

મુંબઈઃ સુપ્રીમ કોર્ટમાં શિવસેના પક્ષ અને ચૂંટણી ચિહ્ન અંગે ઠાકરે વિરુદ્ધ શિંદે કેસની સુનાવણી ગુરુવારે થઈ. બીજી તરફ, સુપ્રીમ કોર્ટના કારણે શિંદે જૂથની મુશ્કેલીઓ વધી ગઈ છે. સુપ્રીમ કોર્ટે શિંદે જૂથના એક ધારાસભ્યને જોરદાર ઝટકો આપ્યો છે, જેના લીધે હવે તેમનું ધારાસભ્ય પદ જોખમમાં આવી ગયું છે.

શિંદે જૂથના સંગમનેર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય અમોલ ખતાળની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. બોમ્બે હાઈ કોર્ટની ઔરંગાબાદ બેંચના નિર્ણય વિરુદ્ધ ધારાસભ્ય ખતાળે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી સ્પેશિયલ લીવ પિટિશન સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. આ નિર્ણયના કારણે અમોલ ખતાળનું ધારાસભ્ય પદ ગુમાવવાની પ્રબળ શક્યતા ઊભી થઈ છે.

વિધાનસભા ચૂંટણી વખતે ચૂંટણી એફિડેવિટમાં ખોટી અને અધૂરી માહિતી આપવાનો ગંભીર આક્ષેપ કરીને કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાળાસાહેબ થોરાતે ધારાસભ્ય અમોલ ખતાળ વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ અરજીને શરૂઆતમાં જ ફગાવી દેવામાં આવે, તેવી વિનંતી ધારાસભ્ય ખતાળે બોમ્બે હાઈ કોર્ટની સંભાજીનગર બેંચને કરી હતી. જો કે, હાઈ કોર્ટે ખતાળની આ માંગણી નકારી, તેમની વિરુદ્ધ યોગ્ય રીતે કેસ ચલાવવાનો સ્પષ્ટ આદેશ આપ્યો હતો.

હાઈ કોર્ટના આ આદેશ પછી ધારાસભ્ય અમોલ ખતાળે તરત જ સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા અને સ્પેશિયલ લીવ પિટિશન દાખલ કરી હતી. જો કે, સુપ્રીમ કોર્ટે પણ ખતાળની અરજી ફગાવી દીધી. આથી હવે આ કાનૂની લડાઈમાં શું ખતાળનું ધારાસભ્ય પદ રદ થશે? તેના પર હવે આખા રાજ્યની નજર ટકેલી છે. ■

# સી-લિંકને મળશે નવો કનેક્ટર રોડ

મુંબઈઃ મુંબઈમાં વધતા ટ્રાફિકને ઓછો કરવા અને લોકોનો સમય બચાવવા માટે સરકારે એક મોટો નિર્ણય લીધો છે. હવે વર્સોવા-બાંદ્રા સી-લિંકને સીધો બાંદ્રા ફોર્ટ સાથે જોડનારા એક નવા રસ્તાને મંજૂરી આપવામાં આવી છે.

આ ૩.૫૫ કિલોમીટર લાંબો નવો રસ્તો મહારાષ્ટ્ર રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે ૧૭૨૨ કરોડ ૪૦ લાખ રૂપિયાનો ખર્ચ થશે, જેને જાહેર બાંધકામ વિભાગે મંજૂરી આપી દીધી છે. બાંદ્રા વેસ્ટમાં પાલી હિલ તરફ જતા મોટાભાગના રસ્તાઓ અત્યારે ફક્ત બે જ લેનના છે. આ કારણે સવાર-સાંજે બાંદ્રા-વરલી સી-લિંક પરથી મુસાફરી કરતી વખતે લોકોને દરરોજ ભારે ટ્રાફિકનો સામનો કરવો પડે છે. આ સિવાય, બાંદ્રા વેસ્ટ વિસ્તારમાં રિડેવલપમેન્ટનું કામ પણ ચાલી રહ્યું હોવાથી, આવનારા દિવસોમાં અહીં વાહનો અને રહેવાસીઓની સંખ્યા હજુ વધશે. આ બધી સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા અને લોકો સરળતાથી વર્સોવા સુધી પહોંચી શકે તે માટે બાંદ્રા કિલ્લા પાસે નવો કનેક્ટર રોડ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ■

# હાઈ કોર્ટે સમીર વાનખેડેને વચગાળાની રાહત આપી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે વચગાળાની રાહત આપતા, બે કેસોમાં કથિત અનિયમિતતાઓને લઈને પોતાની સામે શરૂ કરાયેલી તપાસના સંદર્ભમાં પૂછપરછ સામે એનસીબીના ભૂતપૂર્વ ઝોનલ ડાયરેક્ટર સમીર વાનખેડેને રાહત આપી છે,જે તેમની અરજીની અંતિમ સુનાવણી સુધી અમલમાં રહેશે. ૨૦૦૮ની બેચના ભારતીય મહેસૂલ સેવા (આઈઆરએસ) અધિકારી વાનખેડેએ ૨૦૨૪માં હાઈ કોર્ટમાં એક અરજી દાખલ કરી હતી, જેમાં તેમણે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) દ્વારા બે ડ્રગ કેસ જેમાં અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ સાથે સંકળાયેલા કેસ અને ક્રૂઝ શિપ પર કથિત ડ્રગ્સ જપ્તીના કેસમાં શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાનના કેસનો સમાવેશ થાય છે, અનિયમિતતા અંગેની તપાસના સંદર્ભમાં તેમને જારી કરાયેલી નોટિસોને પડકારી હતી. જ્યારે એનસીબીએ દાવો કર્યો હતો કે આ તપાસ બે અનામી ફરિયાદોના આધારે શરૂ કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

# રાજભવનનું બોગસ લેટરહેડ વાપરીને વીઆઈપી ક્વોટામાંથી ટ્રેનોની કન્ફર્મ ટિકિટ મેળવવાનું રેકેટ

## મુંબઈ, ગુજરાત અને ઉત્તર પ્રદેશથી મુખ્ય સૂત્રધાર સહિત છની ધરપકડ

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજભવનનું બોગસ લેટરહેડ વાપરીને વીઆઇપી ક્વોટામાંથી ટ્રેનોની કન્ફર્મ ટિકિટ મેળવવાના રેકેટનો પર્દાફાશ કરીને મલબાર હિલ પોલીસે મુખ્ય સૂત્રધાર સહિત છ આરોપીની મુંબઈ, ગુજરાત અને ઉત્તર પ્રદેશથી ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી ૭૦ ડેબિટ-ક્રેડિટ કાર્ડ, ૪૦૦થી વધુ વ્યક્તિઓના વીઆઇપી રેલવે બૂકિંગ સંદર્ભેની ગુપ્ત માહિતીનો ડેટા તેમ જ અન્ય મતા જપ્ત કરવામાં આવી હતી.

મલબાર હિલ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ અમરીશ ઇશ્વરલાલ ઠક્કર (૪૧), તારીક મેહફૂઝ ખાન (૩૩), દીપકકુમાર કન્હૈયાલાલ યાદવ (૨૭), વિનય વિક્રમસિંહ રાવત (૨૪), સાગર ઇશ્વરલાલ ઠક્કર (૩૨) અને શત્રુંજય રામકુમાર યાદવ ઉર્ફે અનુપ ઉર્ફે મોહન (૩૪) તરીકે થઇ હતી. અમરીશ ઠક્કર મુખ્ય સૂત્રધાર હોઇ તેની વિરુદ્ધ અગાઉ કુર્લા અને મુંબઈ સેન્ટ્રલ રેલવે પોલીસ સ્ટેશનમાં આવા ગુના દાખલ છે.

મધ્ય રેલવેના ચીફ કમર્શિયલ મેનેજરની ઓફિસ તરફથી ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ રાજભવનને બે પત્રો ચકાસણી માટે મોકલાયા બાદ આ છેતરપિંડી પ્રકાશમાં આવી હતી. આ પત્રોમાં ઇમર્જન્સી ક્વોટામાંથી ટ્રેન ટિકિટ માટે વિનંતી હતી અને તે સમયે રાજ્યપાલના પર્સનલ આસિસ્ટન્ટ તરીકે સેવા આપતા અભય સિંહ દેશમુખના હસ્તાક્ષર હતા. ■

# બુદ્ધ વિહારની દાનપેટીમાંથી રૂપિયા ચોર્યાઃ સાધુ સામે ગુનો

થાણેઃ થાણેમાં બુદ્ધ વિહારની દાનપેટીનું તાળું તોડીને ૬૦ હજાર રૂપિયા ચોરવાના આરોપસર સાધુ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. થાણેના કલવા વિસ્તારમાં ૨૭ જુલાઇએ આ ઘટના બની હતી. આરોપીની ઓળખ બિક્કુ શિંદે તરીકે થઇ હોઇ તે નાંદેડનો વતની છે.પોલીસના જણાવ્યા અનુસાર શિંદે ૨૭ જુલાઇએ બપોરના બુદ્ધ વિહારમાં આવ્યો હતો અને તેણે હુંડી (દાનપેટી) તોડીને તેમાંની રોકડ ચોરી હતી. આરોપી ૬૦ હજાર રૂપિયા ચોરીને ફરાર થઇ ગયો હતો. આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી હતી, જ્યારે બુદ્ધ વિહારનું સંચાલન કરતી વ્યક્તિએ જોયું કે દાનપેટી સાથે ચેડાં કરવામાં આવ્યા છે અને તેમાંની રોકડ ગાયબ છે. આ પ્રકરણે કલવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવવી હતી, જેને આધારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫ (ચોરી) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપીને શોધવા અને ચોરાયેલી રકમ મેળવવા તપાસ કરી રહી છે. (પીટીઆઇ) ■

# સાંઈભક્તોને લઈ જતા વાહન સાથે ટ્રક ભટકાતાં બેનાં મોતઃ ૧૭ જખમી

ધારાશિવઃ સાંઈભક્તોથી ભરાયેલા વાહન સાથે પુરપાટ વેગે આવેલી ટ્રક ટકરાતાં મહિલા સહિત બેનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ૧૭ જણ જખમી થયા હોવાની ઘટના ધારાશિવ જિલ્લામાં બની હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના યેડશીમાં અલાની ચોક નજીક નૅશનલ હાઈવે પર બુધવારની રાતે બની હતી. ટ્રક એટલી જોરથી ટકરાઈ હતી કે પિકઅપ વાહનના બે ટુકડા થઈ ગયા હતા. અકસ્માતમાં છબુ દુધભાતે (૪૦) અને બભ્રુવાન સૂર્યવંશી (૬૫) ગંભીર રીતે ઘવાયાં હતાં. તેમને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયાં હતાં, જ્યાં સારવાર દરમિયાન તેમનાં મૃત્યુ થયાં હતાં. બન્ને ઉમરગા તહેસીલના બોરી ગામના રહેવાસી હતાં. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૧૭ જણને સારવાર માટે ધારાશિવની સરકારી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# સરકારી નોકરીને નામે ૭૦ લાખ રૂપિયા પડાવનારી ટોળકીના ત્રણ સભ્ય પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રેવેન્યૂ અથવા વન વિભાગમાં નોકરીની લાલચે ભિવંડીના યુવક પાસેથી ૭૦ લાખ રૂપિયા પડાવનારી ટોળકીના ત્રણ સભ્યની થાણે પોલીસે ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી મંત્રાલયના વિવિધ વિભાગના વરિષ્ઠ અધિકારીઓના નામ-સિક્કાવાળા બનાવટી લેટરહેડ અને સ્ટેમ્પ જપ્ત કરવામાં આવ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચના ભિવંડી યુનિટના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીઓની ઓળખ શામ વિઠોબા ખતકર (૫૫), જુગલ કુમાર લોડાયા ઉર્ફે લોધિયા (૩૯) અને રવીન્દ્ર દયાનિધિ શંખુઆ (૫૨) તરીકે થઈ હતી. આરોપીઓ વિરુદ્ધ મુંબઈ, થાણે, મીરા-ભાયંદર અને હિંગોલીનાં પોલીસ સ્ટેશનોમાં આવી જ રીતે છેતરપિંડીથી નાણાં પડાવવાના ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# હિન્દુ મરણ

પ્રતીક રમેશભાઈ પટેલ (ઉં. વ. ૪૨) મંગળવાર, તા. ૨૮-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમનું બેસણું શનિવાર, તા. ૧-૮-૨૬ના રોજ સાંજે ૫થી ૭. ઠે. શ્રી સૌરાષ્ટ પટેલ સમાજ, હનુમાન ટેકરી રોડ, અશોકવન, દહિસર પૂર્વ.

**કોળી પટેલ**

ગામ અમલસાડ શાંતિલાલ જીવણજી પટેલ (ઉં. વ. ૭૭) તે જયશ્રીબેનના પતિ. સ્વ. મેહુલના પપ્પા. શૈલેશ અને પીંકીના ભાઇ. ઉમેશ, અશોકના કાકા. ઉત્તમ અને સ્વ. કિશોરના બનેવી. ભીખુ અને સતિશના સાઢુભાઇ તા. ૨૩-૭-૨૬ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩-૮-૨૬ સોમવારના બપોરે ૩થી ૪, અને પુષ્પાજંલી બપોરે ૪થી ૫. ઠે. ૩૮૬/૪૫૩૦, ગ્રૂપ નં.૪, ટાગોર નગર, વિક્રોલી (પૂ). લૌકિક પ્રથા બંધ છે.

**કોળી પટેલ**

ગામ અમલસાડ શાંતિબેન જીણાભાઇ પટેલ (ઉં. વ. ૯૨) તે સ્વ. ઠાકોરભાઇ, પ્રેમજીભાઇ, સ્વ, પરાગભાઇ, સ્વ. ગોવર્ધનભાઇ, સ્વ. શાંતિલાલ પટેલના બહેન. ગં. સ્વ. દમયંતીબહેનના માતુશ્રી. તા. ૨૩-૭-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩-૮-૨૬ સોમવારના બપોરે ૩થી ૪. અને પુષ્પાજંલિ ૪થી ૫. ઠે. ૩૮૬-૪૫૩૦, ગ્રૂપ નંબર-૪, ટાગોર નગર, વિક્રોલી (પૂ), લૌકિક પ્રથા બંધ છે.

**શ્રીગોડ મેડતવાલ બ્રાહ્મણ**

મુંબઇ નિવાસી પ્રદીપભાઇ બીપીનચંદ્ર જાની (આર્ય) (ઉં. વ. ૭૦) મંગળવાર, તા. ૨૮-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. બીપીનચંદ્ર અને સ્વ. હંસાબેન જાની (આર્ય)ના સુપુત્ર. અંજનાબેનના પતિ. સમીરના પિતાશ્રી. સ્વ. દેવેનભાઇ, સ્વ. રશ્મિબેન ઉદયભાઇ પંડયા અને ભારતીબેન પ્રશાંતભાઇ ગાંધીના ભાઇ. જયોતિબેન અને સ્વ. ચંદુભાઇ દવેના જમાઇ. દિપકભાઇ, રીટાબેન પરેશકુમાર ખારા અને અતુલભાઇના બનેવી. જયોતિબેન અને દીપીકાબેનના નણદોઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વાણીયા**

મનીષ હરજીવનદાસ શાહ (ઉં. વ. ૭૮) ગુરુવાર તા. ૩૦-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કમળાબેન અને હરજીવનદાસ શાહના પુત્ર. દિવ્યાબેનના પતિ. કાંચી અને મનનના પિતા. હિરલના સસરા. પ્રથમના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

અંધેરી સ્થિત સ્વ. લીલાવતીબેન અને સ્વ. કાંતિલાલ ખખ્ખરના પુત્રવધૂ અ. સૌ. મીનાબેન ખખ્ખર (ઉં. વ. ૬૫) તે નરેશભાઇના ધર્મપત્ની. મીતુલ ખખ્ખર અને નેહા રાજેન્દ્ર દેસાઇના માતુશ્રી. અ. સૌ. ભાવનાબેન પ્રદીપ ખખ્ખરના દેરાણી. અ. સૌ. નીરુબેન અને કિશોરભાઇના ભાભી. સ્વ. શાંતાબેન અને સ્વ. સવજીભાઇ ભોજાણીના સુપુત્રી. તા. ૨૯-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠીયા**

ઉપલેટાવાળા હાલ કાંદિવલી સ્વ. લલિતાબેન (મટીબેન) હીરાચંદ શાહના પુત્ર અરવિંદ શાહ (ઉં. વ. ૮૧) તા. ૨૯-૭-૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે આશાબેનના (સાઇબાઇ)ના પતિ. ચેતન, પ્રણવના પિતા. પૂર્વી, મોનાના સસરા. દિપ, ક્રિશા, ધીરના દાદા. તે માધવપુરવાળા રંજનબેન (રજૂબેન) જયંતીલાલ મોતીચંદના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ મેવાસાવાળા હાલ દહિસર, ગં.સ્વ. જ્યોત્સનાબેન (ઉં. વ. ૭૬) તા. ૨૯/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. સ્વ. નરેન્દ્રભાઈ મોહનલાલ રૂઘાણીના ધર્મપત્ની. સ્વ. રાધાબેન રૂઘાણીના પુત્રવધૂ. મનીષ-નિશા, સુનિલ-આરતી, તથા જયશ્રી (રૂપા)ના માતુશ્રી. નિર્મળાબેન નલિનભાઈ રૂઘાણી, ગં.સ્વ. ભાનુમતી સુરેશભાઈ રૂઘાણીના જેઠાણી, પિયરપક્ષે ભાણવડવાળા મુળજીભાઈ રતનશી પતાણીના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૩૧/૭/૨૬ના ૫.૩૦ થી ૭.૦૦ ક. લોહાણા બાળાશ્રમ હોલ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ એક્ષ્ટેનશન રોડ, કાંદિવલી વેસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ચિત્તલ નિવાસી હાલ મલાડ, સ્વ. જગજીવનદાસ નારણદાસ નિર્મળના સુપુત્ર હરેશકુમાર (કાળુભાઈ) (ઉં. વ. ૬૫) તા. ૨૮/૭/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે નયનાબેનના પતિ. ડૉ. પ્રીતિ વિવેક શાહ, દિપ્તિ મલય દુબલ અને યશના પિતાશ્રી. સુરેશભાઈ, પરેશભાઈના મોટાભાઈ, દમુબેન મણીયાર, સ્વ.મંગળાબેન પડીયા અને ગીતાબેન જગડના ભાઈ. અમદાવાદ નિવાસી જયંતિલાલ જાધવજી છાટબારના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩૧.૭.૨૬ને શુક્રવારના સમય ૪ થી ૬. સ્થળઃ વિશ્વ લાડ પરિષદ બેન્કવેટ લાડવાડી, ક્રોસ રોડ નં.૪, મહેતા ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ પાસે, આયોજનનગર, લિબર્ટી ગાર્ડન, મલાડ વેસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

અમરાવતી નિવાસી, કેશવલાલ ચુનીલાલ શેઠ (ઉં. વ. ૯૨) તે સ્વ. પુષ્પાબેનના પતિ. સ્વ. હસમુખરાય, પ્રવિણચંદ્ર, સ્વ. દિનેશકુમાર, સતીશકુમાર, વિજયાબેન ક્ષ્ણકાંત કાચલીયા, સ્વ. કલ્પનાબેન નવિનચંદ્ર, સરલાબેન સુરેશકુમારના મોટાભાઈ. સ્વ. સ્મિતાબેન મહેન્દ્રકુમાર, અતુલકુમાર તથા દિપકકુમારના પિતાશ્રી. ચેતનાબેન અતુલકુમાર, અલ્કાબેન દિપકકુમાર, મહેન્દ્રકુમાર શાંતિલાલ સાંગાણીના સસરા. સ્વ. નંદલાલ ભીમજીભાઈ પારેખ નાગપુરના જમાઈ. સ્વર્ગવાસ તા. ૧૭-૭-૨૬ના અમરાવતી ખાતે થયેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ ખાખરડા નિવાસી હાલ કાંદિવલી, અ.સૌ. કિશોરીબેન દાવડા (ઉં. વ. ૬૫) ૩૦/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ગં.સ્વ. દમયંતીબેન ગોવિંદદાસ દાવડાના પુત્રવધૂ. પ્રવીણભાઈના ધર્મપત્ની. મલય-કિંજલ, રાજ-જીજ્ઞાના માતુશ્રી. પિયરપક્ષે જામ ખંભાળિયાવાળા પ્રભુદાસ જમનાદાસ ગોકાણીના દીકરી. અરવિંદભાઈ, દિનેશભાઇ, કનુભાઈ, નીલાબેન ગોકાણી, મધુબેન શીંગાળાના ભાભી. તેમની પ્રાર્થનાસભા ૩૧/૭/૨૬ના રોજ ૧૦ થી ૧૧.૩૦ ક. લોહાણા બાળાશ્રમ બેન્કવેટ હોલ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ એક્ષ્ટેનશન રોડ, કાંદિવલી વેસ્ટ.

**મોઢાસા એકડા વિશા ખડાયતા**

સ્વ. મણિલાલ મોતીલાલ મોદીના સુપુત્ર પ્રવીણ મણિલાલ મોદી ગામ મેઘરજ, હાલ મુંબઈ તા. ૨૪-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ભારતીબેનના પતિ. જીગ્નેશ અને હેતલના પિતાશ્રી. જલ્પાના સસરા. સ્વ. દિનેશભાઈ, સુરેશભાઈ, રજનીભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ.પ્રેમીલાબેનના ભાઈ. સાસરાપક્ષે દલસુખદાસ બાપુજી. સદગતનું સર્વપક્ષ બેસણું તા. ૩૧-૦૭-૨૬ના રોજ સાંજે ૪ થી ૬. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, લોકમાન્ય તિલક રોડ, બોરીવલી (પશ્ચિમ)

**લોહાણા**

મૂળ ગામ પાંચ તલાવડા, હાલ કલ્યાણ, કુંદનબેન (ઉં. વ. ૬૯) બુધવાર તા. ૨૯.૦૭.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. તારાબેન હરિલાલ વડેરાના પુત્રવધૂ. સુભાષભાઈ હરિલાલ વડેરાના પત્ની. તેજલ તથા અંકિતના માતૃશ્રી. પ્રતાપભાઈ, નરેન્દ્રભાઈ, સ્વ. ચંદ્રિકાબેન રમણીકલાલ, ઇન્દુબેન કાંતિલાલ, સ્વ. જયાબેન હિમતલાલ, સ્વ. દમયંતીબેન મનસુખલાલ, ભારતીબેન નલીનભાઇ, જ્યોતિબેન ગુણવંતરાયના ભાભી. જાગૃતિબેન તથા ચારુબેનના જેઠાણી, સ્વ. રમાબેન પ્રભુદાસભાઇ સરૈયા સાવરકુંડલા વાળાના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૧.૦૭.૨૬ શુક્રવારના સાંજે ૪.૦૦ થી ૬.૦૦. માતૃશ્રી શ્યામબાઈ લોહાણા મહાજન વાડી, સરદાર પટેલ રોડ, કલ્યાણ પશ્ચિમ.

**કચ્છી લોહાણા**

સ્વ. શંકરલાલ કુંવરજી ચગસોતા અને સ્વ. કલાવતીબેન શંકરલાલ ચગસોતા કચ્છ ગામ કોઠારાના સુપુત્ર મહેશ (ઉં. વ. ૬૨) મંગળવાર તા. ૨૮/૭/૨૬ના કચ્છ મધ્યે રામશરણ પામેલ છે. તે માલતીબેનના પતિ. સ્વ. રતનશી જેઠાનંદ કતિરા કુરિયાણીવાળાના જમાઈ. ગં. સ્વ. લીલાવતીબેન પરષોત્તમ ચગસોતાના ભત્રીજા. અ.સૌ. રીટાબેન હિમાંશુભાઈ તન્ના, અ.સૌ. અંજલિબેન પાર્થભાઈ કોટક, વીરેનના પિતાશ્રી. અરવિંદ, સંજયના ભાઈ. મુંબઈમાં પ્રાથનાસભા રાખેલ નથી.

# પારસી મરણ

રુસી જહાંગીરજી મીસ્ત્રી તે મરહુમ બખતાવરના ધની. તે મરહુમો ખોરશેદ જહાંગીરજી મીસ્ત્રી. તે ઝુબીન, તેહમતન ને રોશનીના પપા. તે માહતાબ ને હાવોવીની સસરા. તે ઝરીર, કરીના ને ઝેહાનના બપાવા. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૬૯૬-એ, બીજે માળે, રૂમ. નં. ૧૪, પારસી પંચાયત બિલ્ડિંગ, દિનશા માસ્ટર રોડ, પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧-૮-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છે.

એરવદ ફિરોઝ જમશેદજી ઉનવાલા તે જદીત ઉનવાલાના ધની. તે મરહુમ ગુલબાનુ તથા મરહુમ જમશેદજી ઉનવાલાના દીકરા. તે મેહેર, બીનાઇફર, રોહીનના પિતાજી. તે ડોલી તથા મરહુમ સીલ્લુ તથા મરહુમ બાનુ તથા બોમીના ભાઇ. (ઉં. વ. ૮૬) રે. ઠે. ૧૨૦૧, ૧૨મે માળે, ડી. એલ. એચ. કૈલાશ પ્લોટ નં. ૨૮. સહકાર નગર, જે. પી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૧-૭-૨૬ના દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા -૧માં ડુંગરવાડી પર.

રુસી હોરમસજી ભગત તે બેહરોઝના ધની. તે મરહુમો શેહરામાય હોરમસજી ભગતના દીકરા. તે મીનુ દારબ-પીલુ નોશીર-બહાદુર ને રોશનના ભાઇ. તે મરહુમો પેરીન ફરેદુન ધોલુના જમાઇ. (ઉં. વ. ૮૬) રે. ઠે. એફ-એસ પારુખ ધરમશાળા, જૂની ખરેઘાટ કોલોની, ૩૪ હ્યુજીસ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ ૩૧-૭-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે વાચ્છા ગાંધી અગિયારીમાં છેજી.

# જૈન મરણ

**દેરાવાસી જૈન**

રતલામ નિવાસી હાલ નેપેન્સી રોડ મુંબઇ સ્વ. સંપતબેન દીપચંદભાઇ શાહના સુપુત્ર હસમુખભાઇ (ઉં. વ. ૮૬) ગુરુવારના તા. ૩૦-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કલ્પનાબેનના પતિ. જતીન, અંજલી નિલય પરીખના પિતા. જેસીકાના સસરા. દીશા યશ ઝવેરીના દાદા. ભરતભાઇ, દીલીપભાઇ નરેન્દ્રભાઇ, હંસાબેન તથા સ્વ. મૃદુલાબેનના મોટાભાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧-૮-૨૬ના બપોરે ૩.૩૦થી ૫.૩૦. ઠે. ભારતીય વિદ્યાભવન, ચોપાટી, લૌકિક વ્યવહાર બંધ છે.

**૩૫ ગામ વિશા શ્રીમાળી જૈન**

ધર્મજ નિવાસી હાલ મલાડ સ્વ. અરવિંદભાઇ અંબાલાલ શાહ (ઉં. વ. ૮૬) તા. ૩૦-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કૈલાસબેનના પતિ. અલ્પેશ અને નેહલના પિતા. સંદીપકુમાર અને નેહાબેનના સસરા. ભવ્યના દાદા. મીત અને અનુજના નાના. રંજનબેન, અનસુયાબેન, વિદ્યાબેન અને કિરીટભાઇના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧-૮-૨૬ શનિવારના ૯થી ૧૧. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર ભૂપતરાય કાંતિલાલ અજમેરા (ઉં. વ. ૯૨) તા. ૨૭-૭-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેન અજમેરાના પતિ. નિલેષ, અતુલ અને હિતેષના પિતા. જાગૃતિ, જીનલ, મીતના સસરા. કરણ, જીનેશ, આકાશ, પૂજન, રૂષભ, કેજલ, સંજના, ચાર્મના દાદા-સસરા. તથા ધનવંતભાઇ, હરેશભાઇ, પ્રભાબેન, નયનાબેનના ભાઇ. ચમનલાલ મગનલાલના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨-૮-૨૬ રવિવારના રાખેલ છે. ઠે. પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ), સમય : સવારના ૧૦થી ૧૨.

**દિગંબર વીસા મેવાડ જૈન**

વાંઢુ નિવાસી હાલ વિક્રોલી, પ્રેમિલાબેન (ઉં. વ. ૮૪) તા. ૨૯/૭/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નવનીતલાલ શાહનાં પત્ની. સુનિલ, ઉષા દિનેશ શર્મા, હર્ષા પ્રકાશ કરકેરા, વર્ષા, વિણા સૌરભ ત્રિવેદીનાં માતુશ્રી. ઠે. ૧૦૫ યુનિક પ્રાઇડ, બિલ્ડિંગ નં. ૧૪૪, વિક્રોલી કોર્ટ સામે, કન્નમવર નગર ૨, વિક્રોલી ઇસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેશલપુર (કંઠી)ના પંકજ લાલજી ગાલા (ઉં. વ. ૭૪) તા. ૨૯-૭-૨૬ના અવસાન પામેલ છે. ઝવેરબેન લાલજીના પુત્ર. ઉર્મીલાના પતિ. દિપેન, ઉદય, પૂજાના પિતા. પ્રદીપ, મીતા, મુકેશ, કમલેશના ભાઈ. નવાવાસના મણીબેન મેઘજી ગડાના જમાઈ. પ્રા. શ્રી માટુંગા સુમતિનાથ આરાધના ભવન, નાથાલાલ પારેખ માર્ગ, અરોરા સિનેમાની બાજુમાં, કિંગ સર્કલ, માટુંગા, મુંબઈ-૧૯. ટા. ૨.૩૦ થી ૪. નિવાસ : પંકજ ગાલા, ફ્લેટ નં. ૧૦, બીજે માળે, ઈરાની મેનસન, ગોખલે સોસાયટી લેન, પરેલ (ઈ.) મું.-૧૨.

ભારાપુરનાં ટેકચંદ જેઠાલાલ ગાલા (ઉં. વ. ૭૦) તા. ૨૯-૭-૨૬નાં અવસાન પામેલ છે. સ્વ. મોંઘીબેન જેઠાલાલના પુત્ર. ભાવનાના પતિ. દર્શના, ખ્યાતિના પિતા. ગુંદાલાના કંકુબેન વાલજી ગડાના જમાઇ. સ્વ. પ્રેમજી, ચંદ્રકાંતના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભાવના ટેકચંદ ગાલા, બી-૨૦૧, હમ સબ સોસાયટી, શંકરગલી, કાંદીવલી (વે.), મુંબઇ-૬૭.

ગુંદાલાના જયંતિલાલ કાનજી પુનશી બોયદ (શાહ) (ઉં. વ. ૭૪) તા. ૨૯-૭-૨૬નાં અવસાન પામેલ છે. સ્વ. કેસરબેન (નાથીબાઈ) કાનજી પુનશીના પુત્ર. કુમુદબેનના પતિ. રચના, ડેનીસના પિતા. સ્વ. નરશીભાઈ, સ્વ. જખુભાઈ, સ્વ. સુંદરબેન, લતિકા, સ્વ. મહેન્દ્રભાઈ, કુંદનના ભાઈ. રતાડીયા ગણેશના પાનબાઈ ભાણજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કુમુદબેન બોયદ, બ્રહ્મા ભુવન,બી-વિંગ, રૂમ નં. ૩૦, કામા ગલી, હનસોતી લેન, ઘાટકોપર (વેસ્ટ).

છસરાના ઝવેરબેન પ્રેમજી ગંગર (ઉં. વ. ૮૭) તા. ૨૭-૭-૨૬ના અવસાન પામ્યા છે. પ્રેમજી વેલજીના ધર્મપત્ની. વેલબાઈ વેલજી ચનાના પુત્રવધૂ. પ્રફુલ્લ જયંત, ભાવનાના માતુશ્રી. વડાલા દેવકાંબેન શીવજી પાસુ (સોઢા)ના સુપુત્રી. લક્ષ્મીચંદ, ચિમનલાલ, શાંતિલાલ, બિદડા લક્ષ્મીબેન મણીલાલ, વિંઝાણ શાંતાબેન નવિન, મોખા અમૃતબેન પ્રેમજીના બેન. ત્વચાદાન કરેલ છે. પ્રા: શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦. નિ. પ્રેમજી વેલજી : બી-૧૦૨, કૈલાસ રીઝન્સી, ગાંધી માર્કેટની પાછળ, ઘાટકોપર-ઈ. મું-૭૭.

કોટડા રોહાનાં માતુશ્રી લક્ષ્મીબેન (ચંચળબેન) ગાંગજી વિકમાણી (ઉં. વ. ૮૩) ૨૯-૦૭-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી જેતબાઈ જેવત પબુ વિકમાણીના પુત્રવધૂ. ગાંગજીના ધર્મપત્ની. જ્યોતિ, વાસંતી, વિણા (વર્ષા), પ્રકાશ, મનીષના માતા. ગઢશીશાના પુરબાઇ લીલાધરના પુત્રી. દેવરાજ, ગોવિંદજી, કોટડાના ભાણબાઇ લીલાધર, દમયંતી ઉમરશી, ભુજપુરના જવેરબેન નરેન્દ્રના બેન. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. નિ. પ્રકાશ વિક્રમાણી, ઈ-૨૦૨, નવનીત નગર, દેશલપાડા, ડોંબિવલી (ઈ).

ડુમરાના નયનાબેન રતનશી નાગડા (ઉં. વ. ૭૦) તા. ૨૮-૦૭-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. હીરબાઈ કાનજી (ખજુરીઓ બાપા) આસુના પુત્રવધૂ. રતનશીના પત્ની. નિમેશ, દિવ્યના માતુશ્રી. વલસાડના કાશીબેન નીસા પટેલના સુપુત્રી. સ્વ.મંગેશ, સુરેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિમેશ નાગડા, કે-૧૦૧, નવનીત નગર, દેશલપાડા, ડોંબિવલી (ઈ).

ગુંદાલાના ભારતી રમેશ દેઢીયા (ઉં. વ. ૬૨) ૨૬-૭-૨૬નાં અવસાન પામેલ છે. રતનબેન કુંવરજી શામજીના પુત્રવધૂ. સ્વ. રમેશના પત્ની. સ્વ. રાહુલ, ખુશ્બુ ચેતન ભાનુશાલીના મમ્મી. હમીરપરના પચીબેન વીરજી માઇના દિકરી. જયશ્રી પ્રભા કાશી રંજનના બેન. પ્રાર્થના રાખેલ નથી. સંપર્ક : ચેતન લધારામ, ૧લે માળે, શશી એપાર્ટમેન્ટ, બારદાન ગલી,પારનાકા, કલ્યાણ (વેસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



યુરોલખસના પાત્રમાં હિમેશ પટેલ

# ‘ધી ઓડિસી’નું ગુજરાતી કનેક્શન

## ક્રિસ્ટોફર નોલાનની ફિલ્મમાં એક્ટર હિમેશ પટેલ ગુજરાતી યુગલનું સંતાન છે અને સંગીતમાં વપરાયેલું વાદ્ય આપણા કચ્છમાં જોવા મળે છે



‘ધી ઓડિસી’માં મેટ ડેમન અને અન્ય કલાકારો



પ્રાચીન ગ્રીસમાં અને ફિલ્મમાં ધ્વનિ આપનાર ‘ઓલોસ’ અને કચ્છનું લોકવાદ્ય જોડિયા પાવા

**કવર સ્ટોરી**

**હેમા શાસ્ત્રી**

હોલિવૂડમાં સ્ટાર લોકોનો દબદબો છે ખરો, પણ એવા ફિલ્મમેકર સુધ્ધાં છે, જેમના ચિત્રપટ માટે સિને રસિકોમાં ઉત્સુકતા - કુતૂહલ રહે છે. એમાં પહેલું નામ નિઃશંક અમેરિકન ફિલ્મમેકર સ્ટીવન સ્પીલબર્ગનું આવે. એમની સાથે ખભેખભા મિલાવી પડખે બેસી શકે એવા મેકર છે બ્રિટિશ અમેરિકન ક્રિસ્ટોફર નોલાન. ૨૮ વર્ષમાં ૧૪ ફિલ્મ આપનારા નોલાન ભારતીય ફિલ્મ દર્શકોના માનીતા મેકર છે. બીજી ફિલ્મ ‘મેમેન્ટો’ (આમિર ખાનની ‘ગજની’ એના પર આધારિત હતી)થી આપણે ત્યાં જાણીતા બનેલા ક્રિસ્ટોફર નોલાનની The Odyssey વિશ્વભરમાં બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. ૩૭૫ મિલ્યન ડૉલર (૨૫૦ મિલ્યન ડૉલર પ્રોડક્શન ખર્ચ+ ૧૨૫ મિલ્યન ડૉલર માર્કેટિંગ ખર્ચ)ના ખર્ચે બની વિવેચકોની વાહવાહ અને દર્શકોની દાદ મેળવનારી આ ફિલ્મ. આ લખાય છે ત્યાં સુધીમાં ૭૦૦ મિલ્યન ડૉલર (વિશ્વભરમાં)નો વકરો કરવામાં સફળ રહી છે.

પ્રાચીન ગ્રીક કવિ હોમર લિખિત ‘ઓડિસી’ એક મહાકાવ્ય છે. ફિલ્મમાં રાજા ઓડિશ્યસ ૧૦ વર્ષ ચાલેલા યુદ્ધ પછી ૧૦ વર્ષ રઝળપાટ કરી (કુલ ૨૦ વર્ષે) ઘરે પાછો ફરે છે એની થરથરાવી દેનારી મુસાફરીનું ચિત્રણ છે. સાથે રાણી પેનેલપી અને પુત્ર ટેલિમેકસની પ્રતીક્ષાની પણ કહાણી છે. રાજાની ગેરહાજરીમાં બધું હડપવા માગતા લોભિયાઓ સાથે પરિવારના સંઘર્ષની કથા છે અને ઓડિશ્યસ એકલપંડે ૧૦૮ લોભિયાઓને ખતમ કરી પત્ની પેનેલપી અને પોતાનું રાજ્ય પાછું મેળવે છે એની કથા છે. સાથે સાથે યુદ્ધની ભયાનકતાથી ભાગતા સૈનિકની કથા પણ છે. યુદ્ધથી ત્રાસેલો ઓડિશ્યસ લડાઈનો અંત અને શાંતિ ઝંખે છે.

ફિલ્મના કલાકારોમાં મેટ ડેમન (સ્ટીવન સ્પીલબર્ગની Saving Private Ryanથી ખ્યાતિ મળી), એન હેથવે (રોબર્ટ ડી નીરો સાથે The Intern ગાજી હતી), રોબર્ટ પેટિન્સન, ટોમ હોલેન્ડ, ચાર્લીઝ થેરોન, હિમેશ પટેલ, ઝેન્ડએ અને અન્યની હાજરી છે.

**• આ હિમેશ પટેલ કોણ છે?**

નોલાનની આ ફિલ્મના કલાકારોની યાદીમાં એક નામ વાંચી અચરજ થવું સ્વાભાવિક છે. એ નામ છે હિમેશ પટેલ, જેણે ફિલ્મમાં રાજા ઓડિખમયસના સેકન્ડ - ઈન - કમાન્ડ, દ્વિતીય હરોળના સહાયક યુરોલખસનું પાત્ર ભજવ્યું છે. હિમેશ પટેલ બ્રિટિશ - ઈન્ડિયન એક્ટર છે જે બ્રિટિશ ટેલિવિઝનથી શરૂઆત કરી ફિલ્મો અને સ્ટ્રીમિંગ પ્રોજેક્ટ્સમાં કામ કરી માનપાન અને દામ મેળવી ચુક્યો છે. ઈંગ્લેન્ડના કેમ્બ્રિજશાયરમાં જન્મેલા ૩૬ વર્ષના હિમેશના માતા - પિતા મૂળ ગુજરાતી છે. વર્ષો પહેલાંઢ આ દંપતી સૌરાષ્ટ્રથી ઈસ્ટ આફ્રિકા ગયું હતું અને ત્યાંથી યુનાઈટેડ કિંગડમ - યુકેમાં સ્થળાંતર કર્યું હતું. યુકે આવેલા અનેક ગુજરાતીઓની જેમ હિમેશના માતા - પિતા અખબાર વેચવાની નાનકડી દુકાન ચલાવતા હતા અને વિદ્યાર્થી કાળમાં હિમેશએ વર્તમાનપત્ર ઘરે ઘરે પહોંચાડવાનું કામ કર્યું હતું. નાની ઉંમરે જ હિમેશને અભિનય માટે લગાવ થયો અને બાળ કલાકાર તરીકે લોકલ થિયેટર ગ્રપિંમાં જોડાઈ ગયો. ૧૬ વર્ષની ઉંમરે તેને બીબીસીના ‘ઈસ્ટએન્ડર્સ’ નામના શોમાં તક મળી અને નવ વર્ષ સુધી આ શો સાથે સંકળાયેલો રહ્યો. ૨૦૧૯માં ડેની બોયલ (સ્લમડોગ મિલિયનેયર યાદ છે?)ની મ્યુઝિકલ કોમેડી ફિલ્મ ‘યસ્ટરડે’થી ફિલ્મ કરિયરની શરૂઆત થઈ. આ ફિલ્મમાં તેણે સંઘર્ષ કરતા મ્યુઝિશ્યનનો રોલ કર્યો હતો. ટૂંકી પણ સશક્ત ફિલ્મોગ્રાફી ધરાવતા હિમેશએ ૨૦૨૦માં નોલાનની ‘ટેનેટ’માં માહિર નામના ફિક્સરનો રોલ કર્યો હતો. ‘ધ ઓડિસી’ એક્ટરની નોલાન સાથે બીજી ફિલ્મ છે.

ફિલ્મમાં યુરોલખસ રાજાનો સેકન્ડ - ઈન - કમાન્ડ હોવા ઉપરાંત એનો બનેવી પણ છે. ઓડિશ્યસની બહેન સાથે તેના લગ્ન થયાં હોય છે. જોકે, રાજાનો વિશ્વાસુ સાથી વિશ્વાસઘાત કરે છે અને એના કારણમાં છે ભય અને ભૂખ. વાવાઝોડામાં ફસાઈ જવાથી સૈનિકોનો ખોરાક સમાપ્ત થવાથી ભૂખમરાના દિવસો આવે છે. આ તબક્કે ભૂખ્યા મરવા કરતા ઈશ્વરનો ખોફ બહેતર છે એવું સ્વીકારી રાજાની વાત અવગણી યુરોલખસ સૂર્યદેવ હેલીઓસના ઢોરઢાંખરનો વધ કરવાની અનુમતિ આપે છે. પશુઓની હત્યાથી ક્રોધિત થયેલા સૂર્યદેવ ભયંકર તોફાન સર્જે છે, જેમાં યુરોલખસ સહિત સર્વ લોકો મૃત્યુ પામે છે. એકમાત્ર ઓડિશ્યસ જીવિત રહે છે.

### Aulos તથા જોડિયા પાવા

ગ્રીક મહાકાવ્ય પરથી બનેલી આ ફિલ્મમાં સંગીતને ખાસ્સું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ફિલ્મનું સંગીત લુડવિગ ગોરન્સને તૈયાર કર્યું છે. અગાઉ ‘‘ટેનેટ’ અને ‘ઓપનહાઈમર’માં નોલાન સાથે કામ કરી ચૂકેલા સંગીતકારને આ ફિલ્મ માટે નોલાને કહ્યું હતું કે ‘ઓર્કેસ્ટ્રાનો ઉપયોગ નથી કરવાનો.’ મતલબ કે મોડર્ન મ્યુઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સનો ઉપયોગ નહીં જોઈએ. ફિલ્મની કથાવસ્તુ ૨૮૦૦ વર્ષ જૂની હોવાથી ગોરન્સને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના ઉપયોગથી રિમિક્સ કરવાને બદલે ત્રણ હજાર વર્ષ જૂના વાદ્યોનો અભ્યાસ કર્યો. ત્યારબાદ મ્યુઝિકોલોજિસ્ટ સાથે મસલત કરી બ્રોન્ઝ એજ (કાંસ્ય યુગ)માં વપરાતા વાજીંત્રોમાંથી નીકળતા અવાજને અનુરૂપ ધ્વનિ ઉત્પન્ન કરવાની કોશિશ કરી. એ માટે તેમણે The Aulos, The Lyre, Bronze Percussion વગેરેનો ઉપયોગ કર્યો છે. Aulos is a double-reed woodwind instrument from ancient Greece -પ્રાચીન ગ્રીસમાં વપરાતું બરૂમાંથી તૈયાર થતું ‘ઓલોસ’ સુષિર વાદ્ય તરીકે પ્રખ્યાત હતું. એ જોઈને આપણા કચ્છના જોડિયા પાવાનું સ્મરણ થઈ આવે. તસવીર જોવાથી સામ્યનો ખ્યાલ આવશે. લોકવાદ્યના મુખ્ય પાંચ પ્રકારમાં એક છે સુષિરવાદ્ય (Winged instruments)એટલે કે હવાના ઉપયોગથી વાગતાં વાદ્ય. આ પ્રકારનાં લોકવાદ્યમાં વાંસળી, પાવો, મોરલી, શંખ, ભૂંગળ વગેરેનો સમાવેશ થાય છે. જાડી, પહોળી નળીના પાવા અને પાતળી નળીની વાંસળી એ બે મુખ્ય પ્રકાર છે. એના અનેક પેટાપ્રકાર પણ છે. એક પાવાને બદલે જોડિયા પાવા એ બીજો પ્રકાર છે. ગોરન્સન અને તેના સાથીઓએ પુરાતત્ત્વ અને ઐતિહાસિક માહિતી - જાણકારીનો અભ્યાસ કરી ‘ઓલોસ’ જેવું અસ્સલ વાદ્ય તૈયાર કરી સંગીત આપ્યું છે. આ સિવાયના અન્ય પ્રાચીન વાજિંત્રનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

નોલાને સંગીતની જવાબદારી સોંપતી વખતે એક લાઈન કહી હતી કે ‘ઓર્કેસ્ટ્રાનો ઉપયોગ નથી કરવાનો અને ધ્વનિ માટે બ્રોન્ઝ - કાંસાનો ઉપયોગ પ્રમુખપણે કરવાનો.’ ગોરન્સને પોતાને ફાવટ હતી એ પ્રકારની શૈલીમાંથી બહાર નીકળી અગાઉ ક્યારેય ન વાપર્યો હોય એવો ધ્વનિ તૈયાર કરવાનો હતો. ગોરન્સને એક ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે ‘ભીંત પર, કઠેરા પર, કોઈ ધાતુનો સળિયો - વાસણ કે પછી એર કંડિશનિંગ યુનિટ પર કશુંક પછાડી ધ્વનિ ઉત્પન્ન કરવાના અખતરા કર્યા.’ આપણા ‘પંચમદા’ - આર. ડી. બર્મનની શૈલી યાદ આવી ગઈ ને? ગોરન્સનને શાબાશી જરૂર આપીએ પણ સાથે સાથે ૩૫ - ૪૦ વર્ષ પહેલાં આપણા પોતાના મૂઠી ઉંચેરા સંગીતકાર આવા એક બે નહીં અનેક અખતરા કરી અદ્ભુત સંગીત આપતા એ બદલ કોલર ટાઈટ કરી ફરવું પણ જોઈએ, રાઈટ? ■

---

**સ્ટાર-ચાર-કલાકાર**

**સંજય છેલ**

# ખૂન હાથથી - મગજથી કે પછી દિલથી?

## સસ્પેન્સ-કિંગ કેઈગો હિગાશિનોનો અજબ કસબ

*‘સસ્પેન્સમાં સૌથી મોટો વિલન એક ખૂની નથી, વાચકનો અહંકાર છે.’*

******

*‘સફળ થ્રિલર એ નથી કે જેમાં અંતે ‘ખૂની કોણ છે?’ તેની ખબર પડે. સફળ થ્રિલર એ છે કે સત્ય જાણ્યા પછી પણ માણસ લાંબા સમય સુધી શાંત ન બેસી શકે.’*

******

*‘દરેક સામાન્ય માણસની અંદર એક અસામાન્ય રહસ્ય દફનાયેલું હોય છે.’*

******

આ વિચાર કોઈ ફિલોસોફરના નથી, પણ જાપાનના એવા લેખકના છે, જેમણે હત્યા, ગુનો ને રહસ્યને માત્ર મનોરંજન તરીકે નહીં, માણસના મનના અંધારિયા ઓરડાઓ સુધી પહોંચવા માટે વાપર્યા અને એ છેઃ કેઇગો હિગાશિનો...

દુનિયાના કરોડો વાચકો માટે એ માત્ર થ્રિલર-લેખક નથી, પરંતુ માનવસ્વભાવના અસાધારણ ચિત્રકાર છે, જે હમણાં જ માત્ર ૬૮ વરસે મૃત્યુ પામ્યા.


આગાથા ક્રિસ્ટી ને આર્થર કોનન ડોયલ પછી છેલ્લા ત્રણ દાયકામાં જો કોઈ લેખકે વિશ્વભરના સસ્પેન્સ પ્રેમીઓને મંત્રમુગ્ધ કર્યા હોય તો એ છે- કેઇગો હિગાશિનો. તેમની નવલકથાઓમાં ગોળીબાર ઓછા હોય છે, પરંતુ લાગણીઓનો વિસ્ફોટ એટલો પ્રબળ હોય છે કે વાચક દિવસો સુધી વાર્તા કે પાત્રો વિશે વિચારે રાખે છે.

હિગાશિનોની સૌથી પ્રસિદ્ધ નવલકથા ‘ધ ડીવોશન ઓફ સસ્પેક્ટ એક્સ’ પાછળ રસપ્રદ રહસ્ય છે. એન્જિનિયર હિગાશિનોને ગણિત ખૂબ ગમતું. એમનું માનવું છે ગણિતનો સુંદર દાખલો અને કોઇ હત્યાના સંપૂર્ણ પ્લાન, બંનેમાં રસપ્રદ સમાનતા હોય છે. આ થિયરી પરથી જ એવી નવલકથા જન્મી કે અંતે વાચકને હત્યારાની ચાલાકી કરતાં ખૂનીની કરુણા વધારે સ્પર્શે છે.

**• તમને થશે કે જાપાની લેખક સાથે આપણને શું?**

વેલ, ભારતમાં પણ એમની ચોરીછૂપી અસર છે જ. એમની નવલકથા ‘ધ ડીવોશન ઓફ સસ્પેક્ટ એક્સ’ પરથી સુજોય ઘોષે, ‘નેટફ્લિક્સ’ માટે ‘જાને જાં’ બનાવી, જેમાં કરીના કપૂર, જયદીપ અહલાવત ને વિજય વર્મા હતા. અગાઉ દક્ષિણ કોરિયામાં ‘પર્ફેક્ટ મર્ડર’ તરીકે ને પછી તમિલ સિનેમામાં ‘કોલાઈગારન’ તરીકે પણ એનું રૂપાંતર થયું. જેઠુ જોસેફની સુપરહિટ ને હિંદીમાં પણ બનેલ ફિલ્મ ‘દૃશ્યમ્’ પર પણ હિગાશિનોની વાર્તાની અસર કે મૂળ કથા જ છે. (હિગોશિનોનું નામ આપ્યા વિના). એક જ જાપાની વાર્તા ટોક્યોથી કાલિમ્પોંગ ને ચેન્નઈ સુધી પહોંચી શકે, એ જ હિગાશિનોના લેખનની તાકાત છે. તેમની બીજી વાર્તાઓના ભારતીય રૂપાંતરમાં પણ નિર્માતાઓ પાછળ પડ્યા છે.

વિશ્વના ઘણા ફિલ્મનિર્માતાઓ કહે છે કે હિગાશિનોની નવલકથા વાંચવી એટલે પહેલેથી જ અડધી ફિલ્મ જોઈ નાખવી. વાર્તામાં કેમેરા ક્યાં ફરશે, મૌન ક્યાં આવશે ને દર્શકનો શ્વાસ ક્યાં અટકશે, એની જાણે પહેલેથી જ જગ્યા નક્કી થઇ ગઈ હોય છે. તેથી જ જાપાન, કોરિયા, ચીન અને તાઇવાનમાં હિગોશિનોની વાર્તાઓ પરથી અનેક ફિલ્મો ને ટીવી શ્રેણીઓ બની ચૂકી છે. જો કે હિગાશિનો ફિલ્મના શૂટિંગમાં ભાગ્યે જ સેટ પર જતા. હિગાશિનો માનતા કે એકવાર પુસ્તક પ્રકાશિત થઈ જાય પછી તે માત્ર લેખકનું નથી રહેતું. તે કોઇ વાચક, ફિલ્મ દિગ્દર્શક, અભિનેતા કે દર્શકનું બની જાય છે.




કેઇગો હિગાશિનોના બે ચર્ચાસ્પદ પુસ્તક

૧૯૫૮માં ઓસાકામાં જન્મેલા હિગાશિનો સાહિત્યિક પરિવારમાંથી આવ્યા નહોતા. એમણે ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો ને એન્જિનિયર તરીકે નોકરી શરૂ કરી. દિવસ દરમિયાન મશીનો સાથે કામ કરનાર આ યુવાન રાત્રે હત્યા, રહસ્ય ને માનવમનની ગૂંચવણો વિશે લખતો. એમના સહકર્મચારીઓ કહે છે કે હિગાશિનોની લંચબ્રેકમાં પણ ટિફિન કરતાં નોટબુક વધારે ખુલ્લી રહેતી. હિગાશિનો માનતા કે રોજ થોડું થોડું લખવું, એ જ લેખક બનવાનો સાચો રસ્તો છે.

એક એન્જિનયર તરીકે ક્રાઈમ ફિક્શનમાં એમણે ‘રિવર્સ એન્જિનિયરિંગ વ્હુ ડન ઇટ’ વાપર્યું. ટિપિકલ સસ્પેન્સ નોવેલ્સમાં લેખક છેલ્લે સુધી વાચકથી ગુનેગારનું નામ છુપાવે છે, પરંતુ હિગાશિનો વાર્તાના પહેલા જ પ્રકરણમાં ખૂન કોણે કર્યું છે તે વાચકની સામે મૂકી દેતા હતા. છતાં પુસ્તક વાંચવું અટકાવીને પડતું મૂકી શકાય એવું નથી બનતું , કારણ કે એમની વાર્તાઓનો અસલી રોમાંચ એ નહોતો કે ‘ખૂન કોણે કર્યું?’, પણ એ હતો કે




પુસ્તક પરથી પ્રેરિત ફિલ્મ

‘તેણે આ અશક્ય લાગતા ગુનાને કેવી રીતે અંજામ આપ્યો અને તપાસ કરનાર તેના સુધી કેવી રીતે પહોંચશે?’ માણસ કઈ પરિસ્થિતિમાં પોતાની મર્યાદા તોડે છે, એ જ તેમની વાર્તાનો સાચો વિષય છે. આ અનોખી શૈલીએ જાપાનીઝ સાહિત્યમાં નવો પ્રાણ પૂરી દીધો. ગણિતના અટપટા સિદ્ધાંતો, ફિઝિક્સના નિયમો અને તર્કની દીવાલો વચ્ચે ગુના પાછળ છુપાયેલી માનવીય લાચારી, પ્રેમ અને ત્યાગ જ તેમની નવલકથાઓનું અસલી હૃદય હતું.

તે કહેતા, મને પોલીસ કરતાં સામાન્ય લોકો વધુ રસપ્રદ લાગે છે. કદાચ એટલા માટે તેમના પાત્રો કોઈ સુપરહીરો નથી. શિક્ષક, ગૃહિણી, ગણિતના પ્રોફેસર, દુકાનદાર કે એકલવાયો પાડોશી... કોઈપણ માણસ અચાનક એવી પરિસ્થિતિમાં આવી જાય છે જ્યાં પ્રેમ, ફરજ ને ગુનાખોરી એકમેક સાથે અથડાય છે.

નવાસવા લેખક, કેઇગો હિગાશિનોને શરૂઆતમાં અનેક હસ્તપ્રતો પ્રકાશકોએ પરત મોકલેલી, પણ એમણે લેખકના સંઘર્ષ વિશે જબરદસ્ત વાત કહેલીઃ ‘ખરાબ પુસ્તક લખવું ગુનો નથી, લખવાનું બંધ કરી દેવું સૌથી મોટો ગુનો છે!’ આખરે ૧૯૮૫માં હિગાશિનોની નવલકથા ‘આફ્ટર સ્કૂલ’ ને ‘એડો ગાવા રામ્પો’ને એવોર્ડ મળ્યો ને જાપાનને એક નવો સ્ટાર સસ્પેન્સ-લેખક મળી ગયો. ત્યાર પછી ‘જર્ની ઓફ મિડનાઇટ સન’, ‘મેલિસ’ અને ‘ધ મિરેકલ્સ ઓફ ધ નામિયા જનરલ સ્ટોર’ જેવી નવલકથાઓએ હિગાશિનોને ઇન્ટરનેશનલ ખ્યાતિ અપાવી. એમનાં પુસ્તકોની કરોડો નકલો વેચાઈ, અનેક ભાષાઓમાં અનુવાદ થયા ને દુનિયાભરના થ્રિલર-પ્રેમીઓમાં તે છવાઇ ગયા.


કેઇગો હિગાશિનોના ચાહકોમાં એક ઇન્ટેરેસ્ટિંગ વાત પ્રચલિત છેઃ જો તમે રાત્રે ૧૦ વાગ્યે હિગાશિનોની નવલકથા શરૂ કરો તો બીજા દિવસની સવાર બગાડવા માટે તૈયાર રહેજો, કારણ કે તેમનું લખાણ સસ્તા ચોંકાવનારા વળાંકો પર જીવતું નથી. તે વાચકને ધીમે ધીમે એવી જાળમાં ખેંચે છે કે છેલ્લું પાનું વાંચ્યા વગર ઊંઘ આવતી નથી.

એક વાચકે હિગાશિનોને પૂછ્યું, તમારી નવલકથાઓ વાંચ્યા પછી લોકો પર વિશ્વાસ કરવો મુશ્કેલ બની જાય છે. ત્યારે એમણે જવાબ આપ્યો, મારો હેતુ વિશ્વાસ તોડવાનો નથી, વિશ્વાસ કેટલો કિંમતી છે એ સમજાવવાનો છે.

કદાચ આ જ ક્રાઇમ-લેખકની આખી લેખનયાત્રાનો સાર છે.

હિગાશિનોએ થ્રિલરને માનવ સંબંધોની, ‘લાગણીઓની લેબોરેટરી’ બનાવી. એમની દરેક નવલકથા એક જ સવાલ પૂછે છેઃ ‘ગુનો ખરેખર ક્યાં જન્મે છે? ગુનેગારના હાથમાં, મગજમાં કે હૃદયમાં?’ એટલે જ એમની નોવેલ પત્યા પછી પણ સાચો અંત તો વાચકના મનમાં જ શરૂ થાય છે.

કોઈપણ સસ્પેન્સ-રાઇટર માટે આનાથી મોટું સન્માન શું હોઈ શકે? ■



# હું, સોનલ ઝવેરી

માવજી મહેશ્વરી

પ્રકરણ ૨૨

> મારાથી બોલાઈ ગયું, ‘મમ્મી તમારે પપ્પાને કહેવું જોઈતું હતું કે એ બધાનું સાટું તમે એકલાએ જ ત્રણ લગ્ન કરીને વાળી નાખ્યું છે...!’

‘સોનલ તમારા દાદા તમારા નામે વીલ શા માટે કરતા ગયા?’

‘એનાં ઘણાં કારણો હતાં સનત. પહેલું તો એ કે છેલ્લાં દિવસોમાં દાદા મારી અત્યંત નીકટ આવી ગયા હતા. એટલા નીકટ કે એમાંની હું અંગત મદદનીશ જ બની ગઈ હતી. એમ સમજો કે દાદા મારા સિવાય રહી શકતા નહીં, એકાદ દિવસ મારે ક્યાંય બહાર જવાનું થાય તો મને ફોન કરતા. કદાચ દાદાને મારી માનું વ્યક્તિત્વ, એના ગુણો યાદ આવતા હતા. મારી માને અન્યાય કરવાનો પસ્તાવો પણ હતો. એમણે મને કદી એ બાબતે કશું કહ્યું નહોતું. ક્યારેક એમની ભીની આંખો જોઈ હું સમજી જતી કે એ કોઈ પસ્તાવો કરી રહ્યા છે. બીજી બાબત હતી અમારા ઘરનું અશિસ્ત. ખબર નહીં અમારા ઘર પર કુદરતની કેવી કૃપા છે કે ધંધો બરાબર ચાલે છે. મારા ઘરમાં જે ત્રણ પુરુષો છે તે પરણેલા હોવા છતાં ગૃહસ્થ નથી. ફેમિલી રિસ્પોંસિબિલિટી જેવી ચીજ એમનામાં નથી. તો સ્ત્રીઓમાં પણ ખાસ કાંઈ વખાણવાલાયક નથી. મારી મીનાક્ષી મમ્મી પેલી બેય જણીની સાસુ છે. પણ એના નખરા વહુઓથી ચઢે તેવા છે. મારી ભાભીઓને પોતાની સાસુ તરફ જરાય આદર નથી. દાદા હતા ત્યાં સુધી હજુય કંઈક ઠીક હતું. પણ એમના ચાલ્યા ગયા પછી તો કોઈ કોઈના કહ્યામાં જ નથી.’

‘તમારા પપ્પા કોઈને કશું કહેતા નથી?’

‘સનત આપણા દેશમાં ચારિત્ર્યની વ્યાખ્યા જરા જુદી છે. અહીં પરણિત વ્યક્તિ અન્ય સ્ત્રી કે પુરુષ સાથે સંબંધ બાંધે છે ત્યારે એ ચારિત્ર્યહીન ગણાય છે. અન્ય લોકો એવી વ્યક્તિ તરફ માન ધરાવતા નથી. આવા લોકોને એમનો પૈસો, પદ કે પ્રતિષ્ઠા મદદ કરી શકતા નથી. મારા પપ્પાએ ભૂલો પર ભૂલો કરી છે. એટલે છોકરાઓ એમને જરાય માન દેતા નથી. મીનાક્ષી મમ્મીને પપ્પાની હિસ્ટરી ખબર છે. એ મારા પપ્પા સાથે લગ્ન કરીને પસ્તાય છે, પણ એના માટે હવે બીજો કોઈ રસ્તો નથી. ટૂંકમાં અમારું આખું ઘર વિખરાયેલું છે. મારો મોટો ભાઈ સત્તાપ્રિય સ્વભાવ ધરાવે છે. કદાચ આ બધું જોતાં દાદાએ બધું મને સોંપી દેવાનું નક્કી કર્યું હશે, એમણે પોતાની બુદ્ધિ અને પરિશ્રમથી જે ઊભું કર્યું હતું તે સચવાઈ રહે તે હેતુથી કદાચ દાદાએ મને વારસદાર બનાવી હશે.’

‘મતલબ પૈસા માટે તમારા ઘરના લોકો તમારી સામે પડ્યા છે અને તમને ભાગવા પર મજબૂર કર્યા છે.’

‘હા આમ જોઈએ તો એવું જ, પણ એની વચ્ચે પણ બીજું ઘણું બધું બન્યું છે. એટલું બન્યું છે કે હું કહેવા બેસું તો મને હજુ એક રાત જોઈએ.’

‘હા, તે હું કચ્છ નહીં જાઉં. આપણે અહીં રહી જઈશું.’

‘લોભ જાગ્યોને? પછી કહેશો મને તારાથી પ્રેમ થઈ ગયો છે હવે મને છોડીને ન જા.’

‘હા તે કહી દઈશ તમે. ચાલો કચ્છમાં. ત્યાં તમને કોઈ શોધી નહીં શકે.’

‘અરે વાહ. ઠીક યાદ દેવડાવ્યું. તમે કચ્છ વિશે તો કંઈ બોલ્યા જ નથી.’

‘જુઓ હું પોતે જ કચ્છનો નથી. એટલે હાલ પૂરતું આપણે કચ્છ કનેક્શન કટ કરી તમારી વાત પર આવી જઈએ છીએ. મને તમારી સ્ટોરીમાં એટલો રસ પડ્યો છે કે હવે કોઈ ફિલ્મ જોવાની પણ મજા નહીં આવે. પછી તમે એમ.વી. એન્ટરપ્રાઈઝમાં જવાનું શરૂ કર્યું હશે ને?’

‘પહેલી વાત તો એ કે મને એ ધંધા વિશે કશી ખબર જ નહોતી. બધું મારે પપ્પાને પૂછીને કરવાનું હતું. પપ્પા પાસેથી ચેક પર સહી કરવાની સત્તા ચાલી ગઈ હતી એટલે તે જરા અલિપ્ત રહેવા લાગ્યા હતા. બીજું હું રોજ સમયસર શો રૂમ પર જવા લાગી તેનાથી ભાઈ અકળાયો હતો. હું રસ લેવા માંડી હતી તે તેનાથી સહન નહોતું થયું. આમ તો અકાઉન્ટસી મારો સબજેક્ટ નથી. એ માટે હું બ્રીજેશ પોદારની આભારી છું. તેમણે અને વિમલ બક્ષીએ મને અમારા ધંધાની ઝીણી ઝીણી બાબતો સમજાવી હતી. મને ત્રણેક મહિનામાં જ અમારો કારોબાર સમજાઈ ગયો. સામે મારા ભાઈઓએ એવું માની લીધું કે મને જો અહીંથી હટાવવામાં નહીં આવે તો એ લોકોને ઘર છોડવાનો વારો આવશે. એટલે એ લોકો સક્રિય થઈ ગયા હતા. એ બધી બાબતનો દોરી સંચાર ક્યાંકથી થતો હતો.’

‘દાદાએ કરેલા વિલને કારણે મારા ભાઈઓના મામાનો મારા સામે છુપાયેલો વેરાગ્ની ફરી ભડક્યો હતો. સૌથી પહેલા તો એમણે દાદાએ બનાવેલા વિલ સામે કોર્ટમાં અપીલ કરી. જોકે રત્નાકરજીએ એકવાર મને વાતવાતમાં કહી નાખ્યું હતું કે, બેટા સંભાળીને ચાલજો. તમારા ભાઇઓ જરા આકરા પાણીએ છે. રત્નાકરજીની નજીક આવ્યા પછી તે મને વહાલથી બેટા કહેવા લાગ્યા હતા. પણ કેસ જ એટલો બોદો હતો કે એ લોકો હારવાના હતા. એમના વકીલે જ કેસ પાછો ખેંચવા માટે મનાવી લીધેલા.’

‘મેં જાણી જોઈને જ કોઈને કોઈ જ હોદ્દો આપ્યો ન હતો. એ લોકો જેમ આવતા હતા તેમ આવે છે કે નહીં, તે જોવાની મારી ગણતરી હતી. નાનો જય રાજસ્થાનની ખાણો સંભાળતો એટલે એની સ્થૂળ હાજરી મને નડતી ન હતી. પીડા સંજયને હતી. પપ્પા અંદરથી જરાય રાજી નહોતા. ઉપાધીઓનું એક ઓર એપી સેન્ટર તો જુદું જ હતું. જેની મને પણ ઘણી મોડી ખબર પડી.’

‘હું સમજ્યો નહીં.’

‘મારી મમ્મી ખેલાડી નીકળી. મારા દાદાએ બનાવેલું વિલ જાહેર થયું તે ઘડીએ જ એ ચાલાક સ્ત્રી સમજી ગઈ હતી કે હવે કાયદાકીય રીતે કંઈ થાય તેમ નથી તેણે જુદો રસ્તો લીધો. તેણે મારી સાથે સંબંધો સારા બનાવ્યા. મારા સાથે સલૂકાઈથી વર્તતી. મને અંદાજ ન આવ્યો કે તે મારી પાછળ રમત રમતી હશે. એક તરફ તેણે મને રાજી રાખી તો બીજી તરફ એની અને મારા ભાઈ વચ્ચે રોજ બેઠકો થવા લાગી. માના સ્નેહથી વંચિત રહેલા મારા ભાઈને મમ્મીએ એવો તો વશ કરી લીધો કે તે મારી મમ્મીનો પડ્યો બોલ ઝીલવા લાગ્યો. તેણે મારા ભાઈને સમજાવ્યું કે તું, સોનલથી ઝઘડવાનું બંધ કરી નાખ. એક મોટાભાઈ તરીકે જ એની સાથે સંબંધ રાખ. જેમ સોનલ કહે તેમ કરવા માંડ. હું રોજ સાડાનવે ઘેરથી નીકળી જાઉં. મારો ભાઈ તે પછી લગભગ અગિયાર વાગે આવે. મારી પાછળ એ બેય જણ આગલા દિવસે શું શું બન્યું, હવે શું કરવું તેની ચર્ચા કરે.’

‘દાદાના ગયા પછી પહેલી દિવાળી આવી. પહેલો ખેલ રચાયો. એ પહેલી એવી દિવાળી હતી જ્યારે મને લાગ્યું હતું કે અમે બધા એક પરિવારના સભ્યો છીએ. બેસતા વર્ષના દિવસે મારા મોટાભાઈએ મારા માથા પર હાથ ફેરવ્યો હતો. ઝગડવાનું તો બિલકુલ બંધ કરી નાખ્યું હતું. ઘરમાં શાંતિ હતી. હું ખુશ હતી. એ નવા વર્ષના અમે બધા અગિયારેય અગિયાર જણ ત્રણ ગાડીઓ લઈને ખંડાલા ગયાં. મારા પપ્પાને મમ્મીએ સારી પેઠે હોમવર્ક કરાવેલું. એ રાતે મમ્મી અને પપ્પા મારા રૂમમાં આવ્યાં. સનત તમે મારી મમ્મી ઉર્ફે મીનાક્ષીને જોઈ નથી એટલે તમને કેમ સમજાવું કે તે શું દેખાવડી છે. વળી એવું મીઠું બોલી જાણે છે કે, કોઈને શંકા ન જાય કે તેના મનમાં કપટ હશે. તે રાતે પણ તેણે એ જ જાદુ અજમાવ્યો હતો. થોડી આડી અવળી વાતો કર્યા પછી તેણે મને સીધું પૂછ્યું, સોનુ તારા પપ્પાને હવે તારી જરા ચિંતા થાય છે. સ્વાભાવિક છે કે છોકરી મોટી થાય તો એના બાપને ચિંતા થાય જ. થયું કે તારી સાથે વાત કરી લઈએ. વાત એમ છે કે તું તારી રીતે મેરેજ કરીશ કે અમે તારા માટે શોધીએ. જોકે મારા ધ્યાનમાં એકાદ બે છોકરા છે. ઘરમાં કોઈ મારા લગ્નની ચિંતા કરે એ વાત મારા માટે આંચકા સમાન હતી. આ વિશે મેં વિચાર્યું જ નહોતું. મેં મશ્કરીના ટોનમાં કહ્યું, ‘મમ્મી થેન્કસ કે તમે મારી ચિંતા કરો છો. મેં હજુ કોઈને પસંદ કર્યો નથી, છતાં તમે જોઈ રાખ્યા હોય તો વિચારીશ.’’

મમ્મીનો દાવ સવળો પડતો હોય તેવું તેને લાગ્યું. તેના અવાજમાં લાગણી આવી ગઈ. મમ્મીનો ઈરાદો ખતરનાક હતો. એ ઝઘડો કર્યા વગર, અશાંતિ ઊભી કર્યા વગર ઘરમાંથી મને દૂર કરવા માગતી હતી. એકવાર હું લગ્ન કરવા રાજી થઈ જાઉં તો પછી આસાનીથી એમ.વી. એન્ટરપ્રાઈઝમાંથી નીકળી જાઉં અને તેમાંય જ્યારે મને પરણનાર જો મમ્મીનો ગોઠવેલો હોય પછી પરોક્ષ રીતે બધું મમ્મીના હાથમાં આવી જાય. એ રાતે અમે છૂટાં પડ્યાં પછી શી ખબર કેમ મને એવું લાગવા માંડ્યું કે મારી આસપાસ કોઈ કાવતરું રચાઈ રહ્યું છે. મને અસુખ થવા માંડ્યું. મને સમજાતું નહોતું કે એવું મને શા માટે થાય છે. મમ્મી મનોમન બહુ જ રાજી હતી. બીજા દિવસે દસેક વાગે તેણે મને કહ્યું, ‘સોનલ ચાલ આપણે જરા બહાર જઈ આવીએ.’ મને એમાં કશું અજુગતું ન લાગ્યું. અમે બેય નીકળ્યા જ કે મારો મોટો ભાઈ સામે મળ્યો. તેણે મમ્મીને પુછ્યું કે ‘ક્યાં જાવ છો?’ તો મમ્મીએ જવાબ આપવાને બદલે એને કહ્યું, ‘ચાલ તું પણ આવ.’ મને હવે કંઈક શંકા પડવા માંડી. મેં મમ્મીને પુછ્યું, ‘મમ્મી આપણે ક્યાં જઈએ છીએ?’ ત્યારે તેણે કહ્યું કે ‘રાતે જે છોકરાની વાત કાઢી હતી તે અહીં જ આવ્યો છે. આપણે તેને મળવા જઈએ છીએ.’ મેં રસ્તાની ધારે ગાડી અટકાવીને મારી નારાજી દર્શાવતા કહી નાખ્યું, ‘મમ્મી મારું એવું શું અટકી રહ્યું છે કે હું કોઈને સામેથી મળવા જાઉં? તમે બધું ગોઠવીને આવ્યાં હતાં તો રાતે પપ્પાને કેમ કહ્યું નહીં?’

મારો ભાઈ મને સમજાવવા લાગ્યો, ‘હું એ છોકરાને ઓળખું છું. બહુ સારો છોકરો છે. એકવાર મળવામાં તારું શું જાય છે મને ગુસ્સો આવ્યો.’ મેં કહ્યું, ‘સંજય તને ખબર નથી કે મમ્મી કયા છોકરાની વાત કરે છે. તો તને કેવી રીતે ખબર પડી કે એ સારો છે?’

મમ્મીને ખ્યાલ આવી ગયો કે સંજયે વટાણા વેરી નાખ્યા છે. તે અંદરથી સળગી ગઈ. તેમ છતાં તેણે મોં પર સ્મિત લાવીને કહ્યું, ‘બેટા નારાજ ન થા. તને ન ગમતું હોય તો ચાલ પાછા જઈએ. તારા પપ્પા કહેતા હતા કે તારું ક્યાંક ગોઠવાઈ જાય તો આપણા ઘરમાં એક શુભ પ્રસંગ આવે.’ મને તે વખતે સમજાયું કે મને શા માટે લાગતું હતું કે કંઈક ખોટું થવાનું છે. મારાથી બોલાઈ ગયું, ‘મમ્મી તમારે પપ્પાને કહેવું જોઈતું હતું કે એ બધાનું સાટું તમે એકલાએ જ ત્રણ લગ્ન કરીને વાળી નાખ્યું છે.’

મને ખબર હતી કે મમ્મીને મારા શબ્દો નહીં ગમે. પણ એ મક્કાર સ્ત્રી એમ હાર માની લે તેવી નથી. તેણે હસી પડતાં કહ્યું, ‘એ વાત ખરી હોં. ચાલ કાર પાછી લે. જોકે મારે આવી ઉતાવળ ન કરવી જોઈએ અને આમેય હું ક્યાં તારી સગી મા છું?’

એ સ્ત્રી એ ક્ષણે ધ્રુસકે ધ્રુસકે રડી પડેલી. મારે ન છુટકે કારને સાઈડમાં પાર્ક કરી તેને શાંત કરવી પડી. ઘડીભર હું ભૂલી ગઈ હતી કે મારી મા મરી ગઈ છે. પણ તે વખતે મને ખબર નહોતી કે મને વળગીને રડી રહેલી સ્ત્રી મને દુનિયામાંથી વિદાય કરી દેવાનું નક્કી કરી રહી હશે. (ક્રમશઃ)■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

# ફન વર્લ્ડ

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दुलारा | વર |
| दुश्वार | દુરાચારી |
| दुश्चरित | અગમચેતી |
| दूल्हा | લાડકું |
| दूरंदेशी | મુશ્કેલ |

## જાણવા જેવું

હિન્દી ફિલ્મોમાં કમેડિયન તરીકે નોખી ભાત પાડનારા દિનેશ હિંગુએ પ્રારંભકાળમાં સોહરાબ મોદી અને સંજીવ કુમાર જેવા દિગ્ગજો સાથે નાટકોમાં કામ કર્યું હતું. ત્યારબાદ બાબુભાઈ મિસ્ત્રીની ગુજરાતી ફિલ્મ ‘સંસારલીલા’માં મોકો મળ્યો જેને પગલે કેટલીક હિન્દી ફિલ્મોમાં અનોખી ભૂમિકા કરવાની તક મળી.

## ગુજરાત મોરી મોરી રે

ટ્રીક ફોટોગ્રાફી અને પૌરાણિક ફિલ્મોથી ખ્યાતિ મેળવનારા બાબુભાઈ મિસ્ત્રીએ કઈ ગુજરાતી ફિલ્મ બનાવી હતી એ કહી શકશો ?

અ) લગ્નફેરા
બ) ગાડાનો બેલ
ક) રાણકદેવી
ડ) ભાદર તારા વહેતા પાણી

## નોંધી રાખો

હિન્દી ફિલ્મોમાં અમિતાભ કી માનું લેબલ મેળવનારાં નિરૂપા રોયએ ઘણી ગુજરાતી ફિલ્મોમાં દેવી અથવા સતીનો રોલ કર્યો હતો.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | | ૨ | ■ | ■ | ૩ | | ૪ | ■ |
| ૫ | | ■ | ૬ | ૭ | ૮ | | ■ | ૯ | ૧૦ |
| | ■ | ■ | ■ | ૧૧ | | ■ | ■ | ■ | |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | | ૧૫ | ■ | ૧૬ | |
| ■ | ૧૭ | ૧૮ | | ■ | ■ | ૧૯ | ૨૦ | | ■ |
| ■ | ૨૧ | | | ■ | ■ | ૨૨ | | | ■ |
| ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | ૨૬ | | ■ | ૨૭ | ૨૮ |
| | ■ | ■ | ■ | ૨૯ | | ■ | ■ | ■ | |
| ૩૦ | ૩૧ | ■ | ૩૨ | | | ૩૩ | ■ | ૩૪ | |
| ■ | ૩૫ | | | ■ | ■ | ૩૬ | | | ■ |

### આડી ચાવી

૧. દાન, સખાવત (૩)
૩. પ્રયાણ (૩)
૫. ફેલાવો, વિસ્તાર (૨)
૬. પુરુષ જાતિ (૪)
૯. ખોળ, તપાસ (૨)
૧૧. બૂમ, અવાજ (૨)
૧૨. આબુમાં આવેલું તળાવ (૨)
૧૪. હળવાપણું (૪)
૧૬. ઝીણી કરચ (૨)
૧૭. ચારે બાજુ (૩)
૧૯. લાકડી પર ચીંથરાં વીટી સળગાવો કાકડો (૩)
૨૧. સંક્રાંત (૩)
૨૨. મુગટ, કિરીટ (૩)
૨૩. --- ને આંચ નહીં (૨)
૨૪. કજિયો, ટંટો (૪)
૨૭. વધારે (૨)
૨૯. સાથે (૨)
૩૦. પૈસો, નાણું (૨)
૩૨. માનવ જાણે મેં કર્યું, --- દૂઝો હોય (૪)
૩૪. છેલ, ફાંકડો (૨)
૩૫. આફત, મુશ્કેલી (૩)
૩૬. એકાગ્ર, લીન (૩)

### ઊભી ચાવી

૧. આંટો, ફેરો (૨)
૨. કાયા, શરીર (૨)
૩. તરફ (૨)
૪. કેફી ચીજોથી ચડતો કેફ (૨)
૫. પ્રવચન (૩)
૭. ફળદ્રુપ (૩)
૧૦. પૃથ્વી
૧૩. ભરચક, ગીચોગીચ (૪)
૧૪. દિલગીરી, શોક (૪)
૧૫. તલવાર (૪)
૧૬. મધુર ધ્વનિ (૪)
૧૮. ફાંસલો (૨)
૨૦. આબરૂ, પ્રતિષ્ઠા (૨)
૨૩. સિંહ (૩)
૨૫. ઊણપ, ખામી (૩)
૨૬. આરામ, વિસામો (૩)
૨૮. કૂદકો, ભૂસકો (૩)
૩૧. સૂર્ય (૨)
૩૨. પ્રમાણ, વિસ્તાર (૨)
૩૩. ટેવ, વ્યસન (૨)
૩૪. હાથ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અં | ધા | ધૂં | ૨ ધી | | | ૩ હે | ૪ યા | ફૂ | ૫ ટું |
| ત | | | રા | | ૬ ભા | યા | ત | | બો |
| ૭ રિ | ૮ વા | જ | | ૯ ભો | | ૧૦ વ | ના | | |
| ૧૧ થા | રી | | ૧૨ સ | ર | ૧૩ ભ | રા | | ૧૪ ઉ | મા |
| ળ | | ૧૫ મો | | | ૧૬ વ | ળ | ૧૭ ત | ર | |
| | ૧૮ સ | હ | ૧૯ દે | ૨૦ વ | | | થ્ય | | ૨૧ સ |
| ૨૨ વા | દી | | ૨૩ હ | ર | ૨૪ ઘ | ડી | | ૨૫ પ | ર્વ |
| | | ૨૬ વે | દ | | ટ | | ૨૭ પા | ર | દ |
| ૨૮ ઢોં | | ૨૯ રા | મ | ણ | | ૩૦ ખ્વા | | | મ |
| ૩૧ ગ | જા | ન | ન | | | ૩૨ બ | હુ | મા | ન |

## ઓળખાણ પડી?



નસીરુદ્દીન શાહનો નેગેટિવ રોલ ધરાવતી ૧૯૯૦ના દાયકાની હિન્દી ફિલ્મની ઓળખાણ પડી? ‘તૂ ચીજ બડી હૈ મસ્ત મસ્ત’ સુપરહિટ હતું.

અ) ખિલાડી   બ) મોહરા   ક) પરંપરા   ડ) બલવાન

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ટ્રેજેડી ક્વીન તરીકે ઓળખાયેલી મીનાકુમારીએ હાસ્ય અભિનેતા કિશોર કુમાર સાથે કઈ ફિલ્મ કરી હતી?

અ) હાફ ટિકિટ   બ) કોહિનૂર   ક) મિસ મેરી   ડ) ભાઈ ભાઈ

## માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મમાં અભિનેત્રીના દીકરાનો રોલ કરનારા કયા અભિનેતાએ અંગત જીવનમાં પછી એ જ અભિનેત્રી સાથે લગ્ન કરી સંસાર માંડ્યો હતો?

અ) દિલીપ કુમાર   બ) રાજ કપૂર   ક) સુનીલ દત્ત   ડ) બલરાજ સાહની

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૭ | | ૧ | | | ૨ |
| | ૨ | ૧ | ૮ | | ૪ | ૫ | ૬ | |
| | | | ૩ | | ૫ | | | |
| ૫ | | ૨ | | | | ૮ | | ૩ |
| | | | | | | | | |
| ૭ | | ૪ | | | | ૯ | | ૬ |
| | | | ૫ | | ૩ | | | |
| | ૪ | ૩ | ૨ | | ૬ | ૭ | ૯ | |
| ૬ | | | ૯ | | ૭ | | | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૮ | ૪ | ૯ | ૩ | ૨ | ૫ | ૬ |
| ૯ | ૩ | ૬ | ૫ | ૨ | ૮ | ૪ | ૭ | ૧ |
| ૨ | ૫ | ૪ | ૭ | ૬ | ૧ | ૯ | ૩ | ૮ |
| ૫ | ૬ | ૧ | ૯ | ૭ | ૨ | ૩ | ૮ | ૪ |
| ૮ | ૯ | ૨ | ૬ | ૩ | ૪ | ૭ | ૧ | ૫ |
| ૩ | ૪ | ૭ | ૧ | ૮ | ૫ | ૬ | ૨ | ૯ |
| ૬ | ૨ | ૩ | ૮ | ૧ | ૯ | ૫ | ૪ | ૭ |
| ૭ | ૮ | ૫ | ૩ | ૪ | ૬ | ૧ | ૯ | ૨ |
| ૪ | ૧ | ૯ | ૨ | ૫ | ૭ | ૮ | ૬ | ૩ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दुबारा | બીજી વાર |
| दुम | પૂંછડી |
| दुरुस्त | યોગ્ય |
| दुर्गम | મુશ્કેલ |
| दुर्दैव | કમનસીબ |

ગુજરાત મોરી મોરી રેઃ
ઉમાકાંત દેસાઈ

ઓળખાણ પડી?
ઈત્તેફાક

માઈન્ડ ગેમ :
સારાંશ

ચતુર આપો જવાબ  માથું ખંજવાળો :
દેવ આનંદ - નૂતન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) ભરત કજરિયા (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભામિની સંપટ (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મીનળ કાપડિયા (૧૪) હેમાંગી કે. મારુ (૧૫) વિપીન શાહ (૧૬) નૂતન વિપીન શાહ (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) ભાવના કવેર (૨૦) ભાવના કર્વે (૨૧) પ્રવીણ વોરા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) મહેશ સંઘવી (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) ડાયના સંતોકે (૩૩) અલકા વાણી (૩૪) નિતીન જયંતીલાલ બજરિયા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) પુષ્પા પટેલ (૪૩) તાહેર ઔરંગાબાદવાલા (૪૪) શીરીન ઔરંગાબાદવાલા (૪૫) મહેશ દોશી (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) વિજય આસર (૪૮) હિંમત ખોલીયા (૪૯) મધુલતા ચંદ્રશેખર માંકડ

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૯૩ જવાબઃ ૧) રાજ કપૂર - એકાર્ડિયન, ૨) વિકી કૌશલ - વીણા, ૩) પ્રતીક ગાંધી - હેન્ડપેન, ૪) વિક્રાંત મેસ્સી - વાયોલિન, ૫) ફરહાન અખ્તર - ગિટાર, ૬) કિશોર કુમાર - તબલા, ૭) આયુષ્યમાન ખુરાના - હાર્મોનિકા

ક્વિઝ ૧૯૪ જવાબઃ ૧) પ્યાસા સાવન, ૨) ગુરુ, ૩) લમ્હે, ૪) શર્મીલી, ૫) સુનયના, ૬) દિલ દેકે દેખો, ૭) ગાઈડ

હેન્રી શાસ્ત્રી

**ફ્લેશ બેક**

# મોહમ્મદ રફીનો અનોખો અંદાજ

## ટોચના હીરો લોકો માટે યાદગાર સોન્ગ આપનારા આ ગાયકે અન્ય અભિનેતાઓ માટે ગાયેલાં ગીત પણ આજે રસિકોને યાદ છે...

આજે ૩૧ જુલાઈ. ૪૬ વર્ષ પહેલા એ દિવસની વરસાદી સાંજે અફલાતૂન ગાયક મોહમ્મદ રફીના દેહાવસનના સમાચાર સાંભળી અનેક રસિકો હચમચી ગયા હતા. ૧૯૪૪થી ૧૯૮૦ દરમિયાન હિન્દી અને ગુજરાતી સહિત અન્ય ભાષાઓમાં ગાયકીની આભા પાથરનારા બેમિસાલ રફીસાબની મ્યુઝિકલ રેન્જ અદ્‌ભુત હતી એટલું જ વિશાળ એમનું યોગદાન હતું. કારકિર્દીના પ્રારંભિક કાળમાં દિલીપ - દેવ - રાજની ત્રિપુટી માટે પાર્શ્વગાયન કરનારા રફી સાહેબે ધર્મેન્દ્ર - રાજેશ ખન્ના - અમિતાભ બચ્ચન માટે પણ ઘણાં ગીત ગાયાં. એમની સંગીત સફર પર નજર નાખતા ધ્યાનમાં આવે છે કે એમણે એવા અભિનેતાઓ માટે પણ પ્લેબેક આપ્યું છે જે ફિલ્મના પડદા પર ગીત રજૂ કરવા માટે જાણીતા નહોતા. આવા કલાકાર માટે પાર્શ્વગાયન કર્યું હોય અને એ ગીત સુપરહિટ થયાં હોય એના ઉદાહરણ મોજુદ છે. એવા પાંચ ગીત વિશે જાણીએ અને આજે એમની પુણ્યતિથિ નિમિત્તે આ અને અન્ય ગીતો માણી એમને સ્મરણ વંદન કરીએ.

**ડેવિડ અબ્રાહમ:**

**નન્હે મુન્ને બચ્ચે તેરી મુઠ્ઠી મેં ક્યા હૈ - બુટ પોલિશ (૧૯૫૪)**



હિન્દી ફિલ્મોમાં બાળકોને ધ્યાનમાં રાખી લખાયેલાં ગીતોમાં આ સર્વશ્રેષ્ઠ છે એ મારો અંગત અભિપ્રાય છે. બાળકો માટેનાં ગીતમાં પડદા પર બાળકો તો હોવાના જ, સાથે વડીલની હાજરી પણ હોય. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સંભવત: એકમાત્ર પુરુષ યહૂદી અભિનેતા ડેવિડને રફીએ પ્લેબેક આપ્યું છે અને એમનાથી જ ગીતનો પ્રારંભ થાય છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સોફેસ્ટિકેટેડ એક્ટર ગણાયેલા ડેવિડ (આખું નામ ડેવિડ અબ્રાહમ ચેઉલકર) અંકલએ ૧૦૦થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો, જેમાં મહદંશે માયાળુ માણસના રોલમાં જોવા મળ્યા. 'મેમદીદી'માં ગામવાસીઓ પર રોફ જમાવતા બહાદુર સિંહ કે 'બુટ પોલિશ'માં ગેરકાયદે દારૂની હેરફેર કરતા જોન ચાચાના પાત્રો સામે દર્શકોને જરાય તિરસ્કાર નથી થતો, ઊલટાનું મમત્વ થાય છે. અદ્‌ભુત ગીતકાર શૈલેન્દ્રએ બાળકોના ભાવને પ્રભાવીપણે રજૂ કર્યા છે અને આશા ભોસલે સાથેના આ યુગલગીતમાં રફીસાબની ગાયકીએ ડેવિડ અંકલને માત્ર બાળકોના જ નહીં સર્વવયના દર્શકોના ફેવરિટ બનાવી દીધા છે. શૈલેન્દ્રના શબ્દો, શંકર જયકિશનની સરળ ધૂન, માણસમાત્ર માટે મમત્વ ધરાવતા મોહમ્મદ રફીનો અવાજ, ડેવિડ અંકલનો માયાળુ ચહેરો અને ફિલ્માંકનમાં સાદગી એ પંચામૃત માણવા જેવું છે.

**શેખર:**

**તુજે ક્યા સુનાઉં મૈં દિલરુબા - આખરી દાવ (૧૯૫૮)**



હિન્દી ફિલ્મ ઈતિહાસના કેટલાક અજાણ્યા અને આકરા લાગે - કઠે એવા હીરોમાં એક નામ છે શેખરનું. 'આખરી દાવ'માં નૂતનના નાયક બનેલા મિસ્ટર શેખરને મીના કુમારીના હીરો (ચાંદની ચોક) બનવાનું સદ્‌ભાગ્ય પણ સાંપડ્યું હતું. મજરૂહ સુલતાનપુરી લિખિત અને મદન મોહનએ સ્વરબદ્ધ કરેલા આ ગીતમાં એક પણ પંક્તિ ગાયા વિના અને ગીતના ભાવમાં ગૌણ હોવા છતાં ગીત જોયા પછી નૂતન જ સ્મરણમાં રહે છે. એને અભિનેત્રીની આવડત સમજવી કે હીરોની અણઆવડત સમજવી એ ગીત જોઈને જાતે નક્કી કરી લેવું. કન્યાઓની પિકનિકમાં કુંવર ભાવશૂન્ય હોવા છતાં ગીત કેટલું ભાવવાહી બન્યું છે એનો પ્રમુખ શ્રેય નૂતનના એક્સપ્રેશન્સને અને રફી સાહેબના મખમલી અવાજને ટેંક કર્ણમધુર ધૂનને જાય છે. ૧૯૬૦ના દાયકામાં અનેક પ્રેમીઓ પોતાની પ્રેયસી માટે આ ગીત ગણગણવા પ્રેરાયા હશે એમાં બેમત નહીં. રફી સાહેબના માધુર્યને કારણે એક ભાવહીન ચહેરો ધરાવતા નાયકના ગીતને અમર કરી દીધું એ કેવી મોટી વાત કહેવાય.

**પ્રેમનાથ:**

**મોહબ્બત ઝિંદા રહતી હૈ - ચંગેઝ ખાન (૧૯૫૭)**




રાજ કપૂરની 'બરસાત'માં સહાયક અભિનેતા તરીકે પ્રથમ વાર લોકપ્રિયતા મેળવનારા પ્રેમનાથે ૧૯૫૦ના દાયકામાં કેટલીક ફિલ્મોમાં હીરો તરીકે કામ કર્યું હતું એ ખરું, પણ એમને વિશેષ લોકપ્રિયતા મળી સહાયક અભિનેતા (વિલન અથવા મુખ્ય કલાકારના પિતા ઈત્યાદિ તરીકે) એ હકીકત છે. અહીં આપણે જે ફિલ્મમાં ગીતની વાત કરી છે એમાં પ્રેમનાથ હીરો હતા, પણ એ સમયના હેન્ડસમ યુવાન સિવાય અન્ય લાક્ષણિકતા એમની પાસે નહોતી. લગભગ સવા ચાર મિનિટના આ ગીતમાં પ્રેમનાથ બંધક અવસ્થામાં અને હિરોઈન બીના રાય મૂર્છિત અવસ્થામાં છે અને ગીતનું ફિલ્માંકન ભાવહીન છે. આટલા માઈનસ પોઈન્ટ હોવા છતાં ગીત અવિસ્મરણીય બન્યું છે, આજે પણ સાંભળવું ગમે છે એનો સંપૂર્ણ શ્રેય મોહમ્મદ રફીને જાય છે. ગીતની પંક્તિમાં જ્યારે રફીસાહેબ તાર સ્વરમાં 'ચલી આ' ગાય છે ત્યારે એ બૂમ પાડી હોય એવું નથી લાગતું, બલકે આજીજીભરી વિનવણી લાગે છે. ગીતોના શબ્દો (ગીતકાર કમર જલાલાબાદી) અને રફીના ગળાની જુગલબંદીનો આ પ્રતાપ છે. રાજા ચંગેઝ ખાન, ફિલ્મ 'ચંગેઝ ખાન' તેમજ પ્રેમનાથ સુધ્ધાં આજે વિસરાઈ ગયા છે, નથી વિસરાયું આ ગીત.

**અજિત:**

**ચમન કે ફૂલ ભી તુજકો ગુલાબ કેહતે હૈં - શિકારી (૧૯૬૩)**

'સારા શહર મુજે લોયન કે નામ સે જાનતા હૈ' અને 'લિલી ડોન્ટ બી સિલી' જેવા ડાયલોગ અને ખલનાયકના પાત્રોથી જ સ્મરણપટ પર રહેલા હમીદ અલી ખાન - આપણા અજિતે પડદા પર ગીત ગાયું હોય અને રફીનું પ્લેબેક? થોડા ચોંકી જવાય એ ખરું, પણ હેન્ડસમ અને ભરાવદાર શરીરને કારણે અજિતે હીરો બનવાની ઈચ્છા રાખી હોય તો એ સ્વાભાવિક કહેવાય. જોકે, 'જીવનસાથી' (૧૯૪૯)થી 'મૈં હૂં અલાદ્દીન' (૧૯૬૫) સુધી મોહમ્મદ રફીએ ૪૫ ગીતમાં ફિલ્મના હીરો અજિતને પ્લેબેક આપ્યું છે, પણ એમાં માત્ર ત્રણ જ ગીત (૧૦ ટકાથી પણ ઓછા) એવા છે જે યાદ રહી ગયાં હોય અને આજે પણ સાંભળવા ગમે એવા છે. ત્રણેય યુગલ ગીત લતાદીદી સાથેના છે. પહેલું છે ૧૯૫૫માં આવેલી 'બરદારી'નું 'ભૂલા નહીં દેના જી ભૂલા નહીં દેના, ઝમાના ખરાબ હૈ ભૂલા નહીં દેના'. બીજું છે ૧૯૫૬ની 'હલાકુ'નું 'આજા કે ઈન્તઝાર મેં' અને ત્રીજું છે 'ચમન કે ફૂલ ભી તુજકો ગુલાબ કેહતે હૈં'. જોકે, આ ગીત યુટ્યૂબ પર નિહાળતી વખતે પહેલી જ રોમેન્ટિક લાઈનમાં અજિતના દેદાર અને હાવભાવ જોશો તો તરત બોલી ઉઠશો કે આ કલાકાર ખલનાયક તરીકે દીપી ઉઠે. હિન્દી ફિલ્મોમાં એવા અનેક ગીત છે જે પડદા પર દીઠા ન ગમે પણ સંગીત - ગાયકીને કારણે કાયમ સાંભળવા ગમે. 'શિકારી'ના આ ગીત રફીસાબને કારણે જ એ પંક્તિમાં બિરાજમાન છે.



**મનમોહન કૃષ્ણ:**

**તૂ હિંદુ બનેગા ન મુસલમાન બનેગા - ધૂલ કા ફૂલ (૧૯૫૯)**



હિન્દી ચિત્રપટ સૃષ્ટિનો ઈતિહાસ તપાસતા ખ્યાલ આવે છે કે કેટલાંક પાત્રો કાયમ આજીજી ભાવ સાથે દર્શકોની અનુકંપા મેળવવા જ જાણે સર્જાયા હોય. દુ:ખના પહાડ નીચે દબાયેલા ચહેરા સાથે ફરતા રહેતા આ પાત્રો ભજવનારા કલાકારોમાં એક નામ હતું મનમોહન કૃષ્ણનું. ૧૯૫૮ની 'સાધના'થી ૧૯૭૮ની 'ત્રિશુલ' સુધી ચોપડા બંધુઓ (બી. આર. ચોપડા અને યશ ચોપડા)ની ફિલ્મોમાં નિયમિતપણે નજરે પડેલા આ કલાકારે યશ ચોપડા દિગ્દર્શિત પહેલી ફિલ્મ 'ધૂલ કા ફૂલ'માં દયાળુ સ્વભાવના અબ્દુલ રશીદનું પાત્ર સાકાર કર્યું હતું. ત્યજી દેવાયેલા બાળકનો યોગ્ય રીતે ઉછેર કરી શકાય એ માટે કોઈ કસર બાકી નહીં રાખતા આ પાત્ર માટે મનમોહનજીને શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો ફિલ્મફેર અવોર્ડ મળ્યો હતો. બિનસાંપ્રદાયિકતાનો મહિમા ગાતા ગીતનું પિક્ચરાઈઝેશન અભિનેતા પર કરવામાં આવ્યું છે. યોગાનુયોગ રફી અને મનમોહન કૃષ્ણ (આ ગીતમાં ગાયક અને અભિનેતા) બંને ઋજુ સ્વભાવના ઈન્સાન હતા. એટલે ગીતના ભાવ સ્વરમાં અને ચહેરા પર એમ બંને જગ્યાએ બખૂબી ઉભરી આવ્યા છે. રફી - મનમોહનની જુગલબંદી૧૯૫૫ની 'રેલવે પ્લેટફોર્મ' (સુનીલ દત્તની પહેલી ફિલ્મ)માં પણ જોવા મળી હતી. ફિલ્મનું ગીત 'બસ્તી બસ્તી પર્બત પર્બત ગાતા જાએ બંજારા' બે વાર આવે છે. પહેલી વાર ટાઈટલ વખતે અને બીજી વાર અધવચ્ચે. રફીનું આ ગીત આજે પણ અનેક લોકોને યાદ હશે. ■

**કલેપ એન્ડ કટ..!**

સિદ્ધાર્થ છાયા

## શું હું લાયક છું?



રણબીર કપૂર

જ્યારથી 'રામાયણ'માં રામની ભૂમિકામાં રણબીર કપૂરને ફાઇનલ કરવામાં આવ્યો ત્યારથી તેના વિશે મીડિયા અને સોશ્યલ મીડિયામાં સતત વાતો થતી રહી છે. મોટેભાગે આ વાતોમાં ટીકા જ છવાયેલી રહી છે. પહેલાં તો રણબીરના ખાનપાન અને તેના ખાનદાન વિશે વાતો ચાલી. પછી જ્યારે ફિલ્મનો ફર્સ્ટ લુક સામે આવ્યો ત્યારે 'રણબીર રામ જેવો નથી લાગતો' એવી ચર્ચા પણ ચાલી. હવે રણબીરે સામે ચાલીને આ બધી ટીકાઓ વિશે પોતાના વિચારો આપણી સામે મૂક્યા છે.

રણબીરે કહે છે કે જ્યારે સહુથી પહેલાં તેને આ રોલ ઓફર થયો ત્યારે તેના મનમાં પહેલો પ્રશ્ન એ આવ્યો હતો કે, શું હું આ રોલ માટે લાયક છું ખરો? કારણ કે રણબીરના માનવા અનુસાર રામનો રોલ તો તેના જીવનની સહુથી મોટી ગિફ્ટ હતી. બાદમાં તેણે વિચાર કર્યો કે જે ઇતિહાસ આપણે છેલ્લાં ૪,૦૦૦થી પણ વધુ વર્ષથી જાણીએ છીએ તેના શિરમોર જેવા પાત્રની ભૂમિકા ભજવવી એ તેના માટે એક જવાબદારી છે અને તે એ જવાબદારી નિભાવશે. આમ, અંતરાત્માનો અવાજ સાંભળીને રણબીરે રામનો રોલ સ્વીકાર્યો હતો.

'પોતે રામ જેવો નથી લાગતો' એ વિશે જવાબ આપતા રણબીરે કહ્યું કે ભગવાન રામનો એક ખાસ ચહેરો નથી. ભક્તો રામના ચહેરાને પોતાની કલ્પના અનુસાર જુએ છે. જો અમુક લોકો એમ માને છે કે રામ તરીકે મારું કાસ્ટિંગ બરાબર નથી, તો અમુક લોકો એમ માને છે કે આ રોલ માટે મારું કાસ્ટિંગ યોગ્ય છે, પરંતુ તેના મતે તેણે સાચી ભાવના સાથે આ રોલ કર્યો છે. આથી ભગવાન રામના રોલ અંગે પોતે સંતુષ્ટ છે.

## લો, 'ટાઈગર' હવે ફૂટબોલ રમશે...




ટાઈગર શ્રોફ

આજકાલ ગુજરાતનાં શહેરોમાં સિંહ અને દીપડા ફરતા થયા છે, પરંતુ કદાચ શિલોંગમાં ટાઈગર ફૂટબોલ રમતો દેખાય તો નવાઈ ન પામતા. આમ તો ફિલ્મી કલાકારો શોખ માટે કે ચેરિટી માટે સ્પોર્ટ્સ રમતા હોય એ તો આપણે જોયું છે, પરંતુ જેકી પુત્ર ટાઈગર શ્રોફ હવે પ્રોફેશનલી ફૂટબોલર બનવા તરફ અનેક ડગલાં આગળ વધી ચૂક્યો છે. ટાઈગર મુંબઈ એફ.સી. માટે ૧૩૫મા ડુરાંડ કપમાં રમતો દેખાશે.

આના માટે ટાઈગર ખૂબ મહેનત પણ કરી રહ્યો છે. આ ક્લબ મુંબઈના વ્યાપારી અલી અહમદની માલિકીની છે. ટાઈગર ઉપરોક્ત મેચ રમવા માટે રેગ્યુલર પ્રેક્ટિસ કરે છે અને તેણે કોચિંગ સ્ટાફને પણ ઇમ્પ્રેસ કર્યો છે. હવે જો ટાઈગર ખરેખર મુંબઈ એફ.સી. તરફથી આટલી મહત્ત્વની મેચ રમશે તો તે મિઝોરમની રાજધાની આઇઝોલમાં રમતો પણ જોવા મળશે. આશા કરીએ કે ટાઈગર ફૂટબોલ ફક્ત પોતાના પેશન માટે જ રમે છે, નહીં કે વૈકલ્પિક કારકિર્દીના વિકલ્પ તરીકે...!

## લવ, વોર એન્ડ 'લીલા'




સંજય લીલા ભણસાલી પોતાની ભવ્ય ફિલ્મો માટે જાણીતા છે, પરંતુ હવે તે ફિલ્મનું પ્રમોશન અલગ રીતે કરવા માટે પણ કદાચ જાણીતા બની શકે છે. સંજયભાઈની આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર', જેમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ છે, તેનું પ્રમોશન તે સાવ અલગ રીતે કરવાના છે. સામાન્ય રીતે આપણે ત્યાં એક પ્રથા થઈ ગઈ છે કે આવનારી ફિલ્મોનું પ્રમોશન એક નક્કી ક્રમમાં થાય. પહેલાં મોશન પોસ્ટર આવે, પછી ટીઝર આવે, ત્યારબાદ ટ્રેલર આવે. પછી પ્રેસ કોન્ફરન્સ થાય અને કલાકારો તથા ટીમ અલગ-અલગ ટીવી ચેન્લસ પર અને શહેરોમાં જઈને ફિલ્મને પ્રમોટ કરે.

જોકે સંજયભાઈ પોતાની ફિલ્મ માટે સાવ નવી 'લીલા' કરવાના છે. તેમણે 'લવ એન્ડ વોર'ના પ્રચારની રણનીતિ નક્કી કરવા માટે વિશ્વાસુ લોકોની ખાસ ટીમ બનાવી છે. આ લોકો ચીલાચાલુ પ્રથાને તોડીને સાવ અલગ રીતે પ્રમોશનની સ્ટ્રેટેજી નક્કી કરવામાં અત્યારે વ્યસ્ત છે. ખુદ 'ગબ્બર' (એટલે કે ખાનગીમાં એમેનું નામ! ) સંજય લીલા ભણસાલી આ ટીમને લીડ કરી રહ્યા છે. જે રીતે પોતાની ફિલ્મોમાં ભવ્યતામાં જરાય ખોટ ન વર્તાય એવી જ રીતે આ રણનીતિમાં પણ કોઈ ઉણપ ન રહી જાય તેનું ખાસ ધ્યાન ડાયરેક્ટર સાહેબ રાખી રહ્યા છે.

આ ટીમ એ નક્કી કરશે કે કઈ અલગ અથવા તો સાવ નવી રીતે 'લવ એન્ડ વોર'નું પ્રમોશન કરવું, જે અત્યાર સુધી જે રીતે ફિલ્મો માટે નથી થયું. તેમનો આશય એવો છે કે આ પ્રમોશન સીધું ફિલ્મ જોવા આવનારા દર્શકોને અસર કરે અને તેમને સંમોહિત કરી નાખે એવું બને. આ ફિલ્મનું પ્રથમ પ્રમોશન ઓગસ્ટ મહિનાના મધ્યમાં આપણી સમક્ષ આવશે અને ત્યારબાદ 'લવ એન્ડ વોર'ની પ્રમોશન યાત્રા શરૂ થઈ જશે. ■

**કટ એન્ડ ઓકે...**

*ટી-સિરીઝે 'રામાયણ' ફિલ્મના બંને ભાગના મ્યુઝિક રાઇટ્સ કુલ રૂપિયા ૭૫ કરોડમાં ખરીદી લીધા છે.*

**શો-શરાબા**

દિવ્યકાંત પંડ્યા

# આ ફ્લોપ ગણાતી ફિલ્મસ આગળ જતા અચાનક ક્લાસિક કઈ રીતે બની ગઈ...?

## રિલીઝ વખતે નિષ્ફળ ગયેલી ફિલ્મ્સ આજે કેમ માસ્ટરપીસ ગણાય છે?

દરેક શુક્રવારે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં એક જ પ્રક્રિયા થાય છે. ફિલ્મ રિલીઝ થાય, પહેલા દિવસનાં કલેક્શન આવે, સોશ્યલ મીડિયા પર લોકોના અભિપ્રાય આવે અને બે-ત્રણ દિવસમાં જ ફિલ્મને હિટ, ફ્લૉપ, બ્લોકબસ્ટર કે ડિઝાસ્ટરનો ટેગ મળી જાય, પરંતુ સિનેમાનો ઇતિહાસ વારંવાર એક વાત સાબિત કરતો આવ્યો છે કે બોક્સ ઓફિસનો પહેલો ચુકાદો હંમેશાં અંતિમ ચુકાદો હોતો નથી. ઘણી એવી ફિલ્મ્સ છે જે રિલીઝ વખતે ખાસ ચાલી નહોતી, પરંતુ વર્ષો પછી લોકોના દિલમાં એવી રીતે વસીને રહી ગઈ કે આજે તેમને ક્લાસિક ગણવામાં આવે છે.







આવી ફિલ્મ્સમાં કદાચ સૌથી પહેલું નામ 'અંદાઝ અપના અપના'નું આવે. ૧૯૯૪માં આવેલી આ ફિલ્મમાં આમિર ખાન અને સલમાન ખાન જેવા બે મોટા સ્ટાર હતા. છતાં ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી નહોતી. આજે સ્થિતિ એવી છે કે અમર, પ્રેમ, ક્રાઇમ માસ્ટર ગોગો અને તેજા જેવાં પાત્રો ભારતીય પોપ કલ્ચરનો ભાગ બની ગયાં છે.

ફિલ્મના ડાયલોગ્સ આજે પણ મીમ્સમાં, સોશ્યલ મીડિયા પોસ્ટ્સમાં અને રોજિંદી વાતચીતમાં સાંભળવા મળે છે.







આવું જ કંઈક 'જાને ભી દો યારો' સાથે થયું હતું. ૧૯૮૩માં આવેલી આ ફિલ્મને ત્યારે બહુ ઓછા લોકોએ પસંદ કરી હતી. ભ્રષ્ટાચાર, રાજકારણ, મીડિયા અને સત્તા પર વ્યંગ કરતી આ ફિલ્મ સામાન્ય દર્શકો માટે કદાચ ખૂબ અલગ હતી. આજે તે ભારતીય સિનેમાની શ્રેષ્ઠ વ્યંગાત્મક ફિલ્મ્સમાં ગણાય છે.

આ યાદીમાં 'કાગઝ કે ફૂલ'નું નામ ખાસ મહત્ત્વનું છે. ગુરુ દત્તની આ ફિલ્મ ૧૯૫૯માં રિલીઝ થઈ ત્યારે નિષ્ફળ ગઈ હતી. દર્શકોને ફિલ્મ પસંદ ન પડી અને તેની નિષ્ફળતા ગુરુ દત્તને વ્યક્તિગત રીતે પણ ભારે પડી હતી, પરંતુ આજે આ જ ફિલ્મને વિશ્વભરના ફિલ્મપ્રેમીઓ માસ્ટરપીસ તરીકે જુએ છે. તેની સિનેમેટોગ્રાફી અને ભાવનાત્મક ઊંડાણ આજે પણ અભ્યાસનો વિષય છે.




રાજ કપૂરની 'મેરા નામ જોકર'ની કહાની પણ આવી જ છે. આ ફિલ્મ બનાવવા માટે તેમણે વર્ષોનો સમય અને ભારે ખર્ચ કર્યો હતો, પરંતુ ૧૯૭૦માં રિલીઝ થયેલી ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ. તે સમયે થયેલા નુકસાનને કારણે આર.કે. સ્ટુડિયોને પણ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આજે ઘણા ફિલ્મ વિવેચકો તેને રાજ કપૂરની સૌથી હિંમતભરી અને વ્યક્તિગત ફિલ્મ્સમાં ગણે છે.

આવું જ દેવ આનંદની ફિલ્મ 'ગાઈડ' સાથે થયું. શરૂઆતમાં નિષ્ફળ ગણવામાં આવેલી 'ગાઈડ'ની ગણના આજે 'ઓલ ટાઈમ ક્લાસિક' તરીકે થાય છે.

ઘણી વખત ફિલ્મ્સ ફ્લોપ એટલા માટે જાય છે કે તે પોતાના સમયથી આગળ હોય છે. 'લમ્હે' તેનું ઉત્તમ ઉદાહરણ છે. ૧૯૯૧માં આવેલી આ ફિલ્મમાં સંબંધોની એવી રજૂઆત હતી જે તે સમયના દર્શકો માટે સ્વીકારવી મુશ્કેલ હતી. ફિલ્મને સમીક્ષકોનો પ્રેમ મળ્યો, પરંતુ દર્શકોનો નહીં. વર્ષો પછી જ્યારે નવી પેઢીએ ફિલ્મ જોઈ ત્યારે તેના વિષય અને સંવેદનશીલતાની પ્રશંસા થઈ. આજે 'લમ્હે' યશ ચોપરાની શ્રેષ્ઠ ફિલ્મ્સમાં ગણાય છે.

૨૦૦૦ના દાયકામાં 'સ્વદેશ' રિલીઝ થઈ ત્યારે ઘણા લોકોને તે ધીમી અને ગંભીર લાગી હતી, પરંતુ આજે શાહરુખ ખાનની શ્રેષ્ઠ ફિલ્મ્સની ચર્ચા થાય ત્યારે 'સ્વદેશ'નું નામ લગભગ દરેક યાદીમાં જોવા મળે છે. તેવી જ રીતે 'લક્ષ્ય' પણ શરૂઆતમાં બહુ મોટી હિટ નહોતી, પરંતુ આજે અનેક યુવાનો માટે તે પ્રેરણાદાયી ફિલ્મ બની ગઈ છે.

'રોકેટ સિંહ: સેલ્સમેન ઓફ ધ યર'નું ઉદાહરણ પણ રસપ્રદ છે. ૨૦૦૯માં આવેલી આ ફિલ્મ સામાન્ય સેલ્સમેન અને વ્યવસાયમાં ઈમાનદારી વિશે હતી. તે સમયના દર્શકોને કદાચ તેમાં જરૂરી મસાલો દેખાયો નહીં. પરંતુ આજે સ્ટાર્ટઅપના યુગમાં ફિલ્મ પહેલાં કરતાં વધુ પ્રાસંગિક લાગે છે.

છેલ્લાં વર્ષોમાં પણ આવી ઘણી ફિલ્મ્સ જોવા મળી છે. 'તમાશા' તેનું સૌથી મોટું ઉદાહરણ છે. ૨૦૧૫માં રિલીઝ થયેલી ફિલ્મને શરૂઆતમાં મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. ઘણા લોકોને લાગ્યું કે આ સામાન્ય પ્રેમકથા નથી અને ફિલ્મને સમજવામાં મુશ્કેલી પડી, પરંતુ સમય જતાં ખાસ કરીને યુવા દર્શકોમાં ફિલ્મનો એક અલગ જ ચાહક વર્ગ ઊભો થયો. ઘણા લોકો માટે તે માત્ર ફિલ્મ નહીં પરંતુ પોતાની ઓળખ શોધવાની સફર બની ગઈ છે.

તાજેતરમાં 'લાપતા લેડીઝ'નું ઉદાહરણ પણ રસપ્રદ છે. થિયેટરમાં ફિલ્મને સારો પ્રતિસાદ મળ્યો હતો, પરંતુ તેનો ખરેખરો પ્રભાવ ઓટીટી પર આવ્યો. ઘણા એવા લોકો જેમણે ફિલ્મ થિયેટરમાં નહોતી જોઈ, તેમણે પછી સ્ટ્રીમિંગ પર જોઈ અને તેના વિશે ચર્ચા શરૂ કરી.

આવી ફિલ્મ્સ પછી લોકપ્રિય કેમ બને છે? તેનું સૌથી મોટું કારણ દર્શકોની બદલાતી આદતો છે. પહેલાં ફિલ્મનું જીવન મુખ્યત્વે થિયેટર સુધી મર્યાદિત હતું. આજે ફિલ્મ્સ ઓટીટી, ટેલિવિઝન, યુટ્યુબ ક્લિપ્સ, સોશ્યલ મીડિયા અને રીલ્સ દ્વારા વર્ષો સુધી જીવંત રહે છે.

બીજું કારણ એ છે કે સમાજ પણ બદલાય છે. કેટલીક ફિલ્મ્સના વિચારો પોતાના સમય કરતાં આગળ હોય છે. જે વિષય આજે સામાન્ય લાગે છે તે કદાચ દસ વર્ષ પહેલાં સ્વીકાર્ય ન હોય. સમય સાથે દર્શકોની સમજણ અને પસંદગીઓ બદલાય છે, અને ઘણી વખત દુનિયા ફિલ્મના વિચારો સુધી પહોંચવામાં મોડું કરે છે. આખરે, બોક્સ ઓફિસ માત્ર એ બતાવે છે કે કોઈ ફિલ્મે એક ચોક્કસ સમયગાળામાં કેટલા ટિકિટ વેચ્યા, પરંતુ કોઈ ફિલ્મની અસલી સફળતા એમાં છે કે વર્ષો પછી પણ લોકો તેને યાદ રાખે છે કે નહીં! ■

**લાસ્ટ શોટ**

*'સૂર્યવંશમ'નું કલ્ટ સ્ટેટસ એટલું અનોખું છે કે ફિલ્મ કરતાં વધારે તેનું વારંવારનું સેટ મેક્સ પરનું ટેલિકાસ્ટ પોપ કલ્ચરનો ભાગ બની ગયું.*

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# કેકે મેનન
## વિવિધતાસભર અભિનયથી દીપી ઊઠતો કલાકાર



કૃષ્ણ કુમાર મેનન તરીકે નહીં, પણ કેકે મેનન તરીકે બોલિવૂડની ફિલ્મોમાં નામના મેળવનાર આ કલાકારે ખૂબ જ લાંબી મજલ કાપી છે એમ કહીએ તો એમાં કાંઈ જ ખોટું નથી. કેકે મેનને હિન્દી ઉપરાંત ગુજરાતી, તમિળ, મરાઠી અને તેલુગુ ફિલ્મોમાં અભિનય કરીને પોતાનું એક અલગ જ સ્થાન ઊભું કર્યું છે.

ટૂંક સમયમાં જ કેકેની ઓટીટી સિરીઝ 'આદર્શ બાલ વિદ્યાલય' શરૂ થવાની છે. ફિલ્મો ઉપરાંત ટી. વી. સિરિયલો અને ઓટીટી પર રજૂ થનારી સિરીઝ બધામાં જ કેકે રીતસરનો અભિનયનો જાદુ પાથરે છે. અમિતાભ બચ્ચન-સંજય દત્ત (દીવાર), વરુણ ધવન (એબીસીડી), અમિતાભ બચ્ચન-અભિષેક બચ્ચન (સરકાર), ફરદીન ખાન-ફિરોઝ ખાન (એક ખિલાડી એક હસીના), ધર્મેન્દ્ર-શિલ્પા શેટ્ટી, શાઈની આહુજા-ઈરફાન ખાન (લાઇફ ઇન અ મેટ્રો), નીલ નીતિન મુકેશ, દિપીકા પદુકોણ (લફંગે પરિન્દે), અક્ષય કુમાર-અનુપમ ખેર-તાપસી પન્નુ (બેબી), ટાઇગર શ્રોફ-જેકલીન ફર્નાન્ડીઝ (અ ફ્લાઇંગ જાટ) જેવી ફિલ્મોમાં નેગટિવ ભૂમિકાઓ કરીને અને ઘણી ફિલ્મોમાં પૉઝિટિવ ભૂમિકા કરીને પણ કેકે છવાઈ ગયો છે.

૧૯૯૫થી બોલિવૂડની સાથે જ ટી. વી. પર પણ શરૂઆત કરનારા કેકેનો જન્મ કોઝિકોડે-કેરળના એક મલયાલી કુટુંબમાં થયો છે. એનો ઉછેર મહારાષ્ટ્રના પૂણે અને અંબરનાથમાં થયો છે. તેણે શાળાનું શિક્ષણ પૂનામાં લીધું છે અને મુંબઈ યુનિવર્સિટીમાંથી તેણે ફિઝિક્સમાં બેચલરની ડિગ્રી મેળવી છે. ત્યાર બાદ ૧૯૮૮માં તેણે પૂના યુનિવર્સિટીમાંથી એમબીએની ડિગ્રી મેળવી છે.

તેણે શરૂઆતમાં કાઈનેટિક હોન્ડા અને માર્લબોરો સિગારેટ જેવી બ્રાન્ડમાં મોડેલિંગ કર્યું હતું. ફિરોઝ અબ્બાસ ખાનના નાટક 'મહાત્મા વર્સિસ ગાંધી'થી તેણે નાટકમાં અભિનયની શરૂઆત કરી હતી. આ નાટક દરમિયાન જ તેની ઓળખાણ નિવેદિતા ભટ્ટાચાર્ય સાથે થઈ અને આ મુલાકાત પ્રેમમાં પરિણમી અને ૨૦૦૨માં બન્ને પરણી ગયાં...

કારકિર્દીની શરૂઆતમાં તેણે ટી. વી. પર ઘણું કામ કર્યું છે. જેમાં ઝી ટીવીની રિશ્તે, સેટરડે સસ્પેન્સ, ઝી ટીવી જ પ્રધાનમંત્રી જેવી સિરિયલોનો સમાવેશ થાય છે. કેતન મહેતા દિગ્દર્શિત 'પ્રધાનમંત્રી' સિરિયલથી તેના અભિનયનાં વખાણ થવા લાગ્યાં અને ધીમે-ધીમે તે અભિનેતા તરીકે સ્થાપિત થતો ગયો હતો. એ જ દરમિયાન એટલે કે ૧૯૯૫માં તેને 'નસીમ' ફિલ્મમાં એક નાનકડી ભૂમિકા મળી હતી, પણ તેની કારકિર્દીની ખરી શરૂઆત સન, ૨૦૦૦થી થઈ એમ કહી શકાય.

અનુરાગ કશ્યપની 'પાંચ' ફિલ્મમાં તેને સારી ભૂમિકા મળી હતી, પણ આ ફિલ્મ સેન્સરશિપમાં અટવાય અને રિલીઝ ન થઈ. આ જ દરમિયાન તેને 'હજારો ખ્વાહિશે ઐસી' અને 'બ્લૅક ફ્રાઇડે' જેવી ફિલ્મ પણ મળી હતી. જોકે, આ ફિલ્મોની રિલીઝ પણ લંબાઈ ગઈ હતી. ત્યાં જ ૨૦૦૪માં તે 'દીવાર' અને 'સિલસિલે' જેવી ફિલ્મો આવી. એકમાં અમિતાભ બચ્ચન-સંજય દત્ત-અક્ષય ખન્ના જેવું કલાકારો સામે તેને મુખ્ય વિલન જેવી ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મથી તેની ઓળખ જામી ગઈ અને ત્યાર બાદ તેને સારી ભૂમિકાઓ-મોટી ભૂમિકાઓ મળવા લાગી.

૨૦૦૫માં રામગોપાલ વર્મા દિગ્દર્શિત 'સરકાર' ફિલ્મમાં અમિતાભ બચ્ચન-અભિષેક જેવા કલાકારોની વચ્ચે પણ કેકેનું કામ વખણાયું હતું. આ ફિલ્મ બાળ ઠાકરે આધારિત હોવાનું કહેવાય છે, જેમાં કેકેએ અમિતાભના મોટા પુત્રની ભૂમિકા ભજવી હતી. ફિલ્મોની સાથે જ કેકેએ ઓટીટીની સિરીઝમાં કામ કરવાનું શરૂ કર્યું. ૨૦૨૦માં તેની 'સ્પેશ્યલ ઓપ્સ' નામની નીતેજ પાંડેની સિરીઝ આવી. એમાં મુખ્ય ભૂમિકા હતી. ૨૦૨૦માં આવેલી આઠ એપિસોડની આ સિરીઝમાં કેકે હિમ્મતસિંહની ભૂમિકામાં રીતસરનો જમી ગયો હતો અને લોકોને એ પણ ખૂબ ગમી હતી. તેના પગલે ૨૦૨૧માં તેની બીજી સીઝન આવી 'સ્પેશ્યલ ઓપ્સ ૧.૫ ધ હિમ્મત સ્ટોરી' એ પણ ખૂબ લોકપ્રિય થઈ હતી. ત્યાર પછી ફર્ઝી, બમ્બઈ મેરી જાન, રેલવે મેન, મુર્શિદ જેવી સિરીઝમાં તેને મુખ્ય ભૂમિકા મળી હતી.

વરુણ ધવન અને સામંથા રૂથ પ્રભુની 'સિટાડેલ-હની બની'માં કેકે ફરી અલગ પાત્રમાં ઊપસી આવ્યો હતો. હવે તેની 'આદર્શ બાલ વિદ્યાલય' શરૂ થઈ ચૂકી છે. તેમાં કેકેની જ મુખ્ય ભૂમિકા છે. આમાં તેની સાથે અર્ચના પૂરન સિંહ, પ્રાચી શાહ, અભિમન્યુ સિંહ અને દેવેન ભોજાણી જેવાં કલાકારો છે.

કેકેએ શરૂઆતથી જ વિવિધતાસભર ભૂમિકાઓ કરવા પર ધ્યાન આપ્યું છે અને આ વાત તેણે ફિલ્મો, ટી. વી. સિરિયલ, ઓટીટી બધામાં જ ધ્યાનમાં રાખી છે. પરિણામે આજે કેકેએ બોલિવૂડમાં પોતાનું અલગ જ સ્થાન ઊભું કર્યું છે. અભિનયમાં સતત આગળ વધનારા કેકેને એની લગભગ ૩૦ વર્ષની કારકિર્દીમાં નસીબે પણ સારો સાથ આપ્યો છે. એના માટે બીજું મહત્ત્વનું અને સારું પાસું એ છે કે તે કોઈ દિવસ કોઈ પણ પ્રકારના વિવાદમાં ફસાયો નથી. તેને બસ પોતાના કામમાં જ રસ છે અને તેને જે ભૂમિકા મળે તેમાં તે કેટલી નવીનતા લાવી શકે એમ છે તેનાં પર જ ધ્યાન આપે છે.

OTTનું હોટસ્પોટ

### એક ઑગસ્ટથી સાત ઑગસ્ટ સુધી શું આવશે તમારા દીવાનખંડમાં...?

આ અઠવાડિયાની સૌથી મોટી હાઇલાઇટ એ 'રિયાલિટી શો' જેવો 'ભોજપુરી બવાલ' નામનો શો છે. આ શોમાં ભોજપુરી ફિલ્મોનાં સુપરસ્ટાર જોઈ શકાશે, જેમાં દિનેશ લાલ યાદવ, પવન સિંહ, આમ્રપાલી દુબે, તેજપ્રતાપ યાદવ જેવાં કલાકારોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ 'જિયો હૉટસ્ટાર' અને 'કલર્સ' ચૅનલ પર બીજી ઑગસ્ટથી શરૂ થઈ રહ્યો છે. આવો, હવે આપણે બીજી ઓટીટી ચૅનલ પર અઠવાડિયામાં શું રજૂ થસે એના પર એક નજર નાખીએ.

**નેટફ્લિક્સઃ**

અહીં સાત ઑગસ્ટે 'ઑપરેશન સફેદ સાગર' જોઈ શકાશે. આ સિરિયલ કારગિલ યુદ્ધ આધારિત છે. એના મુખ્ય કલાકારો છે જિમ્મી શેરગીલ, સિદ્ધાર્થ, દિયા મિર્ઝા, પ્રાજક્તા કોળી, આદિલ હુસૈન તથા અન્ય. અહીં જ સાત ઑગસ્ટે સાયન્સ ફિક્શન થ્રિલર 'ધ લાસ્ટ હાઉસ' જોવા મળશે. આ સિવાય છ ઑગસ્ટે 'માય લાઇફ વિથ ધ વોલ્ટર બોટઝ' અને ૩૧ જુલાઈએ (આજે શુક્રવારે) 'ગટ્ટા કુશ્તી' નામની સાઉથની ફિલ્મ જોઈ શકાશે.

**ઝી ફાઈવઃ**

અહીં આજે શુક્રવાર ૩૧ જુલાઈ ડેવિડ ધવન દિગ્દર્શિત 'હૈ જવાની તો ઇશ્ક હોના હૈ'નું પ્રસારણ શરૂ થશે. ફિલ્મનાં મુખ્ય કલાકારો વરુણ ધવન, પૂજા હેગડે, મૃણાલ ઠાકુર, મૌની રૉય, જિમ્મી શેરગીલ, મનીષ પોલ, રાકેશ બેદી અને ચંકી પાડે છે. આ સિવાય આજે શુક્રવારે સાયકો થ્રિલર 'બાલન બૉય' પણ જોઈ શકાશે.

**એમેઝોન પ્રાઈમઃ**

અહીં પાંચ ઑગસ્ટે અંગ્રેજી સિરીઝ 'સ્ટર્લિંગ પૉઇન્ટ'નું પ્રસારણ શરૂ થશે. અને આજે ૩૧ જુલાઈએ ઍનિમેશન ઍક્શન સિરીઝ 'બેટમેન-કેપ્ડ ક્રુસેડની બીજી સીઝન શરૂ થશે.

**સોની લીવઃ**

અહીં આજથી ૩૧ જુલાઈથી ઍનિમેશન સિરીઝ 'ધ લિજેન્ડ ઑફ કર્ણ' શરૂ થઈ રહી છે. ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ
નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૧૯૧)

બોલિવૂડના આ કલાકારો અસલ જીવનમાં કયા વાજિંત્રો વગાડતા જાણે છે?



૧) રાજ કપૂર
૨) વિકી કૌશલ
૩) પ્રતીક ગાંધી
૪) વિક્રાંત મેસી
૫) ફરહાન અખ્તર
૬) કિશોર કુમાર
૭) આયુષ્યમાન ખુરાના

### ક્વિઝ (૧૯૨)

આ ગીતો કઈ ફિલ્મના છે ?


૧) મેઘા રે મેઘા, મત પરદેસ જા રે આજ તું પ્રેમ કા સંદેસ બરસા રે
૨) બરસો રે મેઘા મેઘા બરસો રે મેઘા બરસો
૩) મેઘા રે મેઘા, તેરા મન તરસા રે પાની ક્યું બરસા રે તુને કિસકો યાદ કિયા
૪) મેઘા છાંયે આધી રાત બૈરન બન ગઈ નિંદિયા બતા દે મૈં ક્યાં કરું
૫) મેઘા ઓ રે મેઘા તું તો જાયે દેશ વિદેશ ક્યું ના લાયે ઉનકા સંદેસ
૬) મેઘા રે બોલે ઘનન ઘનન પવન ચલે સનન સનન પાયલ બાજે જનન જનન
૭) અલ્લાહ મેઘ દેં પાની દેં છાયા દેં રે રામા મેઘ દેં શ્યામા મેઘ દેં અલ્લાહ મેઘ દેં

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ફિલ્મનામા
નરેશ શાહ

# સસ્પેન્સનું સર્વોચ્ચ શિખર એટલે 'દ્રિદમ'

### આ એક એવી મલયાલમ ફિલ્મ છે, જેના અંતમાં 'કોથળામાંથી ડાયનોસોર' નીકળે છે !



એક વાર્તાકાર (અહીં એક ડિરેક્ટર)ની સફળતા શેમાં છે? એ પોતાના કથા પ્રવાહમાં તમને એવા રસ તરબોળ કરી દે કે તમે પોતે વાર્તાકાર બનીને તેના કથાના ઉતાર-ચઢાવમાંથી સાંગોપાંગ નીકળવાના (મનોમન) પેંતરા કરવા માંડો. એમાંય રહસ્યનો કોયડો સૉલ્વ કરવાનો હોય તો તમે બે-ત્રણ પાત્રો પર ફોકસ કરતાં થઈ જાઓ, પણ ભેદ ખૂલે ત્યારે લાગે કે આ તો કોથળામાંથી બિલાડું નહીં, પણ કંઈક બીજું નીકળ્યું... આજે આપણે જે ફિલ્મની વાત કરવાના છીએ તેમાં અંતે 'કોથળામાંથી ડાયનોસોર' નીકળ્યાનો ધ્રાસ્કો આપણને પડે છે.

જૂન, ૨૦૨૬માં 'જિયો હૉટસ્ટાર' પર ઓનએર થયેલી મલયાલમ ફિલ્મ 'દ્રિદમ' (દ્રઢતા ) આપણને આવો આંચકો આપે છે.

હિન્દી સહિત ભારતની અન્ય પ્રાદેશિક ભાષામાં બનતી ફિલ્મોના પ્રમાણમાં મલયાલમ ફિલ્મો બનવાનો રેશિયો દશ ટકા જેટલો પણ નથી, પરંતુ છેલ્લા દશકામાં પુરવાર થઈ ગયું છે કે મલયાલમ ભાષામાં બનતી ફિલ્મો સરેરાશ ચાર આંગળ ઊંચી હોય છે. 'દશ્યમ', 'ટ્વેલ્થ મેન' જેવી ફિલ્મોમાં સેકન્ડ ડિરેક્ટર અને ઍક્ટર તરીકે કામ કરનારા માર્ટિન જોસેફે પોતાના ડાયરેક્શનમાં બનાવેલી 'દ્રિદમ' (લેખકઃ લિન્ટો દેવેશિયા અને જોમોન જહોન) તેમની પહેલી જ ફિલ્મ છે, પણ ક્રીઝ પર આવતાવેંત ફટકાયેલી સિક્સર જેવી આ ફિલ્મ છે.

કેરળના એક નાનકડા ગામના પોલીસ થાણામાં પોતાનું પહેલું જ પોસ્ટિંગ લેતાં સબ ઇન્સ્પેક્ટર વિજય રાધાકૃષ્ણનને એટલી નિરાંત છે કે ક્રાઇમ રેશિયોની દષ્ટિએ આ પોલીસથાણું શાંત છે. પોલીસથાણાની બે મહિલા સહિત છ પોલીસ કૉન્સ્ટેબલનો સ્વભાવ પણ સારો છે અને બધા બાજુના ક્વાર્ટરમાં જ સાથે રહે છે. સબ ઇન્સ્પેક્ટર વિજયને પણ ત્યાં જ એક ક્વાર્ટરમાં રહેવાનું છે, પણ પ્રથમ ગ્રાસે મક્ષિકાના ન્યાયે ડ્યૂટી જૉઇન્ટ કર્યાના બીજા જ દિવસે સડી ગયેલું એક કાંડું (હાથ) મળે છે. મતલબ કે હત્યા થઈ છે અને હવે શરીર શોધવાનું છે.

...પણ 'પડે છે ત્યારે સઘળું પડે છે' એ મહાવરા મુજબ એ પછી તરત જ ગામમાં ફાઇનાન્સનું કામ કરતી એક કંપનીમાં ચોરી થાય છે. દોઢસો ગ્રામ સોનાના દાગીના અને પચાસ લાખની ચોરીની ફરિયાદ ફાઇનાન્સ કંપનીનો મૅનેજર કરે છે. જોકે ચોરીના સુરાગ મળતા નથી. ચોરીની રાતે સાંબેલાધાર વરસાદ હોવાથી ડૉગ સ્ક્વૉડ પણ પરિણામ આપે એવું નથી. હત્યા અને ચોરીની તપાસ (જેમાં કંઈ મળતું નથી) ચાલી રહી છે એ દરમિયાન વધુ એક લાશ મળે છે અને...

નવા-નવા સબ ઇન્સ્પેક્ટર બનેલા વિજય રાધાકૃષ્ણન (શેન નિગમ) ખરેખર પરેશાન છે. ફાઇનાન્સ કંપની સાથે દુશ્મની ધરાવતા બે શખસ ગામમાંથી ગાયબ છે એટલે તેની શોધખોળ ચાલે છે. વિજય પોતાની દૂરંદેશીથી એ ભેદ તો ઉકેલ છે કે ચોરી પચાસ લાખની નહીં, પણ દશ લાખની જ થઈ છે. મોટો ફિગર માત્ર ઇન્સ્યોરન્સ ક્લઇમ માટે થયો હતો, પણ બંને હત્યાનું પગેરું મળતું નથી. દર્શક તરીકે હવે આપણે પણ અનુમાન લગાવતાં થઈ જઈએ છીએ કે ખરેખર આ કોનું કરતૂત હાઈ શકે? એક છાપ સિરિયલ કિલર હોવાની પણ પડે છે... એ દૃષ્ટિથી જોઈએ તો 'દ્રિદમ' ફિલ્મ ધીમી લાગશે, પરંતુ ખરેખર તો એમાં રહસ્ય વધુ ને વધુ ઘૂંટાતું જતું હોવાનો ધ્વનિ છે એ આપણને ફિલ્મના અંતમાં સમજાય છે. દાગીનાની ચોરી થઈ છે તો સ્વાભાવિક છે કે એકાદ દાગીનો બજારમાં વેચાવ આવે અને ચોરનું પગેલું મળે - એ ગણતરીથી એ દિશામાં પણ તપાસ ચાલી રહી છે, કારણ કે...

ગામમાંથી ગૂમ થયેલા બે યુવકો તો આ હત્યા કે ચોરીમાં સામેલ નથી એ સાબિત થઈ ગયું છે. સાથોસાથ એ પણ જાહેર થઈ ગયું છે કે હત્યા ટોટલ ત્રણ છે, પરંતુ એ કરી છે કોણે? અચાનક એક ફોન આવે છે કે ચોરીનો હોય એવો એક ચેન વેચવા માટે એક મહિલા, એક જ્વેલરને ત્યાં આવી હતી. સબ ઇન્સ્પેક્ટર વિજય ખુદ એ જ્વેલરને મળવા જાય છે અને એ પછી...

...ધીમે ધીમે ભેદ ખૂલે છે, જે સબ ઇન્સ્પેક્ટર વિજય માટે અને 'દ્રિદમ' જોઈ રહેલા દર્શકો માટે પણ બૉમ્બ વિસ્ફોટ એક સરખા જ છે. સસ્પેન્સના અઠંગ ચાહકો માટે પણ પડકાર જેવી છે. માર્ટિન જોસેફની 'દ્રિદમ' ફિલ્મ. કામ પડતાં મૂકીને પણ જરૂર જોવા જેવી... ■

ફોકસ
ડી. જે. નંદન

# બોલિવૂડ સ્ટારડમનું નવું ગણિતઃ લાઇક્સ-રીલ્સ ને ફેન આર્મી

એક સમય હતો જ્યારે બોલિવૂડ સિતારાઓની લોકપ્રિયતાનું માપદંડ સિનેમાઘરોની બહાર લાગેલી ભીડ, ફિલ્મી મૅગેઝિનના કવર અને ટીવી ઇન્ટરવ્યૂ હતા. જ્યારે કોઈ અભિનેતાની ફિલ્મ રિલીઝ થતી, ત્યારે શહેરોની દીવાલો તેનાં પોસ્ટરોથી ભરાઈ જતી હતી. આજનો સમય એ સમય કરતાં બિલકુલ અલગ છે. હવે કોઈપણ ફિલ્મની સફળતાનો પહેલો સંકેત ટિકિટ બારી પર નહીં પરંતુ ઇન્સ્ટાગ્રામ રીલ્સ, યુટ્યૂબ શોર્ટ્સ અને એક્સના ટ્રેન્ડિંગ હેશટેગ્સમાં જોવા મળે છે. બોલિવૂડમાં સ્ટારડમનું ગણિત સોશ્યલ મીડિયાના આ યુગમાં સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. આજે કોઈ અભિનેતાની લોકપ્રિયતાનું માપદંડ તેની અભિનય ક્ષમતામાં નહીં પરંતુ સોશ્યલ મીડિયા પર તેની ફેન ફોલોઈંગમાં છે.

આજના આ ડિજિટલ યુગમાં ફેન આર્મી અને સોશ્યલ મીડિયા પર ઊભી થતી ચર્ચાથી જ કોઈ સ્ટારનું અસલી સ્ટારડમ નક્કી થાય છે. ડિજિટલ પ્લેટફોર્મ હવે હિન્દી ફિલ્મોની શોધ અને દર્શકોને સિનેમાઘરો સુધી પહોંચાડવાના સૌથી પ્રભાવશાળી માધ્યમોમાં ગણાવા લાગ્યા છે. ૧૯૯૦ અને ૨૦૦૦ના દાયકામાં ફેન ક્લબ્સ હતા. તેઓ પોસ્ટરો લગાવતા, હીરોનો જન્મદિવસ ઉજવતા અને ક્યારેક-ક્યારેક થિયેટરની બહાર, જ્યાં તેમના મનપસંદ હીરોની ફિલ્મ લાગી હોય, ત્યાં જઈને જશ્ન મનાવતા હતા. પરંતુ આજે આ ફેન ક્લબ્સ, 'ફેન આર્મી'માં ફેરવાઈ ગયા છે. કોઈ ફિલ્મનું ટીઝર આવતાની સાથે જ તે ફિલ્મના હીરોના હજારો પ્રશંસકો તેને સોશ્યલ મીડિયા પર શેર કરી દે છે. ભૂતકાળમાં જે ચર્ચાને ગલી-ગલી સુધી પહોંચવામાં કેટલાય દિવસો કે અઠવાડિયા લાગતા હતા, આજે તે ચર્ચા સોશ્યલ મીડિયાના માધ્યમથી તે હીરોના પ્રશંસકો વચ્ચે ગણતરીના કલાકોમાં જ પહોંચી જાય છે. સોશ્યલ મીડિયાએ પ્રશંસકોને માત્ર દર્શક જ નહીં, પરંતુ પ્રચારનું આજનું સૌથી મોટું માધ્યમ બનાવી દીધા છે.

સમગ્ર વિશ્વમાં 'સુપર ફેન ઇકોનોમી', એક મોટું અને સાંસ્કૃતિક ઇકોનોમીનું મોડલ બની ચૂક્યું છે. તેમાં પ્રશંસકો કોઈ કલાકાર અથવા બ્રાન્ડના પ્રચારકની ભૂમિકા ભજવે છે. આજે ફિલ્મનાં ગીતોની સફળતાનું એક માપદંડ એ છે કે તેના પર કેટલી રીલ્સ બની છે. નિર્માતાઓ હવે એવા ગીતો અને સંવાદો તૈયાર કરાવે છે, જે સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ શકે. ઇન્સ્ટાગ્રામ, યુટ્યૂબ અને ડિજિટલ ઇન્ફ્લુએન્સર્સના સહયોગથી ફિલ્મ પ્રચારનું સ્વરૂપ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. નિષ્ણાતો માને છે કે ડિજિટલ માર્કેટિંગ અને ઇન્ફ્લુએન્સર સહયોગ હવે ફિલ્મના પ્રચારની મુખ્ય ધરી બની ચૂક્યા છે. વાસ્તવમાં, સોશ્યલ મીડિયાએ કલાકારોને સીધેસીધા દર્શકો સાથે જોડી દીધા છે. પહેલાં સિતારાઓ અને દર્શકોની વચ્ચે મીડિયાની એક દીવાલ હતી. હવે અભિનેતાઓ પોતાના ફોનથી સીધા જ કરોડો લોકો સુધી પહોંચી જાય છે. જોકે, આ બદલાવની સાથે એક નવી ચર્ચા એ પણ શરૂ થઈ છે કે શું કલાકાર દ્વારા પોતાને 'બ્રાન્ડ' કહેવું યોગ્ય છે?

તાજેતરમાં જ અભિનેતા શાહિદ કપૂરે કલાકારો દ્વારા પોતાની જાતને બ્રાન્ડ કહેવાના ટ્રેન્ડ પર સવાલ ઉઠાવ્યો છે. કારણ કે આજે ફિલ્મ ઉદ્યોગમાં કલાકાર અને બ્રાન્ડ વચ્ચેની સીમાઓ ધૂંધળી થવા લાગી છે. વાસ્તવમાં આજે ફિલ્મના પ્રમોશનનો મોટો હિસ્સો ફિલ્મના કન્ટેન્ટ અથવા તેની વાર્તા-બનાવટ કરતાં વધુ તેનો અલ્ગોરિધમ બની ગયો છે. કયો વીડિયો કેટલા લોકો સુધી પહોંચશે, કયું ગીત વાઇરલ થશે, કયો ડાયલોગ મીમ બનશે, આ બધું હવે ઘણી હદ સુધી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર નક્કી થવા લાગ્યું છે. આ જ કારણ છે કે નિર્માતાઓ હવે સૌથી પહેલા પોતાની ફિલ્મના પ્રચાર-પ્રસાર અને સારા બિઝનેસ માટે એક મજબૂત ડિજિટલ ટીમની રચના કરે છે. આજે ડેટા એનાલિસ્ટ્સ અને સોશ્યલ મીડિયા નિષ્ણાતો પર સૌથી વધુ ખર્ચ કરવામાં આવી રહ્યો છે, કારણ કે પ્રચારનું સૌથી મોટું અને મુખ્ય માધ્યમ આ જ છે. મીડિયા અને મનોરંજન ઉદ્યોગમાં ડિજિટલ ઇનોવેશન હવે વિકાસનો મુખ્ય આધાર બની ગયું છે.

સવાલ એ છે કે શું માત્ર સોશ્યલ મીડિયાના કારણે જ કોઈ ફિલ્મ હિટ થઈ શકે છે? જવાબ છે, ના. પરંતુ એ વાત પણ એટલી જ સાચી છે કે સોશિયલ મીડિયા પર ચર્ચા થયા વગર આજકાલ સારામાં સારી ફિલ્મો પણ ચર્ચાથી વંચિત રહી શકે છે. કારણ કે વાસ્તવમાં આજે લોકો વચ્ચે ચર્ચાનું સૌથી મોટું અને લોકશાહી માધ્યમ સોશ્યલ મીડિયા જ છે. આજે અખબારો, ટીવી ચેનલો અને એક જમાનામાં શહેરોમાં ફરી-ફરીને લાઉડસ્પીકર દ્વારા ફિલ્મનો પ્રચાર કરવાની પદ્ધતિઓ બધી ખતમ થઈ ગઈ છે, અને જો છે પણ તો તે હવે અસરકારક રહી નથી. આજે એક વાઇરલ રીલ, મીમ કે હેશટેગથી ફિલ્મનો જબરદસ્ત પ્રચાર થઈ શકે છે અને થઈ પણ રહ્યો છે. તેથી બોલિવૂડમાં આવનારાં વર્ષોમાં સ્ટારડમ માત્ર બોક્સ ઓફિસના આંકડાઓ પૂરતું જ સીમિત રહેશે. એટલે કે, કોઈ અભિનેતા કેટલી સારી ઍક્ટિંગ કરે, તેનો લુક કેટલો સારો છે, એ વાતથી બહુ ફરક નહીં પડે; સૌથી વધુ મહત્ત્વની વાત એ રહેશે કે તે અભિનેતાના ફોલોઅર્સ કેટલા છે? તેની ડિજિટલ એન્ગેજમેન્ટ શું છે? અને તેની ફેન કમ્યુનિટી તેમજ ઓનલાઈન પ્રભાવ કેટલો મહત્ત્વપૂર્ણ છે?

શક્ય છે કે ભવિષ્યનો સૌથી મોટો સુપરસ્ટાર એ જ હોય, જે મોબાઈલ સ્ક્રીન પર દર્શકો પર પોતાનો જાદુ ચલાવી શકે. કારણ કે હવે સ્ટારડમની સાચી પરીક્ષા સિનેમાઘરોમાં નહીં પરંતુ દર્શકોની આંગળીઓ વચ્ચે થઈ રહી છે, અને આ પરીક્ષામાં રીલ્સ, લાઈક્સ અને ફેન આર્મી નવાં નિર્ણાયક પરિબળો બની ગયાં છે. ■

## હાઈ કોર્ટે એફડીએને સવાલ કર્યાના બીજા જ દિવસે

# વકીલોની કેન્ટીન બંધ

મુંબઈઃ ફૂડ સેફ્ટી (ખાદ્ય સુરક્ષા) માટે રેસ્ટોરાં અને હોટેલોમાં કરવામાં આવતી પસંદગીયુક્ત તપાસ અંગે બોમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) પાસે ખુલાસો માંગ્યાંના એક દિવસ બાદ, હાઈકોર્ટના પરિસરમાં વકીલોના સંગઠન દ્વારા ચલાવવામાં આવતી કેન્ટીને સ્વેચ્છાએ કામચલાઉ ધોરણે પોતાની સેવાઓ બંધ કરી દીધી છે.

એફડીએના અધિકારીઓએ ગુરુવારે કેન્ટીન પરિસરની મુલાકાત લીધી હતી,પરંતુ તે કામચલાઉ ધોરણે બંધ કરી દેવામાં આવી હતી. બોમ્બે બાર એસોસિએશનના (બીબીએ) સેક્રેટરી નૌશાદ એન્જિનિયરે એક નિવેદનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે તેની સેવાઓ બંધ કરવાનો નિર્ણય સ્વેચ્છાએ લેવામાં આવ્યો છે, રાજ્ય સરકારના કોઈ પ્રતિકૂળ આદેશને કારણે લેવામાં આવ્યો નથી. તેમણે ઉમેર્યું હતું કે દક્ષિણ મુંબઈની કેન્ટીનમાં સેવાઓ ટૂંક સમયમાં ફરી શરૂ કરવામાં આવશે.

હાઈકોર્ટે બુધવારે સવાલ કર્યો હતો કે,ખાદ્ય સુરક્ષાના નિયમોનો એકસમાન રીતે અમલ થઈ રહ્યો છે કે નહીં. સાથે જ કોર્ટે એફડીએને મંત્રાલય અને હાઈકોર્ટની કેન્ટીન સહિત તમામ સરકારી અને અર્ધ-સરકારી કેન્ટીનનું નિરીક્ષણ કરવાનો અને તે અંગેની વિગતો વીડિયો રેકોર્ડિંગ સાથે રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

આ મામલાની આગામી સુનાવણી ૩૧ જુલાઈના રોજ રાખવામાં આવી છે, જ્યારે એફડીએ દ્વારા રાજ્યભરમાં હાથ ધરવામાં આવેલી તપાસની વિગતો રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે. (પીટીઆઈ)

# ‘વાસ્તવિક બનો, આપણે ભારતમાં છીએ’

**એફડીએ દ્વારા હોટેલનું લાઇસન્સ રદ કરવાના નિર્ણય પર હાઈ કોર્ટે રોક લગાવી**

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) ને ‘આપણે ભારતમાં છીએ’ તે બાબતને ધ્યાનમાં રાખીને વાસ્તવિક અભિગમ અપનાવવાનું સૂચન કર્યું છે અને સ્વચ્છતાના મુદ્દે નવી મુંબઈની એક ફોર-સ્ટાર હોટેલનું લાઇસન્સ રદ કરવાના તેના આદેશને રદ કર્યો છે. હોટેલને રાહત આપતાં, કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયમૂર્તિ ગૌતમ અંખડની ખંડપીઠે બુધવારે નોંધ્યું હતું કે એફડીએએ બે નાના જીવજંતુઓ મળી આવ્યા બાદ આ નિર્ણય લીધો છે.

અદાલતે જણાવ્યું હતું કે, સ્વચ્છતા, જાળવણી અને સંચાલન અંગેના એકંદરે ‘સંતોષકારક’ અહેવાલને ધ્યાનમાં લેતાં, માત્ર ‘બે જીવજંતુની હાજરી’ ને કારણે લાઇસન્સ રદ કરવું વ્યાજબી નથી. ‘આપણે ભારતમાં છીએ. આપણે વાસ્તવિક વલણ અપનાવવું જોઈએ,’ હાઈ કોર્ટે કહ્યું.

એફડીએએ હોટેલના પરિસરમાં ઓચિંતી તપાસ કર્યાના એક દિવસ બાદ, ‘સ્વચ્છતા, સફાઈ, ખાદ્યપદાર્થોના સંગ્રહ અને ખાદ્યપદાર્થોના વ્યવસ્થાપનમાં ગંભીર ક્ષતિઓ’ હોવાનું કારણ દર્શાવીને ૩ જુલાઈએ ‘પાર્ક ઇન બાય રેડિસન’ હોટેલનું એફએસએસએઆઈ લાયસન્સ રદ કરી દીધું હતું. ત્યારબાદ હોટેલે હાઈ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા અને દલીલ કરી કે આ આદેશ પરિસ્થિતિના પ્રમાણમાં અત્યંત કઠોર અને અયોગ્ય છે.સરકારી વકીલ નેહા ભિડેએ કોર્ટને જણાવ્યું હતું કે ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા બાબતે કોઈ બાંધછોડ થઈ શકે નહીં.આ મામલાની આગામી સુનાવણી ૩૧ જુલાઈના રોજ રાખવામાં આવી છે. (પીટીઆઈ)

## પુણેમાં એફડીએની મોટી કાર્યવાહીઃ ૨૧ ખાદ્યસંસ્થાનાં

# લાઈસન્સ રદ

પુણેઃ મહારાષ્ટ્રના પુણેમાં ખાદ્ય સુરક્ષા નિયમોની અવગણના કરનારા દુકાનદારો અને રેસ્ટોરાં અને માલિકો વિરુદ્ધ પ્રશાસન દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ફૂડ ઍન્ડ ડ્રગ એડ્‌મિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા એક વિશેષ અભિયાન હેઠળ ૨૧ ખાદ્ય સંસ્થાના લાઇસન્સ રદ કરવામાં આવ્યા હતા. આ સાથે જ મોટાપાયે છાપો મારતા લગભગ ૫૦.૬૫ લાખ રૂપિયાની કિંમતની ખાદ્ય સામગ્રી જપ્ત કરવામાં આવી હતી.

આ સંપૂર્ણ કાર્યવાહી મહારાષ્ટ્ર સરકારના વિશેષ અભિયાન ‘સુરક્ષિત ખાદ્ય, સુરક્ષિત ઔષધિ, સુરક્ષિત મહારાષ્ટ્ર’ અંતર્ગત કરવામાં આવી છે. એફડીએની ટીમોએ ૨૩ જુલાઈથી ૨૯ જુલાઈ વચ્ચે સમગ્ર પુણે વિભાગમાં તાત્કાલિક તજવીજ હાથ ધરી હતી. અમુક જગ્યા પર ખોરાક રાંધવામાં અને તેમના સંગ્રહમાં ગરબડ હતી. બીજી તરફ અમુક પાસે કાયદેસર લાઇસન્સ નહોતા. અમુક સ્થળોએ સામાનનો ખોટી રીતે સંગ્રહ કરવામાં આવ્યો હતો. આ સાથે જ પૅકેટ પર જરૂરી લેબલિંગ પણ ગાયબ હતું.

**હૉટેલ સહિત અનેક આઉટલેટ પર કાર્યવાહીઃ** એફડીએની આ કાર્યવાહીની તજવીજમાં પુણે, સાતારા અને કોલ્હાપુરની કેટલીક પ્રખ્યાત ખાદ્ય સંસ્થાઓનો સમાવેશ થયો હતો. પુણે શહેરમાં જે મુખ્ય સંસ્થાઓ પર કાર્યવાહી કરવામાં આવી હતી, તેમાં વિમાનનગરમાં આવેલા બ્લિન્કીટ કોમર્સ પ્રાઇવેટ લિમિટેડ, આ સાથે અન્ય સ્થાનિક રેસ્ટૉરન્ટ્સનો સમાવેશ થયો હતો. આ સિવાય સતારા અને કોલ્હાપુર જિલ્લામાં અનેક ખાદ્ય દુકાનોના લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

**ભેળસેળની શંકા, ૫૦.૬૫ લાખ રૂપિયાનો માલ જપ્તઃ** તપાસ દરમિયાન ફક્ત લાઇસન્સ રદ કરવામાં આવ્યા એટલું જ નહીં, પરંતુ ૧૨ અલગ અલગ સંસ્થાઓથી ભારે પ્રમાણમાં ખાદ્ય સામગ્રી પણ જપ્ત કરવામાં આવી હતી. અધિકારીઓને શંકા છે કે આમાંથી કોઈ વસ્તુઓ ભેળસેળ થયેલી છે કે તેમને અત્યંત પ્રદૂષિત અને અસુરક્ષિત વાતાવરણમાં રાખવામાં આવ્યા હતા.

જપ્ત કરાયેલા સામાનની યાદીમાં સામાન્ય નાગરિકોના ઉપયોગની રોજબરોજની ચીજવસ્તુઓ સામેલ છે, જેમાં ઘી, ગોળ, ભેંસનું દૂધ, દહીં, પનીર, રિફાઈન્ડ પામ ઑઇલ અને સુકામેવા જપ્ત કરવામાં આવ્યા હતા. આ સિવાય ચા-નાસ્તા અને તહેવારોમાં કામ આવનારા નાસ્તા જેવા કે ચકરી, ફરસાણ, બિસ્કિટ, ટોસ્ટ, સોન પાપડી, મલાઈ કુલ્ફી અને ખાંડમાંથી બનેલી મીઠાઈઓ પણ પુષ્કળ પ્રમાણમાં જપ્ત કરવામાં આવી હતી. અધિકારીઓએ સ્પષ્ટપણે સફેદ સાકર અને રિફાઈન્ડ પામ ઑઇલમાં પુષ્કળ ભેળસેળ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.

## એફડીએ કર્મચારીઓ

# ત્રાહિમામ્

## ડ્યૂટીના સમયમાં ફેરફાર અને સ્ટાફની તંગી

મુંબઈઃ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનની લેબોરેટરીના કેટલાક કર્મચારીઓએ રાજ્યના પ્રધાન નરહરિ ઝિરવાલને ફરિયાદ કરી છે કે તેમના કામના કલાકો અને શિફ્ટ ડ્યૂટીમાં તાજેતરમાં કરવામાં આવેલા ફેરફારોને કારણે તેમને મુશ્કેલી પડી રહી છે અને શારીરિક શ્રમ પડી રહ્યો છે અને માનસિક શાંતિ પણ અમુક અંશે હણાઈ ગઈ છે. ફરિયાદ પત્રમાં અપૂરતા સ્ટાફનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે.

આઈએએસ અધિકારી તુકારામ મુંઢેએ આ વર્ષે મેનાં છેલ્લાં અઠવાડિયામાં એફડીએ કમિશનરનો હોદ્દો સંભાળ્યો હતો. તેમની નિમણૂક પછી, ફૂડ રેગ્યુલેટરી ઓથોરિટીએ ખાદ્ય ભેળસેળ, પ્રતિબંધિત વસ્તુઓ અને ખાણીપીણીની દુકાનો અને અન્ય ખાદ્ય સંસ્થાઓમાં સ્વચ્છતાના ઉલ્લંઘનને લક્ષ્ય બનાવીને આક્રમક, રાજ્યવ્યાપી અમલીકરણ અભિયાન શરૂ કર્યું છે.

એફડીએ પ્રધાન ઝિરવાલને સંબોધીને ૨૭ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલા ફરિયાદ પત્રમાં કર્મચારીઓએ સરકારને પ્રયોગશાળાઓમાં શરૂ કરવામાં આવેલી ટુ-શિફ્ટ સિસ્ટમ પાછી ખેંચવા, સરકારના ઠરાવ હેઠળ નિર્ધારિત અગાઉના ઓફિસ ટાઇમિંગને ફરી શરુ કરવા અને શનિવાર અને રવિવારની સાપ્તાહિક રજાઓ ફરીથી ચાલુ કરવા વિનંતી કરી હતી.

કામકાજના કલાકો વધારવાને બદલે નમૂના વિશ્લેષણના બાકી રહેલા કામને ઘટાડવા માટે સ્ટાફ વધારવાની પણ માગ કરી હતી.

કર્મચારીઓએ જણાવ્યું હતું કે લેબોરેટરીનો સ્ટાફ કમિશનરની સૂચના પર છેલ્લા એક મહિનાથી સવારે ૭ થી બપોરે ૩ વાગ્યા સુધી અને બપોરના બારથી રાત્રે ૮ વાગ્યા સુધી બે શિફ્ટમાં કામ કરી રહ્યો છે. તેઓએ દાવો કર્યો હતો કે તેમને શનિવારે ઓફિસમાં હાજર રહેવા અને પૂર્વ પરવાનગી વિના રજા લેવાનું ટાળવા પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો.

આ સંદર્ભે પ્રતિક્રિયા જાણવા માટે કરેલા ફોન કોલ અને સંદેશાઓનો જવાબ મુંઢેએ આપ્યો ન હતો. (પીટીઆઈ)

## એફડીએ કમિશનર મુંઢેના ઍક્શનથી રેસ્ટોરાં માલિકોમાં ફફડાટ

## મુંબઈમાં લાઈસન્સ બચાવવા દોડધામ

મુંબઈઃ ફૂડ ઍન્ડ ડ્રગ એડ્‌મિનિસ્ટ્રેશન (એફડીએ)ના કમિશનર તુકારામ મુંઢે દ્વારા શહેરભરના હૉટેલ અને રેસ્ટૉરા સામે શરૂ કરાયેલી કડક કાર્યવાહીએ ખાણી-પીણીના વ્યવસાયમાં ભારે ખળભળાટ મચાવ્યો છે. લાઇસન્સ સસ્પેન્ડ થતાં અનેક રેસ્ટૉરન્ટ માલિકો હવે ૧૫ દિવસમાં ખામીઓ દૂર કરીને અપીલ દાખલ કરવાની દોડમાં લાગ્યા છે. ઘણા સ્થળોએ રિનોવેશનનું કામ યુદ્ધના સ્તરે ચાલી રહ્યું છે, જ્યારે કેટલાક વ્યવસાયોએ કામદારોને તેમના ગામે પરત મોકલવા પડ્યા છે.

રાજ્યભરમાં અત્યાર સુધીમાં લાઇસન્સ ફરી બહાલ કરવા માટે લગભગ ૮૨ અપીલ કરવામાં આવી છે, જેમાંથી લગભગ અડધી અપીલો એફડીએને માત્ર મુંબઈમાંથી મળી છે. એફડીએના સહાયક કમિશનર (ફૂડ) સંતોષ કાંબળેએ જણાવ્યું કે દસ્તાવેજો મળ્યા બાદ ટીમ સ્થળ પર ફરી તપાસ કરે છે. જો તમામ નિયમોનું પાલન થયું ન હોય તો બાકી રહેલી ખામીઓ દૂર કરવા માટે વધુ સમય આપવામાં આવે છે.

મરીન લાઇન્સનું પ્રખ્યાત પારસી ડેરી ફાર્મ ફૂગવાળી દીવાલો, કાચામાલનો અયોગ્ય સંગ્રહ અને જીવાતોની સમસ્યા જેવી ખામીઓ દૂર કર્યા બાદ ફરી શરૂ થયું છે. માહિમની બ્રિસ્ટલ બેકરીએ પણ ટાઇલ્સ બદલવા, પેસ્ટ કન્ટ્રોલ સહિતના સુધારાઓ કર્યા બાદ કામગીરી શરૂ કરી છે. બીજી તરફ ભીંડી બજારની શાલીમાર અને નૂર મોહમ્મદી જેવી જાણીતી રેસ્ટૉરોમાં હજુ પણ વ્યાપક સુધારાકામ ચાલુ હોવાથી તે બંધ છે તેમ જ રુસ્તમ આઇસ્ક્રીમ પણ હજી શરૂ થઇ નથી.

રેસ્ટૉરાં સંચાલકોનું કહેવું છે કે એફડીએની કાર્યવાહી યોગ્ય છે, પરંતુ પૂર્વ સૂચના આપવામાં આવી હોત તો વધુ સરળતાથી સુધારા કરી શકાતા. જોકે, કમિશનર તુકારામ મુંઢેએ સ્પષ્ટ કર્યું કે હૉટેલ અને રેસ્ટૉરા એસોસિયેશન સાથે અગાઉ બેઠક કરીને તમામ માર્ગદર્શિકા સમજાવવામાં આવી હતી અને ૨૦૧૧થી અમલમાં રહેલા ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન દરેક માટે ફરજિયાત છે.

તુકારામ મુંઢેએ એફડીએના કમિશનર તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ સમગ્ર મુંબઈમાં ખાદ્ય સુરક્ષાને લઈને અભિયાન વધુ આક્રમક બનાવ્યું છે. શહેરની જાણીતી હોટલો, બેકરી, મીઠાઈની દુકાનો અને રેસ્ટૉરામાં અચાનક તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ગંદકી, જીવાતોનો ઉપદ્રવ, બિનસ્વચ્છ રસોડાં, સમયમર્યાદા પૂરી થયેલી ખાદ્ય સામગ્રી અને ફૂડ સેફ્ટીના નિયમોના ભંગ બદલ અનેક સંસ્થાઓના લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એફડીએ સ્પષ્ટ સંદેશ આપી રહ્યું છે કે હવે કોઈ પણ પ્રતિષ્ઠિત બ્રાન્ડને નિયમોના ભંગ બદલ રાહત આપવામાં આવશે નહીં અને દરેકને સમાન ધોરણે કાયદાનું પાલન કરવું પડશે.

મુંઢેની ઝીરો ટોલરન્સ નીતિના કારણે હવે રેસ્ટૉરાના સંચાલકોમાં પણ નિયમોનું પાલન કરવાની હોડ લાગી છે. અનેક સંચાલકોએ રસોડાંનું આધુનિકીકરણ, પેસ્ટ કન્ટ્રોલ, સ્વચ્છતા અને સ્ટાફને ફૂડ સેફ્ટીની તાલીમ આપવાનું શરૂ કર્યું છે.

શહેરના હૉટેલ ઉદ્યોગમાં હવે સ્પષ્ટ સંદેશ પહોંચ્યો છે કે નિયમોનું પાલન નહીં કરવામાં આવે તો કાર્યવાહી અનિવાર્ય છે, જેના કારણે મોટા ભાગના સંચાલકો એફડીએની આગામી તપાસ પહેલાં તમામ ખામીઓ દૂર કરવામાં વ્યસ્ત છે. આ કડક અભિયાનનો સૌથી મોટો લાભ હવે સામાન્ય મુંબઈકરોને મળવાની આશા છે. લાંબા સમયથી ભેળસેળયુક્ત અથવા અસ્વચ્છ ખોરાક અંગે ઊઠતા પ્રશ્નો વચ્ચે ર્‌ઙ્ગ્અ ની સતત કાર્યવાહીથી ગ્રાહકોમાં વિશ્વાસ વધ્યો છે.

જો આ જ રીતે નિયમિત તપાસ અને કડક અમલ ચાલુ રહેશે તો મુંબઈગરાઓને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ભોજન મળી શકશે. જોકે રેસ્ટૉરન્ટ સંચાલકોમાં કાર્યવાહીનો ભય સ્પષ્ટ જોવા મળી રહ્યો છે, ત્યારે ગ્રાહકો માટે આ કડક વલણ આરોગ્ય અને ખાદ્ય સુરક્ષાની દૃષ્ટિએ સકારાત્મક પરિવર્તન માનવામાં આવી રહ્યું છે.

## ચેમ્બુરમાં ઝાડ તૂટી પડવાની દુર્ઘટનાની થર્ડ પાર્ટી મારફત થશે તપાસ

મુંબઈઃ ચેમ્બુરમાં ડાયમંડ ગાર્ડન નજીક એક સ્કૂલ બસની ઉપર ૩૦ જૂન, ૨૦૨૬ ના રોજ જૂનું અને પીપળાનું ઝાડ તૂટી પડ્યું હતું, જેમાં ૧૧ વર્ષના વિહાન શ્રીવાસ્તવ નામના વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું અને ચાર અન્ય વિદ્યાર્થી જખમી થયા હતા. મેયર રીતુ તાવડે અને સામાન્ય સભા દ્વારા આપવામાં આવેલા નિર્દેશ અનુસાર પાલિકા પ્રશાસને આ અકસ્માતની ફરીથી તપાસ કરવા માટે વનસ્પતિશાસ્ત્ર નિષ્ણાત અને ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ. સંજય દેશમુખની એક સભ્ય સમિતિ તરીકે નિમણૂક કરી છે. પ્રશાસને તેમને એક મહિનાની અંદર પોતાનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. ચેમ્બુર અકસ્માતની સંપૂર્ણ તપાસ કરવા માટે પાલિકા પ્રશાસને શરૂઆતમાં એક સમિતિની રચના કરી હતી. આ સમિતિ દ્વારા રજૂ કરાયેલા વિગતવાર અહેવાલને મુંબઈના મેયર રીતુ તાવડે તેમ જ નગરસેવકોએ નકારી કાઢ્યો હતો. આ તપાસમાં કડક કાર્યવાહી અને કડક દંડાત્મક ભલામણોનો અભાવ હતો. તેમણે થર્ડ પાર્ટી અને નિષ્ણાત વ્યક્તિની નિમણૂક કરવા અને ફરીથી તપાસ કરવા માટે પણ નિર્દેશ આપ્યો હતો. પાલિકા પ્રશાસન દ્વારા ફરીથી તપાસ માટે નિયુક્ત કરાયેલા પ્રો. ડૉ. સંજય વી. દેશમુખ વનસ્પતિશાસ્ત્રના નિષ્ણાત છે. તેમણે મેન્ગ્રોવ્સ પર નોંધપાત્ર કાર્ય કર્યું છે. તેમણે મુંબઈ યુનિવર્સિટીના ચાન્સેલર તરીકે પણ સેવા આપી છે. તેઓ હાલમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ કેમિકલ ટૅક્નોલૉજી (મુંબઈ) ખાતે આસિસ્ટન્ટ પ્રોફેસર અને એશિયાટિક સોસાયટી ઑફ મુંબઈના ઉપપ્રમુખ તરીકે કાર્યરત છે. આ ક્ષેત્રમાં તેમના અનુભવ અને કાર્યને ધ્યાનમાં રાખીને તેમને આ તપાસ સમિતિમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. એક સભ્યની સમિતિ નીચેની બાબતોનો અભ્યાસ કરશે અને એક મહિનાની અંદર તેનો અહેવાલ રજૂ કરશે. પ્રારંભિક તપાસ સમિતિ દ્વારા ઉપયોગમાં લેવાતી પદ્ધતિની તપાસ, પ્રારંભિક તપાસ સમિતિ દ્વારા રજૂ કરાયેલા પુરાવાઓનું સ્વતંત્ર વિશ્લેષણ, એન્જિનિયરિંગ, વનસ્પતિશાસ્ત્ર, ઇકોલૉજી, પાણીના નિકાલ, ગટરના નિકાલ, માર્ગ બાંધકામ, આબોહવા, માટી વિજ્ઞાન અને જાહેર વહીવટના દ્રષ્ટિકોણથી પ્રારંભિક તપાસ અહેવાલનું તબીબી મૂલ્યાંકન, પ્રારંભિક તપાસ અવલોકનોનું વૈજ્ઞાનિક પરીક્ષણ, ઘટનાના મૂળ કારણનું સ્વતંત્ર વિશ્લેષણ, પ્રારંભિક તપાસ સમિતિ દ્વારા ભલામણ કરાયેલા વચગાળાના પગલાનું મૂલ્યાંકન, અહેવાલમાં ભલામણોની વિવેચનાત્મક તપાસ, માનનીય મ્યુનિસિપલ કોર્પોરેશનને સુપરત કરવાનો સ્વતંત્ર અર્થઘટનાત્મક મૂલ્યાંકન અહેવાલ, ભવિષ્યમાં નીતિગત સુધારા સૂચવવા વગેરે રહેશે.

## પાલઘરમાં સૂર્યા નદી કિનારાનાં ગામો માટે હાઇ અલર્ટ

પાલઘરઃ ધામણી ડેમમાંથી વધારાનું પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યા બાદ પાલઘરમાં સૂર્યા નદી કિનારાનાં ગામોને હાઇ ઍલર્ટ આપવામાં આવ્યું હોવાનું સિંચાઈ અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું.

ધામણી ડેમ પાલઘર જિલ્લાના વિક્રમગઢમાં સૂર્યા મુખ્ય સિંચાઈ યોજનાનો ભાગ છે. પાલઘર સિંચાઈ વિભાગ (મનોર)ના ઍક્ઝિક્યુટિવ ઍન્જિનિયર દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર સંદેશા વ્યવહાર મુજબ ૨૯ જુલાઈના રોજ ધામણી ડેમમાં પાણીનું સ્તર ૧૧૩.૧૦ મીટર હતું. તેમાં ૨૧૦.૧૮૫ મિલિયન ક્યૂબિક મીટર (એમસીએમ) પાણીનો સંગ્રહ છે, જે તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૭૨.૮૦ ટકા હિસ્સો ધરાવે છે.

પાલઘરમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરતી હવામાન વિભાગની ચેતવણી બાદ કલેક્ટર અને ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની અધ્યક્ષતામાં કોંકણ પ્રદેશ જળ સંસાધન વિભાગના અધિકારીઓ સાથે એક ઉચ્ચ-સ્તરીય વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. આગામી ભારે વરસાદ દરમ્યાન ૩૧ જુલાઈ સુધી ડેમના પાણીનું સ્તર ૧૧૨.૦૦ મીટરના સલામત સ્તર પર જાળવવા માટે અધિકારીઓએ બુધવારથી નિયંત્રિત પાણી છોડવાનું શરૂ કર્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. મંજૂર ગેટ ઓપરેશન શેડ્યૂલ હેઠળ, ધામણી ડેમના પાંચ વક્ર સ્પિલવે ગેટ (ગેટ નંબર ૧, ૨, ૩, ૪ અને ૫) ૩૦ સેન્ટિમીટર ઊંચા કરવામાં આવ્યા હતા, જેના પરિણામે ૨,૦૯૪.૧૭૯ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું, તેમજ પાવરહાઉસમાંથી વધારાના ૬૫૦ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું. આનાથી સૂર્યા નદીના તળમાં કુલ પાણી છોડવાનું ૨,૭૪૪.૧૭૯ ક્યૂસેક થયું છે.બંધ વહીવટીતંત્રે ચેતવણી આપી હતી કે ચાલુ પાણી છોડવાના પરિણામે સૂર્યા નદીમાં પાણીનું સ્તર વધશે. નદી કિનારાના ગામડાઓમાં ખાસ કરીને વિક્રમગઢ, પાલઘર, દહાણુ અને કાસામાં રહેતા લોકોને સતર્ક રહેવા અને નદીમાં કે તેની નજીક જવાનું ટાળવાની સખત ચેતવણી આપવામાં આવી છે. વરસાદની તીવ્રતાના આધારે, પાણીના વિસર્જન દરને આધારે નવી ચેતવણી જાહેર કરવામાં આવશે એવું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## હવે સી-વ્યૂ ઑફિસમાં બેસશે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન

**એર ઈન્ડિયા બિલ્ડિંગમાં નવું સીએમઓ બને એવી શક્યતા ▸ ૨૩ માળની ઈમારતમાં સીએમઓ અને કેબિનેટ હોલ સાથે ભાડાના ખર્ચમાં વાર્ષિક ₹ ૨૦૦ કરોડની થશે બચત**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર રાજ્યના વહીવટી માળખામાં મોટો ફેરફાર કરવાની તૈયારીમાં છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનું કાર્યાલય (સીએમઓ) હવે મંત્રાલયમાંથી મુંબઈના નરિમાન પોઈન્ટ સ્થિત ઐતિહાસિક એર ઇન્ડિયા બિલ્ડિંગમાં ખસેડવાની યોજના પર કામકાજ ચાલી રહ્યું છે. રાજ્ય સરકારે તાજેતરમાં રૂ. ૧,૬૦૧ કરોડમાં ખરીદેલી ૨૩ માળની આ પ્રતિષ્ઠિત ઇમારતને આધુનિક સરકારી સંકુલ તરીકે વિકસાવવાની તૈયારી શરૂ કરી દેવાઈ છે. સ્થળાંતર અને નવીનીકરણ યોજનાઓને અંતિમ સ્વરૂપ આપવા માટે મુખ્ય સચિવની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજાઈ હતી.

મુખ્ય પ્રધાન કાર્યાલય ઇમારતના ટોચના માળે કાર્યરત થશે, જ્યારે ૨૨મા માળે આશરે ૧૩,૩૬૩ ચોરસ ફૂટ વિસ્તારમાં આધુનિક કેબિનેટ હોલ તૈયાર કરવામાં આવશે. હાલમાં મંત્રાલયની બહાર વિવિધ ખાનગી ઇમારતોમાં ભાડે ચાલતા સરકારી વિભાગોને પણ તબક્કાવાર આ બિલ્ડિંગમાં ખસેડવાની યોજના છે. સરકારનો દાવો છે કે આ પગલાથી દર વર્ષે આશરે રૂ. ૨૦૦ કરોડના ભાડાના ખર્ચમાં બચત થશે.

૧૯૫૫માં નિર્માણ પામેલા મંત્રાલયમાં છેલ્લાં ઘણાં વર્ષોથી જગ્યાની ગંભીર અછત છે. પરિણામે રાજ્ય સરકારને દક્ષિણ મુંબઈની વિવિધ વ્યવસાયિક ઇમારતોમાં લગભગ નવ લાખ ચોરસ ફૂટ ઑફિસ જગ્યા ભાડે લેવી પડી રહી છે. નવી યોજના દ્વારા તમામ મહત્ત્વના વિભાગોને એક જ સંકુલમાં લાવી વહીવટને વધુ કાર્યક્ષમ બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

એર ઇન્ડિયા બિલ્ડિંગનું નિર્માણ વર્ષ ૧૯૭૪માં થયું હતું અને તે મુંબઈના સૌથી જાણીતા વાણિજ્યિક ટાવર્સમાં એક માનવામાં આવે છે. એર ઇન્ડિયાના ખાનગીકરણ બાદ આ મિલકત એર ઇન્ડિયા એસેટ્સ હોલ્ડિંગ લિમિટેડ (એઆઇએએચએલ) પાસે ગઈ હતી ત્યાર બાદ મહારાષ્ટ્ર સરકારે આ પ્રતિષ્ઠિત ઇમારત ખરીદી હતી અને હવે તેને રાજ્યના નવા વહીવટી કેન્દ્ર તરીકે વિકસાવવાનો નિર્ણય કર્યો છે.

જાહેર બાંધકામ વિભાગના પ્રધાન શિવેન્દ્ર સિંહ ભોંસલેએ જણાવ્યું કે આ સંપાદન મહારાષ્ટ્રના વહીવટી માળખાને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. તેમના જણાવ્યા મુજબ, ઇમારતને આધુનિક, ટકાઉ અને નાગરિક-મૈત્રીપૂર્ણ સુવિધાઓ સાથે વિકસાવવામાં આવશે, જેથી સરકારી સેવાઓ વધુ અસરકારક રીતે આપી શકાય. ભોંસલેએ અધિકારીઓને સરકારી કચેરીઓ ખસેડવામાં આવે તે પહેલાં ઇમારતનું વ્યાપક સ્ટ્રક્ચરલ ઑડિટ કરવા તેમ જ તમામ જરૂરી સમારકામ પૂર્ણ કરવાની સૂચના આપી છે. ઉપરાંત ઇલેક્ટ્રિકલ સિસ્ટમ, ટેક્નિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય સુવિધાઓ ઉચ્ચ ગુણવત્તાના ધોરણો મુજબ તૈયાર કરવામાં આવશે.તેમણે ઇમારતના મુખ્ય પ્રવેશદ્વાર અને મહારાષ્ટ્રની સાંસ્કૃતિક ઓળખ દર્શાવે તે રીતે રી- ડિઝાઇન કરવાની પણ ભલામણ કરી છે અને આ માટે અગ્રણી આર્કિટેક્ટ્સ તથા નિષ્ણાત એજન્સીઓને જોડવાની સૂચના આપી છે.આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ નરિમાન પોઈન્ટ સ્થિત એર ઇન્ડિયા બિલ્ડિંગ માત્ર મુંબઈનું ઐતિહાસિક સીમાચિહ્ન જ નહીં, પરંતુ મહારાષ્ટ્ર સરકારના નવા વહીવટી કેન્દ્ર તરીકે પણ ઓળખાશે. સરકારને આશા છે કે આ પગલાથી વહીવટી કાર્યક્ષમતા વધશે, વિવિધ વિભાગો વચ્ચે સંકલન સરળ બનશે અને જાહેર નાણાંની નોંધપાત્ર બચત પણ થશે.

## થાણે કોર્ટે ૨૦૦૯ના બદનક્ષીના કેસમાં ઠાકરે અને શિંદેને કોર્ટ સમક્ષ નિવેદન નોંધાવવા કહ્યું

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લાની એક મેજિસ્ટ્રેટ કોર્ટે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને કોર્ટ સમક્ષ હાજર રહેવાનો આદેશ આપ્યો છે. આ આદેશ સ્વર્ગસ્થ એનસીપી નેતા વસંત દાવખરે દ્વારા ૧૭ વર્ષ અગાઉ દાખલ કરવામાં આવેલી બદનક્ષીની ફરિયાદના સંદર્ભમાં આપવામાં આવ્યો છે. કોર્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ઠાકરેને તેમનું નિવેદન નોંધાવવા માટે પાંચ ઓગસ્ટે કોર્ટમાં હાજર રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જ્યારે શિંદેને છ ઓગસ્ટે બોલાવવામાં આવ્યા છે; તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ‘કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર’ (સીઆરપીસી) ની કલમ ૩૧૩ હેઠળની એક પ્રક્રિયા છે, જેમાં ન્યાયાધીશને આરોપીની સીધી પૂછપરછ કરવાની સત્તા છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય આરોપીને તેમની વિરુદ્ધના પુરાવા અંગે ખુલાસો કરવાની તક આપવાનો અને અદાલતમાં નિષ્પક્ષતાના નિયમનું પાલન કરવાનો છે. આ મામલો ૨૦૦૯ની લોકસભા ચૂંટણી વખતનો છે. ચૂંટણી પ્રચાર દરમિયાન, સેનાના તત્કાલીન કાર્યકારી પ્રમુખ ઠાકરેએ પરાંજપેના સમર્થનમાં ડોમ્બિવલીમાં એક રેલીને સંબોધિત કરી હતી. તે દરમિયાન, ઠાકરેએ કથિત રીતે દાવખરેને દર્શાવતો એક વિવાદાસ્પદ વીડિયો પ્રદર્શિત કર્યો હતો. ત્યારબાદ, દાવખરેએ ઠાકરે, શિંદે, પરાંજપે અને અન્ય કેટલાક વિરુદ્ધ ફોજદારી કેસ દાખલ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે ચૂંટણી પહેલાં તેમની જાહેર છબી ખરડવા અને તેમને બદનામ કરવાના હેતુથી આ વીડિયોમાં છેડછાડ કરવામાં આવી હતી.

## ગોરેગામ-મુલુંડ લિંક રોડ માટેની ટ્વિન ટનલના ખોદકામ માટેના ટીબીએમનું જોડાણ પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) ટ્વિન ટનલ પ્રોજેક્ટ માટે પહેલી ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)ના છુટ્ટા ભાગનું સંપૂર્ણપણે જોડવાનું કામ ગુરુવારે પૂર્ણ થઈ ગયું હતું. બહુ જલદી ટનલનું ખોદકામ શરૂ કરવામાં આવવાનું છે.

એડિશનલ મ્યુનિસિપલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે જણાવ્યું હતું કે તમામ ટેક્નિકલ અને સલામતી પરીક્ષણો પૂર્ણ થયા પછી અને પ્રમાણિત થયા બાદ ટીબીએમ ટનલ બનાવવાનું શરૂ કરવામાં આવવાનું છે. મશીને સાઈટ પર જ તેની મૅકેનિકલ, ઈલેક્ટ્રિકલ, હાઇડ્રોલિક, કંટ્રોલ ઍન્ડ સૅફટી સંબંધિત આવરી લેતા તમામ પરીક્ષણો સફળતાપૂર્વક પસાર કર્યા છે.

૧૨.૨ કિ.મી. લાંબી જીએમએલઆર મુંબઈના પૂર્વ અને પશ્ચિમ ઉપનગરો વચ્ચે સીધી પૂર્વ-પશ્ચિમ લિંક પ્રદાન કરશે. આ લિંક રોડમાં ગોરેગાંવમાં દાદાસાહેબ ફાળકે ચિત્રનગરીથી મુલુંડમાં ખિંડીપાડા સાથે જોડતી ૪.૭ કિ.મી. લાંબી ટ્વિન ટનલ બાંધવામાં આવવાની છે. બંને ટનલ ૪.૭૦ કિલોમીટરની છે.

આ ટનલનો વ્યાસ ૧૪.૨૦ મીટર હશે, જે સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનની નીચે ૧૩ મીટરની રહેશે, જેથી જંગલ, ડુંગરાળ ભૂપ્રદેશ અને જળ સંસ્થાઓ પર અસર ઓછી થાય. આ પ્રોજેક્ટમાં જાપાનથી આયાત કરાયેલા બે અદ્યતન ટીબીએમનો ઉપયોગ કરવામાં આવશે. પહેલું ટીબીએમ ટનલ ખોદશે, જ્યારે બીજું એસેમ્બલીના અંતિમ તબક્કામાં છે. એકવાર કાર્યરત થયા પછી બંને મશીનો એકસાથે ટ્વિન ટનલને બોર કરશે, જે બાંધકામને નોંધપાત્ર રીતે વેગ આપશે.

સિંગલ શીલ્ડ અર્થ પ્રેશર બેલેન્સ (ઈપીબી) હાર્ડ રોક ટૅક્નોલૉજી પર બનેલ ટીબીએમ મુંબઈના પડકારજનક બેસાલ્ટ ખડકોની રચનાઓમાંથી સુરક્ષિત રીતે ખોદકામ કરવા માટે બનાવેલું છે. તેમાં ૧૪.૪૯-મીટર કટરહેડ છે અને ૮૩ મીટર લાંબું છે, જેમાં ૨૨-મીટર શીલ્ડ અને ૬૧-મીટર થ્રી-ડેક બેકઅપ ગેન્ટ્રીનો સમાવેશ થાય છે. તે સંપૂર્ણપણે ઑટોમેટિક મક-હેન્ડલિંગ સિસ્ટમથી પણ સજ્જ છે, જેમાં ૩૪૦-મીટર કન્વેયર નેટવર્ક, ક્રોસ કન્વેયર અને સ્ટેકર કન્વેયરનો સમાવેશ થાય છે, જે કાટમાળને ઝડપી દૂર કરવા, મેન્યુઅલ હસ્તક્ષેપ ઘટાડવા અને ઓપરેશનલ સલામતીમાં સુધારો કરવા સક્ષમ બનાવે છે, એવું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ ફેબ્રુઆરી ૨૦૨૯ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું હોઈ આ પ્રોજેક્ટ પૂરો થવાની સાથે જ ગોરેગાંવ, કાંદિવલી અને બોરીવલીથી મુલુંડ, થાણે અને નવી મુંબઈ સુધી ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને ઐરોલી દ્વારા ઝડપી રૂટ પૂરો પાડીને પૂર્વ-પશ્ચિમ કનેક્ટિવિટીમાં પરિવર્તન લાવશે તેવી અપેક્ષા છે, જ્યારે મુંબઈના હાલના મુખ્ય રસ્તાઓ પર ભીડ ઓછી કરશે.

# હર્ષ સંઘવી સ્કૉટલૅન્ડમાં ગુજરાતી પાઘડી પહેરીને દાંડિયા રમ્યાઃ જાણો, કયાં ગીત પર ગરબે ઘૂમ્યા?



સ્કોટલેન્ડઃ ગ્લાસગોમાં કૉમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ હાજરી આપી હતી. હર્ષ સંઘવી સ્કોટલેન્ડમાં ગુજરાતી પાઘડી પહેરીને દાંડિયા રમ્યા હતા. તેઓ ડાકલા અને માતાજીના ગીત પર ગરબે ઘૂમ્યા હતા.

હર્ષ સંઘવીએ સોશ્યલ મીડિયા પર લખ્યું, ગ્લાસગો ખાતે ચાલી રહેલી કૉમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ દરમિયાન પી. ટી. ઉષા અને સ્કોટિશ મહાનુભાવો સાથે અમદાવાદ એક્સપિરિયન્સ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું, જે ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સનું ગૌરવપૂર્વક યજમાનપદ ભોગવનાર આપણા શહેરના જીવંત ઉત્સાહને દર્શાવે છે.

આ ઉપરાંત તેમણે લખ્યું, 'ભારતની પ્રથમ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે અમદાવાદ તેના સમૃદ્ધ ઈતિહાસ, જીવંત સંસ્કૃતિ, ભવ્ય વારસો, વિશ્વસ્તરીય રમતગમતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આતિથ્ય સત્કાર અને વિશ્વભરમાં લોકપ્રિય એવાં ગુજરાતી વ્યંજનોનું એક અનોખું મિશ્રણ પૂરું પાડે છે. આ અમદાવાદ એક્સપિરિયન્સ સેન્ટર મુલાકાતીઓને ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સ પહેલાં ગ્લાસગોમાં જ અમદાવાદ શહેરના અનોખા મિજાજથી પરિચિત કરાવે છે. હું ગ્લાસગો અને તેની આસપાસના તમામ લોકોને અમદાવાદ એક્સપિરિયન્સ સેન્ટરની મુલાકાત લેવા અને ગુજરાતના રંગો, સંસ્કૃતિ, સ્વાદ અને તેના અનોખા ઉત્સાહનો અનુભવ કરવા માટે ભાવભીનું આમંત્રણ પાઠવું છું. અમે ૨૦૩૦માં અમદાવાદ ખાતે વિશ્વભરના લોકોનું સ્વાગત કરવા આતુર છીએ.' ■

# કૉમનવેલ્થમાં ભાલાફેંક વખતે પવનનું રાજ

## તીવ્ર ગતિએ પવનની દિશા બદલાઈ અને નીરજ સહિત ત્રણ ભારતીય સ્પર્ધક ભારે સંઘર્ષ બાદ ફાઇનલમાં





**આજે ફાઈનલઃ** નીરજ ચોપડા, રોહિત યાદવ અને યશવીર, ત્રણેય ઍથ્લીટ આજે ફાઈનલમાં ભારતને મેડલ અપાવશે? ગુરુવાર રાત સુધીમાં ભારતના ચંદ્રકોની સંખ્યા ત્રણ ગોલ્ડ, નવ સિલ્વર, ત્રણ બ્રૉન્ઝ સહિત કુલ ૧૫ હતી.

ગ્લાસગો (સ્કૉટલૅન્ડ): ઑલિમ્પિક-હીરો નીરજ ચોપડા સહિત ત્રણ ભારતીય સ્પર્ધકોએ કૉમનવેલ્થ ગેમ્સમાં ભાલાફેંકમાં સ્પર્ધાની શુક્રવારની ફાઇનલમાં જે ભારે સંઘર્ષ પછી પ્રવેશ મેળવ્યો એવો અનુભવ આ જ રમતની સ્પર્ધાના બીજા ઍથ્લીટોને પણ થયો હતો જેમાં બન્યું એવું કે ૧૨માંથી એક પણ ઍથ્લીટને ફાઇનલમાં ઑટોમેટિક ક્વૉલિફિકેશન નહોતું મળી શક્યું. દરેક સ્પર્ધકે પોતાના અસંતુષ્ટ પર્ફોર્મન્સ સાથે ભારે પ્રયાસો બાદ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી.

### નીરજ સહિત ત્રણ ભારતીય ફાઇનલમાં

ભારત વતી નીરજ ઉપરાંત રોહિત યાદવ અને યશવીર સિંહે પણ શુક્રવારના ફાઇનલ રાઉન્ડમાં પ્રવેશ મેળવી લીધો હતો. ગુરુવારે ક્વૉલિફિકેશન રાઉન્ડમાંથી ૧૨ સ્પર્ધકને ફાઇનલમાં એન્ટ્રી મળવાની હતી. જોકે ૧૮ ડિગ્રી તાપમાન વચ્ચે સુસવાટા સાથે તીવ્ર ગતિએ પવન ફૂંકાતાં નીરજ, રોહિત યાદવ અને યશવીર સહિત દરેક સ્પર્ધક ફાઇનલમાં આપોઆપ પ્રવેશ મેળવવા માટેની ૮૪ મીટરની મર્યાદા નહોતો ઓળંગી શક્યો. એકંદરે દરેક સ્પર્ધક ભાલો ધારણા જેટલો દૂર નહોતો ફેંકી શક્યો.

ગ્લાસગોમાં સ્પર્ધાના સ્થળે પવનની દિશા વારંવાર બદલાઈ હતી. દરેક દિશામાંથી પવન ફૂંકાતો હોવાથી કોઈ પણ સ્પર્ધક નિયત સમયે પોતાના નિર્ધારિત રાઉન્ડમાં ભાલો નહોતો ફેંકી શક્યો.

### મારા સહિત કોઈ સંતુષ્ટ નહીંઃ નીરજ

કૉમનવેલ્થ ગેમ્સમાં ભાલાફેંકની સ્પર્ધામાં ભારતનો ઑલિમ્પિક વિજેતા નીરજ ચોપડા ક્વૉલિફિકેશન રાઉન્ડમાં ૭૯.૬૧ મીટરના સર્વશ્રેષ્ઠ અંતર સાથે પાંચમા ક્રમે આવતાં ફાઇનલ માટે ક્વૉલિફાય થયો હતો. ૨૦૧૮ની કૉમનવેલ્થમાં તે ગોલ્ડ જીત્યો હતો. ભારતના રોહિત યાદવ (૭૮.૩૭ મીટર) અને યશવીર સિંહ (૭૮.૩૬ મીટર) અનુક્રમે નવમા અને દસમા નંબર પર રહેતાં તેમને પણ ફાઇનલમાં પ્રવેશ મળ્યો હતો. ભાલો સૌથી વધુ (૮૨.૮૪ મીટર) દૂર શ્રીલંકાના રુમેશ પાથિરાગેએ ફેંક્યો હતો. ગ્રેનાડાનો ઍન્ડરસન પીટર્સ (૮૧.૨૯ મીટર) બીજા નંબરે હતો. નીરજે ત્રીજા રાઉન્ડમાં ભાગ લેવો જ નહોતો પડ્યો, કારણકે તેણે બે જ રાઉન્ડમાં ફાઇનલ માટેનું ક્વૉલિફિકેશન મેળવી લીધું હતું. નીરજે પત્રકારોને કહ્યું, 'ભારે પવનને કારણે મારા સહિત દરેક સ્પર્ધક પોતાની ધારણા મુજબ ભાલો દૂર નહોતો ફેંકી શક્યો. હું મારા પર્ફોર્મન્સથી ખુશ નહોતો એમ બીજા સ્પર્ધકો પણ નહીં જ હોય.' ■

# હૉકીના ખેલાડીઓને મળ્યો કેસરિયો રંગ

## ▸ટીમ ઇન્ડિયાની જર્સી બદલાઈ, બ્લૂમાંથી હવે ભગવા રંગની






નવી દિલ્હીઃ ભારતના હૉકી ખેલાડીઓ હવે પછી ભગવા (કેસરી) રંગની જર્સી પહેરીને મેદાન પર ઊતરવાના છે અને હૉકી ઇન્ડિયાના આ પગલાં પર ભારતના ભૂતપૂર્વ હૉકી કૅપ્ટન અને ઑલિમ્પિયન વીરેન રસ્કિન્હાએ સવાલ ઉઠાવ્યા છે. જોકે ભારતમાં હૉકીનું સંચાલન કરતી હૉકી ઇન્ડિયાએ આ પગલાં સંબંધમાં ખુલાસો કર્યો છે.

ભારતીય ટીમની નવી જર્સીના મુદ્દે બબાલ મચી છે, કારણકે જર્સીનો રંગ હવે બ્લૂમાંથી બદલીને ભગવો કરી નાખવામાં આવ્યો છે. હરમનપ્રીત સિંહના નેતૃત્વમાં ભારતીય ટીમ હવે ભગવા રંગની જર્સી પહેરીને મેદાન પર ઊતરશે. રસ્કિન્હાએ 'એક્સ' હૅન્ડલ પર સવાલ કર્યો છે કે વર્ષોથી ખેલાડીઓની જર્સીનો રંગ બ્લૂ હતો અને આ રંગ ભારતીય હૉકી સાથે જોડાઈ ગયો હતો અને બ્લૂ રંગ ભારતીય ટીમની ઓળખ હતો તો પછી એમાં ફેરફાર શું કામ કરવામાં આવ્યો?

રસ્કિન્હાએ એવું પણ લખ્યું છે કે 'હૉકી ઇન્ડિયાએ ઘણા સારા કામ કર્યા છે, પરંતુ આ પગલું શર્મનાક છે. બ્લૂ રંગ ભારતીય ખેલાડીઓને વારસામાં મળ્યો છે. મેં ઘણા વર્ષો સુધી ગર્વથી બ્લૂ રંગની જર્સી પહેરી હતી. હૉકી ફૅન્સ ભારતીય ટીમને બ્લૂ રંગમાં જ જોવા માગે છે. એવામાં ભગવા રંગ પાછળ શું તર્ક છે એ જ નથી સમજાતું.

ભારતીય ટીમની જર્સીના નવા કેસરી રંગ પર ઉઠાવવામાં આવેલા સવાલવાળી પોસ્ટ પર રાજકીય પ્રતિક્રિયા આવવા લાગી છે. રસ્કિન્હાએ એવું પણ કહ્યું છે કે 'મારો મુદ્દો એ છે કે બ્લૂ રંગ ભારતીય ટીમની ખરી ઓળખ છે અને ગર્વ પણ છે. ભારતીય હૉકી ટીમના જર્સીના રંગની ઓળખ આર્જેન્ટિનાની ફૂટબૉલ ટીમની જર્સીની જેમ એક અલગ ઓળખ જેવી છે. શું આપણે ક્યારેય આર્જેન્ટિનાની ટીમને ભગવા રંગમાં જોઈશું?'

### હૉકી ઇન્ડિયાએ શું ખુલાસો કર્યો?

ભૂતપૂર્વ હૉકી કૅપ્ટન વીરેન રસ્કિન્હાએ ઉઠાવેલા મુદ્દા સંબંધમાં હૉકી ઇન્ડિયાના અધ્યક્ષ દિલીપ તિર્કેએ કહ્યું કે 'હું સહમત થાઉં છું કે બ્લૂ રંગની જ જર્સી પહેરવાની ભારતીય હૉકી ટીમની લાંબા સમયની પરંપરા છે, પરંતુ આ કોઈ પરેશાન કરી મૂકનારો ફેરફાર નથી. મને યાદ છે કે ૨૦૧૪માં ટીમની જર્સીનો રંગ પીળો હતો અને ૨૦૧૮માં આછા બ્લૂ રંગની જર્સી ખેલાડીઓને અપાઈ હતી. આ વખતે ટીમની જર્સીનો રંગ બદલવાનું સૂચન કોચ, સપોર્ટ સ્ટાફ, કૅપ્ટન અને ખેલાડીઓનું હતું. હૉકીનું ટર્ફ બ્લૂ રંગનું હોય છે અને ખેલાડીઓની કિટનો રંગ પણ બ્લૂ હોય છે એટલે રમતી વખતે બ્લૂ રંગ પ્રભાવિત કરી મૂકતો હોવાથી અમે વિચાર્યું કે આ સમસ્યાનો કોઈક ઉકેલ લાવવો જોઈએ. ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફે બે રંગ સૂચવ્યા હતા, પીળો અને ભગવો (કેસરી). છેવટે અમે કેસરી રંગ પસંદ કર્યો, કારણકે આ રંગ આપણા રાષ્ટ્રધ્વજના ત્રણ રંગમાંથી એક છે.' ■

## વિપક્ષો સરકાર પર તૂટી પડ્યા

નવી દિલ્હીઃ ભારતની નૅશનલ હૉકી ટીમના ખેલાડીઓનો રંગ બ્લૂમાંથી ભગવો (કેસરી) કરવામાં આવ્યો હોવાની ગુરુવારે જાહેરાત થતાં જ વિરોધ પક્ષના નેતાઓએ સરકારની ટીકા કરવાનું શરૂ કરી દીધું છે. આ નેતાઓએ એવી ચિંતા વ્યક્ત કરી છે કે હવે કદાચ ભારતીય લશ્કરના યુનિફૉર્મનો રંગ પણ ભગવો કરી નાખવામાં આવશે. સર્વત્ર ભગવો રંગ ફેલાવી દેવાનો ભાજપ અને આરએસએસ દ્વારા પ્રયાસ થઈ રહ્યો હોવાનો આક્ષેપ વિપક્ષોએ કર્યો હતો.

### પ્રિયંકા ગાંધીએ કહ્યું કે...

ભારતના પુરુષ તેમ જ મહિલા હૉકી ખેલાડીઓની જર્સી હવેથી બ્લૂને બદલે કેસરી રંગમાં જોવા મળશે. કૉંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ હૉકી ઇન્ડિયાના આ નિર્ણયને રાજકીય સ્વરૂપ આપતાં જણાવ્યું હતું કે 'અમને લાગે છે કે સરકાર કદાચ યુનિફૉર્મનો રંગ પણ બદલી નાખશે. આ બાબત તેમ જ આરએસએસ-પ્રેરિત શિક્ષણ નીતિથી પ્રભાવિત ઇતિહાસની બાબતમાં યુવા વર્ગના મંતવ્યો સમજવાની ખાસ જરૂર છે. દેશને આઝાદી અપાવવાની લડત સત્ય અને અહિંસા પર આધારિત હતી અને આરએસએસ એના પિક્ચરમાં ક્યાંય નથી.'

કૉંગ્રેસી સંસદસભ્ય અમર સિંહે આક્ષેપ કર્યો હતો કે 'ભાજપ બધું ભગવા રંગનું બનાવી નાખવા માગે છે. અમને લાગે છે કે હૉકી ટીમ પછી હવે ભારતીય લશ્કરનો યુનિફૉર્મ પણ ભગવા રંગનો કરી નાખવામાં આવશે.'

### કીર્તિ આઝાદનું ડબલ સ્ટાન્ડર્ડ

૧૯૮૩ વર્લ્ડ કપના ક્રિકેટર અને તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)ના નેતા કીર્તિ આઝાદે બે દૃષ્ટિકોણવાળી પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું, 'કેસરી રંગ હોય કે લીલો, કોઈ ફરક ન પડે. મેદાન પર તો ખેલાડીના પર્ફોર્મન્સનું જ મહત્ત્વ હોય છે. ક્રિકેટમાં (ટેસ્ટમાં) અમે સફેદ કપડાં પહેરીને રમતા હતા. રંગ કરતાં પર્ફોર્મન્સનું વધુ મૂલ્ય છે. મંદિરમાં, મસ્જિદમાં, ગુરુદ્વારામાં કે ચર્ચમાં જઈને કોઈ વ્યક્તિ (ખેલાડી) ૧૦૦ રૂપિયાની નોટ ઈશ્વરના ચરણમાં ધરે અને પ્રાર્થના કરે કે આવતી કાલે મારી મૅચ છે, મને સેન્ચુરી કરવામાં મદદ કરજો. જોકે એ શક્ય નથી...ખેલાડીએ પ્રયત્નથી જ લક્ષ હાંસલ કરવું પડતું હોય છે. ટૂંકમાં, રમતગમતમાં રંગ મહત્ત્વનો નથી, ખેલાડીની કાબેલિયત પર બધુ નિર્ભર હોય છે. જોકે મારું માનવું છે કે હૉકીના ખેલાડીઓના જર્સીના પરંપરાગત બ્લૂ રંગમાં ફેરફાર કરવાની જરૂર શું હતી એ જ મને નથી સમજાતું. આ રમત સાથે આપણો બ્લૂ રંગ વર્ષોથી સંકળાયેલો હતો તો પછી એ જ રહેવા દેવો જોઈતો હતો. એના પર ધાર્મિક રંગ લાદવાની જરૂર જ શું છે.' ■

# ઐતિહાસિક ટેસ્ટ-શ્રેણી વિજયના કેપ્ટન રહાણેની નિવૃત્તિ

## ▸સતત ઉપેક્ષાથી કંટાળીને ઈંગ્લેન્ડમાંથી જાહેર કરી દીધો નિર્ણય



મુંબઈઃ ભારતીય ટીમના ભૂતપૂર્વ ટેસ્ટ કૅપ્ટન અને ભરોસાપાત્ર બૅટ્સમૅન અજિંક્ય રહાણેએ સતત ઉપેક્ષાથી થાકીને ગઈ કાલે નિવૃત્તિ લઈ લીધી હતી. તે ઘણા સમયથી ભારતીય ટીમની બહાર હતો. એક સમયે તે કોહલી અને પુજારા સાથે ભારતીય ટેસ્ટ ટીમના મિડલ ઑર્ડરનો આધારસ્તંભ હતો. સતત નબળા પડી રહેલા ફૉર્મના કારણે તેને ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો હતો. રહાણે ભારત વતી અંતિમ ટેસ્ટ ૨૦ જુલાઈ, ૨૦૨૩ના રોજ વેસ્ટ ઈન્ડિઝ સામે રમ્યો હતો, જે બાદ તે ટીમમાંથી બહાર હતો. ૨૦૨૦-'૨૧માં રહાણેની કેપ્ટનશિપમાં ભારતે ઑસ્ટ્રેલિયામાં વિરાટ કોહલીની ગેરહાજરીમાં ઐતિહાસિક બોર્ડર-ગાવસકર ટ્રોફી ટેસ્ટ સીરિઝમાં જીત મેળવી હતી. ત્યારે વિરાટ કોહલી પૅટરનિટી-બ્રેક બદલ ભારત પાછો આવ્યો હતો અને ટીમના ઘણા ખેલાડીઓ ઈજાગ્રસ્ત હતા એવી કઠિન સ્થિતિમાં રહાણેના સુકાનમાં ભારત સિરીઝ જીત્યું હતું. રહાણે હાલમાં ઈંગ્લેન્ડમાં ધ હન્ડ્રેડ ટુર્નામેન્ટમાં કોમેન્ટરી આપે છે.

### રહાણેએ ભાવુક સંદેશમાં શું કહ્યું?

અજિંક્ય રહાણેએ નિવૃત્તિની સ્પીચમાં સોશ્યલ મીડિયા પર જણાવ્યું, 'જિંદગીની વાસ્તવિકતા એ છે કે દરેક વસ્તુની એક શરૂઆત હોય છે અને દરેક વસ્તુનો અંત પણ હોય છે, જ્યારે એ સમય આવે છે, ત્યારે તમારે બસ તેનો આદર કરવાનો હોય છે અને આગળ વધવાનું હોય છે. મેં હંમેશાં મારી બૅટિંગમાં ટાઇમિંગ પર ભરોસો રાખ્યો છે અને હંમેશાં તેનું મહત્ત્વ સમજ્યું છે. આજે, મને લાગે છે કે મારા માટે આગળ વધવાનો અને ઇન્ટરનેશનલ ક્રિકેટ તથા તમામ ફૉર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરવાનો યોગ્ય સમય છે.'

તેણે કહ્યું કે 'નાનપણમાં હું માત્ર પ્રેક્ટિસ માટે ડોમ્બિવલીથી આવતો હતો, મેં આ રમતને સઘળું આપી દીધું. દરેક એક દિવસ, દરેક ઇનિંગ્સ, દરેક તક પર જ્યારે મને બૅટિંગ કરવાનો મોકો મળ્યો, ત્યારે સપનું હંમેશાં 'ઇન્ડિયા કેપ' પહેરવાનું જ હતું. હું એક સરળ નિયમ પર જીવતો હતો...હંમેશાં મારા દેશ અને મારી ટીમને પોતાનાથી આગળ રાખતો હતો. મેં આ રમત પૂરી ઈમાનદારીથી રમી છે અને મારું હંમેશાં માનવું રહ્યું છે કે જો તમારો ઈરાદો સાચો હોય, તો રમત પણ હંમેશાં તમારું ધ્યાન રાખશે. છેલ્લાં ૨૦ વર્ષમાં હું ભારતીય ક્રિકેટનો એક ભાગ રહ્યો એનો મને ખૂબ ગર્વ છે. ભારતીય ક્રિકેટર તરીકે મારો અધ્યાય પૂરો થઈ ગયો છે, પરંતુ રમત સાથેની મારી સફર પૂરી થઈ નથી. હું આવનારી પેઢીને મદદ કરવા, આ રમતે મને જે મૂલ્યો શીખવ્યા છે તેને શૅર કરવા અને જે રમતે મને બધું જ આપ્યું છે તેને પરત આપવા માટે આતુર છું.'

મુંબઈ માટે લાંબા સમય સુધી પ્રોફેશનલ ક્રિકેટમાં સક્રિય રહેલા રહાણેએ કહ્યું, મુંબઈમાં એક યુવા ખેલાડી તરીકે શરૂઆત કરવાથી લઈને ભારત માટે રમવા સુધી, આ મારા માટે ખૂબ જ સન્માનની વાત રહી છે. રસ્તામાં ઘણી જીત અને હાર મળી, પરંતુ ક્રિકેટ રમવાની, અલગ-અલગ ટીમોનો ભાગ બનવાની અને આજીવન યાદો બનાવવાની જે મિશ્ર ખુશી છે, એ જ મારા કરિયરનો સૌથી મોટો આનંદ રહ્યો છે. બીસીસીઆઇ, એમસીએ, મારા સાથી ખેલાડીઓ, મારા કોચ, દરેક આઇપીએલ ફ્રેન્ચાઇઝી, રાધિકા, મારો પૂરો પરિવાર, મારા મિત્રો અને મારી સાથે અડીખમ ઊભા રહેનાર દરેક વ્યક્તિનો આભાર.'

### રહાણેની કરિયર પર એક નજર

અજિંક્ય રહાણેએ ૮૫ ટેસ્ટમાં ૩૮.૪૬ની સરેરાશથી ૫,૦૭૭ રન બનાવ્યા હતા, જેમાં ૧૨ સદી અને ૨૬ અડધી સદી સામેલ છે. ટેસ્ટમાં તેનો સર્વોચ્ચ સ્કોર ૧૮૮ રન છે. આ ઉપરાંત ૯૦ વન ડેમાં તેણે ૩૫.૨૬ની સરેરાશથી ૨૯૬૨ રન બનાવ્યા હતા. વન-ડેમાં તેણે ત્રણ સદી અને ૨૪ અડધી સદી ફટકારી હતી. વન ડેમાં તેનો સર્વોચ્ચ સ્કોર ૧૧૧ રન છે, જ્યારે ૨૦ ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં તેણે ૧૧૩.૩૦ના સ્ટ્રાઈક રેટથી ૩૭૫ રન ફટકાર્યા છે. ■

# ન્યૂ ઝીલૅન્ડના મૅક્લમ પછી હવે એ જ દેશનો ફ્લેમિંગ બન્યો ઇંગ્લૅન્ડનો નવો ટેસ્ટ-કોચ, જો રૂટ કૅપ્ટન

લંડનઃ ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડે નૅશનલ ટેસ્ટ ટીમના નવા કોચ તરીકે ન્યૂ ઝીલૅન્ડના સ્ટીફન ફ્લેમિંગની નિયુક્તિ કરી છે. ભૂતપૂર્વ કિવી બૅટ્સમૅન બ્રેન્ડન મૅક્લમને આ પદ પરથી હટાવવામાં આવતાં જગ્યા ખાલી પડી હતી અને હવે એના પર ભૂતપૂર્વ કિવી ખેલાડી જ બિરાજમાન થશે.

ઍશિઝમાં ઇંગ્લૅન્ડનો ઑસ્ટ્રેલિયા સામે ૧-૪થી અને ગયા મહિને ન્યૂ ઝીલૅન્ડ સામે ૧-૨થી પરાજય થતાં મૅક્લમને ટેસ્ટ-કોચના હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યો હતો.

જોકે મૅક્લમને ઇંગ્લૅન્ડની વન-ડે અને ટી-૨૦ ટીમના કોચ તરીકે જાળવી રાખવામાં આવ્યો છે. જો રૂટને ઇંગ્લૅન્ડના ટેસ્ટ-કૅપ્ટન તરીકે પુનઃ નિયુક્ત કરવામાં આવ્યો છે. અગાઉ રૂટ ૨૦૧૭થી ૨૦૨૨ સુધી ઇંગ્લૅન્ડનો ટેસ્ટ-સુકાની હતો. તેણે ઇંગ્લૅન્ડ વતી સૌથી વધુ ૬૫ ટેસ્ટમાં સુકાન સંભાળવાનો વિક્રમ કર્યો હતો જેમાંથી ૨૭ ટેસ્ટમાં બ્રિટિશ ટીમનો વિજય થયો હતો.

ફ્લેમિંગના કોચિંગમાં ચેન્નઈ સુપર કિંગ્સની ટીમ પાંચ ટાઇટલ જીતી હતી. તેણે તાજેતરમાં જ સીએસકેની ટીમને ગુડબાય કરી હતી. તે ડિસેમ્બરમાં સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝથી બ્રિટિશ ટીમને કોચિંગ આપશે. હાલમાં બ્રિટનના ક્રિકેટ બોર્ડે ફ્લેમિંગને તેના પરિવાર સાથે થોડો સમય રહેવા વેકેશન પર જવાની મંજૂરી આપી છે. ■

# ગુડબાય ગૅરી

# સર ગારફીલ્ડ સોબર્સને ૯૦મા જન્મદિનના એક દિવસ બાદ હોમટાઉનમાં દફનાવવામાં આવ્યા





બ્રિજટાઉનઃ વેસ્ટ ઇન્ડિઝના ગ્રેટેસ્ટ ક્રિકેટર, ક્રિકેટ જગતના સર્વશ્રેષ્ઠ ઑલરાઉન્ડર અને બાર્બેડોઝના નૅશનલ હીરો સર ગારફીલ્ડ સોબર્સને બુધવારે બાર્બેડોઝમાં બ્રિજટાઉન શહેરના કેન્સિન્ગ્ટન ઓવલ નજીક સંપૂર્ણ રાજકીય સન્માન સાથે દફનાવવામાં આવ્યા હતા. આ એ જ ઐતિહાસિક શહેર છે જેના સ્ટેડિયમમાં પૅવિલિયનને ગૅરી સોબર્સનું નામ આપવામાં આવ્યું છે.

### ટેસ્ટના ખેલાડીઓને બાર્બેડોઝ પહોંચી જવાની સૂચના

વેસ્ટ ઇન્ડિઝના ભૂતપૂર્વ કૅપ્ટન ક્લાઇવ લૉઇડે સર ગૅરી સોબર્સને આપેલી અંજલિમાં વિશ્વના સર્વશ્રેષ્ઠ ઑલરાઉન્ડર તરીકે ઓળખાવ્યા હતા. બ્રાયન લારા માટે સોબર્સ મેન્ટર હતા અને લારાએ પણ ભારે હૃદયે તેમને અંજલિ આપી હતી. સોબર્સનું ૧૭મી જુલાઈએ બાર્બેડોઝમાં ૮૯ વર્ષની વયે અવસાન થયું હતું. મંગળવાર, ૨૮મી જુલાઈએ તેમનો ૯૦મો જન્મદિન હતો અને એ જ દિવસે વેસ્ટ ઇન્ડિઝે પાકિસ્તાનને સિરીઝની પ્રથમ ટેસ્ટમાં ૯૦ રનથી હરાવીને શ્રેણીમાં ૧-૦થી સરસાઈ લીધી હતી. ટ્રિનિદાદની આ મૅચ બાદ ટેસ્ટની ટીમમાં બાર્બેડોઝના જે પણ ખેલાડીઓ હતા તેમના સહિત આખી કૅરિબિયન ટેસ્ટ ટીમને સોબર્સની દફનક્રિયાના સ્થળે પહોંચી જવાની સૂચના અપાઈ હતી. કૅપ્ટન રૉસ્ટન ચેઝના નેતૃત્વમાં વેસ્ટ ઇન્ડિઝની ટીમના ખેલાડીઓ બ્રિજટાઉન પહોંચી ગયા હતા.

### બાર્બેડોઝના દક્ષિણ ભાગમાં દફનક્રિયા

સોબર્સના કૉફિનને બાર્બેડોઝનો રાષ્ટ્રધ્વજ ઓઢાળવામાં આવ્યો હતો. બાર્બેડોઝના પાટનગર બ્રિજટાઉનમાં સંસદની ઇમારત ખાતેથી સોબર્સની અંતિમ યાત્રા શરૂ કરવામાં આવી હતી. કેન્સિન્ગ્ટન ઓવલ ખાતે રાજકીય સન્માનપૂર્વક તેમનું કૉફિન લાવવામાં આવ્યું ત્યારે રક્ષકોએ બૅટ ઊંચા રાખીને તેમને અંતિમ વિદાય આપી હતી. તેમને બાર્બેડોઝની દક્ષિણમાં કૉરલ રિજ મેમોરિયલ ગાર્ડન્સ ખાતેની પ્રાઇવેટ સીમેટ્રીમાં દફનાવવામાં આવ્યા હતા. ■

# બેતરફી વધઘટને અંતે બ્લ્યુચિપ શૅરોમાં લેવાલી નીકળતા સેન્સેક્સમાં ૨૭૩ પૉઈન્ટનો સુધારો

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૩૬૨૩.૫૧ કરોડની ચોખ્ખી લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટ આજે સત્ર દરમિયાન બેતરફી વધઘટે અથડાઈ ગયા બાદ ખાસ કરીને પાછોતરા સત્રમાં રિલાયન્સ ઈન્ડ્સ્ટ્રીઝ અને એચડીએફસી બૅન્ક જેવાં બ્લ્યુચીપ શૅરોમાં લેવાલી નીકળતાં સત્રના અંતે સતત બીજા દિવસે બજાર સુધારા સાથે બંધ રહ્યા હતા, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૨૭૩.૫૫ પૉઈન્ટ વધીને અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૬૬.૯૫ પૉઈન્ટ વધીને બંધ રહ્યો હતો. વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૭,૪૩૧.૯૬ કરોડની ખરીદી સામે રૂ. ૧૩,૮૦૮.૪૫ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૩૬૨૩.૫૧ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૭,૯૭૯.૬૩ કરોડની ખરીદી સામે રૂ. ૧૯,૮૪૩.૬૬ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૮૬૪.૦૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૭,૬૫૪.૬૦ના બંધ સામે સાધારણ નરમાઈના વલણ સાથે ૭૭,૬૩૮.૮૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૭,૪૪૦.૯૧ અને ઉપરમાં ૭૮,૦૦૭.૦૯ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૩૫ ટકા અથવા તો ૨૭૩.૫૫ પૉઈન્ટ વધીને ૭૭,૯૨૮.૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૨૫૦.૨૦ના બંધ સામે ઘટીને ૨૪,૨૪૯.૫૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૧૮૭.૧૦ અને ઉપરમાં ૨૪,૩૪૨.૯૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૨૮ ટકા અથવા તો ૬૬.૯૫ પૉઈન્ટ વધીને ૨૪,૩૧૭.૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સેન્સેક્સમાં કુલ ૫૬૬.૧૮ પૉઈન્ટની અને નિફ્ટીમાં ૧૫૫.૮૫ પૉઈન્ટની બેતરફી વધઘટ જોવા મળી હતી.

અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસની બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા, પરંતુ ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે તંગ નાણાનીતિ જાળવી રાખવાના સંકેત આપતાં આજે અમેરિકી બૉન્ડની યિલ્ડમાં વધારો થયો હતો અને વ્યાજદરમાં વધારાની આશંકાને ધ્યાનમાં લેતા વિશ્વ બજારમાં રોકાણકારો સાઈડલાઈન થયા હતા. વધુમાં આજે અમેરિકાના ઈરાન પરના




હુમલાઓને કારણે ક્રૂડતેલના ભાવમાં ચંચળતા વધતાં બાહ્ય પરિબળોની અનિશ્ચિતતા સપાટી પર આવી હોવાથી તેની બજાર પર નકારાત્મક અસર પડતા બજાર રેન્જ બાઉન્ડ રહી હોવાનું જીઓજિત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

જોકે, ગઈકાલે સતત બીજા દિવસે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી જળવાઈ રહી હોવાના અહેવાલ, ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ અને અમુક કંપનીઓનાં વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળાના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા બજારનાં સુધારાને ટેકો મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

એકંદરે ફેડરલ રિઝર્વે વ્યાજદર જાળવી રાખવાની સાથે તંગ નાણાનીતિના સંકેત પણ આપ્યા હોવાથી આ વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા બજાર વર્તુળો મૂકી રહ્યા હતા. વધુમાં આજે પશ્ચિમ એશિયાનો ભૂરાજકીય તણાવ ફરીથી સપાટી પર આવતા ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૯૦ ડૉલર સુધી પહોંચતા બજાર બેતરફી વધઘટે અથડાઈ ગઈ હોવાનું રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવતા ઉમેર્યું હતું કે આજે મુખ્યત્વે ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ અને ચોક્કસ ક્ષેત્રના શૅરોમાં લેવાલીનો ટેકો મળતાં બજાર સકારાત્મક ઝોનમાં બંધ રહેવામાં સફળ રહ્યું હતું.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૫ શૅરના ભાવ વધીને અને ૧૫ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૨૫ શૅરના ભાવ વધીને અને ૨૫ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જોકે, આજે બીએસઈ ખાતે કુલ ૪૪૦૭ શૅરોમાં કામકાજ થયા હતા જેમાંથી ૧૬૯૧ શૅરના ભાવ વધીને ૨૫૨૮ શૅરના ભાવ ઘટીને અને ૧૮૮ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતાં.

આજે સેન્સેક્સ હેઠળના મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૧.૭૭ ટકાનો સુધારો મારુતિ સુઝુકીમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૧.૭૩ ટકાનો, રિલાયન્સમાં ૧.૪૪ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૧.૨૨ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૧.૦૬ ટકાનો અને પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૦૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૩.૨૬ ટકાનો ઘટાડો અદાણી પોર્ટસમ જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈન્ડિગોમાં ૦.૮૭ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૦.૮૩ ટકાનો, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૦.૭૪ ટકાનો એક્સિસ બૅન્કમાં ૦.૫૭ ટકાનો અને ટીસીએસમાં ૦.૫૬ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૬૬ ટકાનો અને મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૩૬ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં ઑટો ઈન્ડેક્સમાં ૧.૫૮ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૦.૭૩ ટકાનો, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સમાં ૦.૪૮ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૦.૩૮ ટકાનો, ટોપ ટેન બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૨૦ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૦.૧૭ ટકાનો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૧૩ ટકાનો સુધારો આવ્યો હતો. તેની સામે આજે રિઅલ્ટી ઈન્ડેક્સ ૨.૧૦ ટકા, સર્વિસીસ ઈન્ડેક્સ ૧.૧૪ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સ ૦.૮૨ ટકા, ઈન્સ્યોરન્સ ઈન્ડેક્સ ૦.૬૯ ટકા, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સ ૦.૬૧ ટકા, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સ ૦.૪૨ ટકા અને કૉમોડિટી ઈન્ડેક્સ ૦.૩૯ ટકા ઘટીને બંધ રહ્યો હતો.

આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી અને શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ રહ્યો હતો, જ્યારે જાપાનના નિક્કી ૨૨૫માં અને હૉંગકૉંગના હૅંગસૅંગમાં સુધારાતરફી વલણ રહ્યું હતું અને યુરોપના બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન સુધારો જોવા મળ્યો હતો. ■

# વિશ્વ બજારથી વિપરીત સ્થાનિકમાં સોનું ₹ ૧૧૬૦ ઝળક્યું, ચાંદી ₹ ૧૩૧૦ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા, પરંતુ આજે અમેરિકાએ ફરી ઈરાન પર હુમલા કર્યાના અહેવાલો સાથે ફરી પશ્ચિમ એશિયાનો ભૂરાજકીય તણાવ સપાટી પર આવતા ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હતા અને ફુગાવામાં વધારાની ચિંતાને કારણે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા અને ચાંદીના ભાવમાં ઘટાડો આવ્યો હતો. જોકે, ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જા કૉમેક્સ વિભાગ પર ફેડરલના નિર્ણય બાદ સોનાના ભાવમાં બે ટકા જેટલો ઉછાળો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં વિશ્વ બજારથી વિપરીત બન્ને કિંમતી ધાતુઓમાં છૂટીછવાઈ માગનો ટેકો મળતા ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જેમાં સોનું ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૫૬થી ૧૧૬૦ ઝળક્યું હતું અને ચાંદીમાં રૂ. ૧૩૧૦નો ચમકારો આવ્યો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં ઔદ્યોગિક વપરાશકારોની અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૧૦ વધીને રૂ. ૨,૧૮,૬૬૫ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ મુખ્યત્વે રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગને ટેકે ભાવમાં સુધારતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૧૫૬ વધીને રૂ. ૧,૪૨,૮૧૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૬૦ વધીને રૂ. ૧,૪૩,૩૮૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૪૦૬૨.૩૦ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ૪૦૬૦.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા ઘટીને ઔંસદીઠ ૫૭.૬૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે બૅન્ચમાર્ક વ્યાજદર ૩.૫૦ ટકાની સપાટીએ યથાવત્ જાળવી રાખ્યા હતા અને ફેડના અધ્યક્ષ કેવિન વાર્શે ફુગાવાની સપાટી બે ટકા સુધી લાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

દરમિયાન ઈરાને જોર્ડનમાં અમેરિકી દળો પર મિસાઈલ હુમલા કર્યાના જવાબમાં અમેરિકાએ પણ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સનાં લક્ષ્યાંકો પર ડઝન જેટલા મિસાઈલ છોડ્યા હોવાનું અમેરિકી લશ્કરે જણાવતાં ક્રૂડતેલના ભાવમાં એક ડૉલર કરતાં વધુ માત્રામાં વધારો આવ્યો હતો. આમ ક્રૂડતેલના ભાવ વધતાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરવામાં આવે તો સોના માટે નકારાત્મક પુરવાર થઈ શકે છે, એમ યુબીએસનાં વિશ્લેષક જિઓવન્ની સ્ટૂનોવોએ જણાવ્યું હતું. સોનાના ભાવવધારા માટે રોકાણલક્ષી માગ આવશ્યક છે અને જો વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તો રોકાણલક્ષી માગ ખૂલી શકે, એમ તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૫ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર જોઈ રહ્યા છે.

જોકે, આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના જૂન મહિનાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ હોવાથી અમુક અંશે બજારમાં સાવચેતીનું વલણ પણ જોવા મળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ડૉલર સામે રૂપિયામાં સતત પાંચમાં સત્રમાં આગેકૂચ, ૧૬ પૈસાનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો, ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈતરફી વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાતરફી વલણ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સતત બીજા દિવસે ઈક્વિટીમાં લેવાલી જળવાઈ રહી હોવાના અહેવાલો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત પાંચમાં સત્રમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં રૂપિયો વધુ ૧૬ પૈસા મજબૂત થઈને ૯૫.૬૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, પશ્ચિમ એશિયામાં નવેસરથી અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળવાની ભીતિને કારણે ક્રૂડતેલના ભાવમાં ચંચળતાનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.




આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૭૬ના બંધ સામે મજબૂત અન્ડરટોને ૯૫.૫૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૭૫ અને ઉપરમાં ૯૫.૫૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૬ પૈસાના સુધારા સાથે ૯૫.૬૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો છ પૈસા વધીને બંધ રહ્યો હતો. તે પૂર્વેનાં ત્રણ સત્રમાં ૯૭ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.

આગામી દિવસોમાં ટ્રેડરોની નજર અમેરિકાનાં જાહેર થનારા જીડીપીના, પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર અને બેરોજગારીના ડેટા પર સ્થિર રહે તેમ હોવાથી અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૫.૪૦ થી ૯૬ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૧૨ ટકા ઘટીને બેરલદીઠ ૯૦.૬૩ ડૉલર આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા ઘટીને ૧૦૧.૬૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૭૩.૫૫ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૬૬.૯૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૯૮૧.૮૭ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ટ્રેડરોએ ઉમેર્યું હતું. ■

# સ્મોલ અને મિડિયમ ગ્રેડની ખાંડમાં સામસામા રાહ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં ક્વિન્ટલે રૂ. ૨૫ની આગેકૂચ જળવાઈ રહેતાં વેપાર રૂ. ૪૩૫૦થી ૪૪૦૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૪ વધી આવ્યા હતા. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારના સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ઉપાડ અંદાજે ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં નિરસ માગ અને અમુક માલની ગુણવત્તા નબળી આવતા તેના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૦૨થી ૪૫૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૬૨૦થી ૪૭૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૩૫થી ૪૪૭૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૧૫થી ૪૫૮૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ધાતુમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા, પરંતુ આગામી સપ્ટેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને નિકલમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે ટીનમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. સાતનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વિશ્વ બજારનાં પ્રોત્સાહક અહેવાલ અને સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં આજે કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૨૯૭, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૩૦૭, કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૩૧૬, રૂ. ૧૨૧૨ અને રૂ. ૩૪૬ અને કોપર વાયરબાર તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૩૯૧ અને રૂ. ૩૮૫ના મથાળે રહ્યા હતા. જોકે, ગઈકાલે ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૨નો ઉછાળો આવ્યા બાદ છૂટીછવાઈ નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૫૩૮૧ના મથાળે રહ્યા હતા. આ સિવાય બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટાછવાયા કામકાજોને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૨૫, રૂ. ૮૪૫, રૂ. ૩૧૦ અને રૂ. ૨૦૪ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# કાચા માલના ભાવ વધી આવતા ફર્ટિલાઈઝર ઉદ્યોગની સબસિડી વધારવાની માગ

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને કારણે કાચા માલના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં લેતા ફર્ટિલાઈઝર એસોસિયેશન ઑફ ઈન્ડિયા (એફએઆઈ)એ વર્તમાન ખરીફ મોસમ માટેના ન્યૂટ્રીઅન્ટ આધારિત સબસિડીના દર જે સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યા છે તેમાં વધારો કરવાની માગણી કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે અગાઉ એપ્રિલ મહિનામાં સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ની ખરીફ મોસમ માટે ફોસ્ફરિક અને પોટાસિક (પી ઍન્ડ કે) ફર્ટિલાઈઝર માટે ૧૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૧,૫૩૪ કરોડની સબસિડીને મંજૂરી આપી હતી. તેમ જ વર્ષ ૨૦૨૬ની ખરીફ મોસમ માટે સરકારે નાઈટ્રોજન માટે કિલોદીઠ રૂ. ૪૭.૩૨, ફોસ્ફેટ માટે કિલોદીઠ રૂ. ૫૨.૭૬, પોટાશ માટે કિલોદીઠ રૂ. ૨.૩૮ અને સલ્ફર માટે કિલોદીઠ રૂ. ૩.૧૬ સબસિડીના દર નિર્ધારિત કર્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર ટોચની ફર્ટિલાઈઝર કંપનીઓ જેમ કે ઈફકો, કોરોમંડલ ઈન્ટરનેશનલ, પારાદીપ ફોસ્ફેટ, ઈન્ડિયન પોટાશ લિ. અને ઈનોડરમાના અધિકારીઓએ ફર્ટિલાઈઝર એસોસિયેશન ઑફ ઈન્ડિયાની મુલાકાત લઈને મધ્યપૂર્વના દેશોની કટોકટીને કારણે મુખ્ય કાચા માલોની ઉપલબ્ધિ અને તેની સ્થાનિક સ્તરે ફર્ટિલાઈઝરના ઉત્પાદન પર થયેલી માઠી અસરોની સમીક્ષા કરવા અનુરોધ કર્યો હતો. ■

# આયાતી તેલમાં મિશ્ર વલણ, સિંગતેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૫૯ સેન્ટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૫ રિંગિટ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ ઉપરાંત સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં હાજરમાં દેશી-આયાતી તેલના ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું. જેમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો અને સોયા રિફાઈન્ડ તથા સિંગતેલમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૩૧ જુલાઈ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જૂન મહિનાના ૧૩,૪૦,૮૪૨ ટન સામે ૨૦.૯૮ ટકા વધીને ૧૬,૨૨,૧૨૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, ગોલ્ડન એગ્રીના ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, એડબ્લ્યુએલના સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૬૦ અને સોયા રિફાઈન્ડના ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦, ગોકુલ એગ્રોના ઑગસ્ટ, સપ્ટેમ્બર અને ઑક્ટોબર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૭૩૦ અને રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૫૨૦ અને રૂ. ૧૭૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૫૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૮૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં થયા હતા. તેમ જ આજે ગોંડલનાં મથકો પર ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૭૦૦, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૦૦ અને કોટન રિફાઈન્ડના રૂ. ૧૬૪૦થી ૧૬૪૫ના મથાળે રહ્યા હતા, જ્યારે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં ટકેલા ધોરણે થયા હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૪૦, સિંગતેલના રૂ. ૧૭૩૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૦ અને સરસવના રૂ. ૧૭૩૫ના મથાળે રહ્યાં હતાં. ■

# અમદાવાદ નજીક ૨.૬ની તીવ્રતાનો હળવો ભૂકંપ: જુલાઈમાં ગુજરાતમાં નોંધાયો ૭મો આંચકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ચોમાસાની ઋતુમાં અમદાવાદ નજીક ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી સેન્ટર દ્વારા તેની પૃષ્ટી કરવામાં આવી હતી.

સિસ્મોલોજી સેન્ટરના જણાવ્યા અનુસાર, અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારમાં ગુરુવારે વહેલી સવારે ૦૪:૩૯ વાગ્યે ભૂકંપનો હળવો આંચકો નોંધાયો હતો. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૨.૬ માપવામાં આવી હતી, જેનું કેન્દ્રબિંદુ અમદાવાદ શહેરથી દક્ષિણ-દક્ષિણપશ્ચિમ દિશામાં ૨૯ કિલોમીટર દૂર રાસમ ગામ નજીક અને જમીનમાં ૨૦ કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું. આ આંચકો પ્રમાણમાં ખૂબ જ ઓછી તીવ્રતાનો હોવાથી તેનાથી કોઈ પણ પ્રકારની જાનમાલની હાનિ કે નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા નથી, પરંતુ વહેલી સવારે ભૂકંપ નોંધાતા તંત્ર સતર્ક બન્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભૂકંપ વહેલી સવારના સમયે આવ્યો હોવાથી તેમજ ગ્રામ્ય વિસ્તાર નજીક કેન્દ્ર હોવાથી તેની આસપાસનું વાતાવરણ શાંત હોઈ તેની અસર શહેરના અમુક વિસ્તારોમાં પણ થઈ હોવાના અહેવાલો હતા. ૨.૬ની તીવ્રતાનો ભૂકંપ હળવી શ્રેણીમાં આવતો હોઈ મોટા ભાગે કોઈ ગંભીર નુકસાન થતું નથી.

ઉલ્લેખનીય છે કે આ મહિનામાં ગુજરાતમાં હળવી શ્રેણીના અનેક ભૂકંપના આંચકા અનુભવાઈ ચૂકયા છે. અમદાવાદ જિલ્લામાં નોંધાયેલો ભૂકંપનો આંચકો એ ગુજરાતમાં જુલાઇ મહિનામાં નોંધાયેલો ભૂકંપનો ૭મો આંચકો હતો. આ મહિનામાં ૫ જૂલાઈના રોજ કચ્છના ફતેહગઢમાં, ૮ જુલાઇના રોજ ઉપલેટામાં, ૧૬ જૂલાઈના રોજ કચ્છના ખાવડા અને ધોળાવીરામાં, ૨૩ જૂલાઈના રોજ સુરત નજીક ખંભાતના અખાતમાં તેમજ ૨૫ જૂલાઈના રોજ અમરેલી નજીક ભૂકંપનો આંચકો નોંધાયો હોવાની માહિતી અહેવાલો દ્વારા મળી હતી. ■

# કાજલ લગાવી સોનાના દાગીના દુબઈથી લાવેલી મહિલા અમદાવાદ એરપોર્ટ પર પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર વહેલી સવારે દુબઈથી અમદાવાદ આવેલી અમીરાત એરલાઇન્સની ફ્લાઈટમાં રાજસ્થાનના ચિત્તોડગઢની રહેવાસી મહિલા પેસેન્જર શિખા દુગડ પાસેથી ૨૪૦ ગ્રામ ૨૪ કેરેટના સોનાના દાગીના મળી આવતા એરપોર્ટ કસ્ટમના અધિકારીઓએ તપાસ શરૂ કરી હતી.

આ મહિલા પેસેન્જર ફ્લાઈટ નંબર ઈકેપ૩૮માં અમદાવાદ આવી હતી. કસ્ટમ વિભાગે શંકાના આધારે તેની પૂછપરછ કરી હતી, પરંતુ મહિલાએ પોતાની પાસે કશું જ નહીં હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ મહિલાને મેટલ ડિટેક્ટર માંથી પસાર કરાવતા તેના શરીરમાં પહેરેલા દાગીના સોનાના હોવાનું







કસ્ટમના અધિકારીઓને જણાવતા તેની પાસેથી ૨૪૦ ગ્રામ સોનાના દાગીના કે જેની માર્કેટ વેલ્યુ ૩૫ લાખ રૂપિયા થાય છે, તે મળી આવ્યા હતા. કસ્ટમ વિભાગે સોનાની ચેન, પેન્ડલ, બુટ્ટી, ચાર સોનાની બંગડી જપ્ત કરીને તપાસ શરૂ કરી હતી. કસ્ટમના સૂત્રોએ જણાવ્યું હતું કે પેન્ડલવાળી સોનાની ચેન ઉપર તેને કાજલથી બ્લેક કલર કરી દીધો હતો. સામાન્ય રીતે બ્લેક કલરના કાજલનો ઉપયોગ મહિલાઓ કરતી હોય છે અને તેની મદદથી સોનાની ચેન અને પેન્ડલ ઉપર કાજલ લગાવી દીધું હતું. જેથી કસ્ટમના અધિકારીઓને શંકા જાય નહીં, પરંતુ મહિલા કસ્ટમ ડ્યુટીની ચોરી કરવામાં સફળ રહી ન હતી. બે દિવસ અગાઉ દુબઈથી અમદાવાદ આવેલી અને વડોદરાની રહેવાસી નર્મિલા ગૌસ્વામી પાસેથી પણ ૩૫ લાખની બે ગોલ્ડ કેપ્સ્યુલ મળી આવી હતી. આ મહિલા કેરિયર તરીકે કામ કરતી હોવાનું અને વડોદરાના એક શખ્સને આ ગોલ્ડ કેપ્સુલ આપવાની હોવાની કબુલાત કરી હતી. અતિ મહત્વની બાબત એ છેકે આ મહિલા તેનાં શરીરના રેકટમ ભાગની અંદર આ ગોલ્ડ કેપ્સુલ છુપાવીને લાવી હતી. સામાન્ય રીતે સાઉથ આફ્રિકાથી આવતા પેસેન્જરો નશાકારક પદાર્થો રેક્ટમ ભાગની અંદર છુપાવીને લાવતા હોય છે અને હવે મહિલાઓ પણ આ પ્રકારની મોડેસ ઓપરેન્ડીથી કસ્ટમ ડ્યુટીની ચોરી કરી રહી છે અમદાવાદ એરપોર્ટ કસ્ટમરના અધિકારીઓએ બે દિવસમાં બે મહિલાઓ પાસેથી કુલ ૭૦ લાખ રૂપિયાનું દાણચોરીનું ગોલ્ડ જપ્ત કરીને તપાસ શરૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## અમદાવાદ મનપાનો ૧,૨૦૭ કરોડ રૂપિયાની અનામત કિંમતે ૧૬ ટીપી પ્લોટની હરાજીનો પ્રસ્તાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) એ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે ભંડોળ એકત્ર કરવા અને કોન્ટ્રાક્ટરોના બાકી લેણાં ચૂકવવા માટે ૧૬ ટાઉન પ્લાનિંગ (ટીપી) યોજનાના પ્લોટની હરાજી લગભગ રૂ. ૧,૨૦૭ કરોડની અનામત કિંમત સાથે કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ દરખાસ્ત મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ મૂકવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. પાલિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, જમીનની હરાજીમાંથી મળનારી આવકનો ઉપયોગ રસ્તાઓ, પુલો, પાણી પુરવઠા પ્રોજેક્ટ્સ, પમ્પિંગ સ્ટેશનો, આરોગ્ય કેન્દ્રો અને અન્ય જાહેર સુવિધાઓ સહિતના મુખ્ય માળખાગત કાર્યો માટે કરવામાં આવશે. મોટાભાગના પ્લોટ અમદાવાદના પ્રીમિયમ પશ્ચિમી વિસ્તારો, જેમ કે આંબલી, થલતેજ, ગોતા, જગતપુર, રાણીપ અને સોલામાં સ્થિત છે. હરાજીમાં હંસપુરામાં એક મોટો રહેણાંક પ્લોટ પણ સામેલ કરવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે સૌથી મૂલ્યવાન મિલક્ત ટીપી સ્કીમ ૧૦૯ (મુથિયા-હંસપુરા-બિલાસિયા) માં પ્લોટ નંબર ૯૬ છે, જે ૪૧,૮૨૩ ચોરસ મીટર છે. પ્રતિ ચોરસ મીટર રૂ. ૭૧,૦૦૦ ની અનામત કિંમત સાથે, આ પ્લોટના લગભગ રૂ. ૨૯૭ કરોડ આસપાસ મળવાની અપેક્ષા મનપાને છે. આ દરખાસ્ત ૧૨ જૂનના રોજ યોજાયેલી ઔડાની પ્રાઈસ ફિક્સેશન કમિટી બાદ કરવામાં આવી હતી, જેમાં મનપાની માલિકીના ૨૦ પ્લોટના મૂલ્યાંકનની સમીક્ષા કરવામાં આવી હતી. ૧૬ પ્લોટ માટે અનામત કિંમતો નક્કી કરવામાં આવી હતી, જ્યારે બાકીના ચાર પ્લોટનું મૂલ્યાંકન મુલતવી રાખવામાં આવ્યું હોવાની માહિતી મળી હતી. ■

## જમીન સંપાદન-લાઇન શિફ્ટિંગની અડચણના લીધે વડોદરા-મુંબઈ એક્સપ્રેસવે હવે ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિલ્હી ખાતે ચાલી રહેલા સંસદના સત્રમાં વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વેની વર્તમાન સ્થિતિ અંગે પૂછ્વામાં આવેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્ર સરકારે પ્રોજેક્ટ અંગેની મહત્વની વિગતો રજૂ કરી હતી. સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ, વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વેના શરૂઆતના ઘણા તબક્કાઓ એટલે કે પેકેજ ૧ થી ૭ નું કામ ૧૦૦ ટકા અથવા તેની આસપાસ પૂર્ણ થઈ ગયું છેઅને તેને વાહનવ્યવહાર માટે ખોલી દેવામાં આવ્યો છે. આ પૂર્ણ થયેલા પેકેજોમાં વડોદરાથી પાદરા, પાદરાથી સાનપા, સાનપાથી મનુબર, અને મનુબરથી અંકલેશ્વર વગેરે જેવા વિભાગોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, પેકેજ ૧૧ નું કામ પણ ૧૦૦ ટકા પૂર્ણ થઈ ગયું છેઅને તેને જાન્યુઆરી ૨૦૨૬માં પ્રમાણપત્ર આપી દેવાયું છે.

જોકે, પ્રોજેક્ટના કેટલાક ભાગોમાં જમીન સંપાદન, પર્યાવરણીય મંજૂરી અને યુટિલિટી શિફ્ટિંગ જેવા કારણોસર વિલંબ થયો હોવાનો સરકારે સ્વીકાર કર્યો હતો. દાખલા તરીકે, પેકેજ-૧૫ અને ૧૬માં મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કંપની લિમિટેડ દ્વારા લાઇન શિફ્ટિંગ અને શટડાઉન આપવામાં થયેલા વિલંબના કારણે કામમાં મોડું થયું છે. આ ઉપરાંત, કલ્યાણના બલ્યાની ગામમાં અને મોરબે ખાતે ઇન્ટરચેન્જ બનાવવા માટે જમીન સંપાદનના પ્રશ્નો પણ પ્રોજેક્ટમાં અડચણરૂપ બન્યા હોવાનું સરકારે સ્વીકાર્યું હતું. આ પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા કડક પગલાં પણ લેવાયા હોવાની વિગતો પણ રજૂ કરવામાં આવી હતી, જે અંતર્ગત પેકેજ ૮ અને ૯માં નબળી કામગીરી બદલ કોન્ટ્રાક્ટરના કરાર રદ કરવામાં આવ્યા હતા અને બાકીનું કામ પૂરું કરવા માટે નવી બોલીઓ મંગાવવામાં આવી છે. આ રદ કરાયેલા અને વિલંબિત વિભાગોનું કામ હવે ૩૦ જૂન ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના સરકારે વ્યક્ત કરી હતી.

બીજી તરફ, પેકેજ ૧૨ થી ૧૮ જેવા અન્ય વિભાગોનું કામ ૯૦ ટકાથી વધુ પૂર્ણ થઈ ગયું છે અને તે વિભાગો વર્ષ ૨૦૨૬ના વિવિધ મહિનાઓમાં પૂરા થવાનો અંદાજ સરકારે આપ્યો છે. ■

## અમૃત ભારત સ્કીમ હેઠળ ગુજરાતમાં ૨૩ રેલવે સ્ટેશનનું આધુનિકીકરણ પૂરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં રાજ્યમાં અમૃત ભારત સ્કીમ હેઠળ ઓળખાયેલા ૮૮ સ્ટેશનમાંથી અત્યાર સુધીમાં ૨૩ રેલ્વે સ્ટેશન પર વિકાસ કાર્યો પૂર્ણ થયા છે, કેન્દ્રીય રેલ્વે પ્રધાન અશ્વિની વૈષ્ણવે રાજ્યસભામાં માહિતી આપી હતી.

રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં પ્રધાને જણાવ્યું હતું કે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનવિકાસ માટે ગુજરાતના ૮૮ રેલ્વે સ્ટેશનની પસંદગી કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય તબક્કાવાર, લાંબા ગાળાના અભિગમ દ્વારા સુધારેલી મુસાફરો સુવિધાઓ, સરળતા અને ઉચ્ચ કક્ષાની માળખાગત સુવિધાઓ સાથે સ્ટેશનોનું આધુનિકીકરણ કરવાનો છે.

અત્યાર સુધીમાં ભક્તિનગર, ડાકોર, ડેરોલ, ગોધરા જંકશન, હાપા, જામ જોધપુર, જામ વંથલી, કાનાલુસ જંકશન, કરમસદ, ખંભાળિયા, કોસંબા જંકશન, લીંબડી, મહુવા, મીઠાપુર, મોરબી, ઓખા, પાલિતાણા, પોરબંદર, પ્રતાપનગર, રાજુલા જંકશન, સામખીયાળી અને સિટી સ્ટેશનોનું કામ પૂરું થયું હોવાની માહિતી તેમણે આપી હતી. અન્ય બાકી રહેલા સ્ટેશનો પરનું કામ પણ પુરજોશમાં ચાલી રહ્યું હોવાનું વૈષ્ણવે જણાવ્યું હતું. ■

# વરસાદથી તૂટેલા રસ્તાઓનું યુદ્ધના ધોરણે સમારકામ, રાજ્યમાં ૯૪ ટકા રસ્તાઓ ફરી ખૂલ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)





અમદાવાદ: તાજેતરમાં ગુજરાતમાં પડેલા અતિભારે વરસાદે રોડ, રેલ સહિતની પરિવહન સુવિધાઓઓથી લઈને જનજીવનને ખૂબ જ પ્રભાવિત કર્યું હતું.

આ દરમિયાન રાજ્યના અનેક માર્ગોને ભારે નુકસાન પહોંચ્યું હતું. ખાસ કરીને તા. ૨૩ થી ૨૭ જુલાઈ દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ખાબકેલા ભારે વરસાદના કારણે જળબંબાકાર અને પૂર જેવી વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી. આવી કટોકટીના સમયમાં માર્ગ અને મકાન વિભાગે યુદ્ધના ધોરણે મરામત હાથ ધરી બંધ થયેલા રસ્તાઓને ગણતરીના કલાકોમાં વાહન વ્યવહાર માટે પુન કાર્યરત કર્યા હતા. માર્ગ અને મકાન વિભાગની સત્તાવાર માહિતી અનુસાર, અતિભારે વરસાદના આ પાંચ દિવસ દરમિયાન સુરક્ષાના કારણોસર, પાણીના ઓવરટોપિંગ તથા રસ્તાઓને ક્ષતિ પહોંચવાને કારણે સમગ્ર રાજ્યમાં કુલ ૧૫૪૦ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. વિભાગની ઝડપી કામગીરીના પરિણામે હાલની સ્થિતિએ આશરે ૯૪ ટકા એટલે કે૧૪૫૧ રસ્તાઓ મરામત બાદ પૂર્વવત્ કરી દેવામાં આવ્યા છે. છેલ્લા દિવસોમાં દક્ષિણ ગુજરાત ખાબકેલા અતિભારે વરસાદે ત્યાંની સ્થિતિને ગંભીર બનાવી દીધી હતી, જ્યાં ભારે વરસાદમાં બંધ થયેલા ૧૨૫૧ રસ્તાઓ પૈકી ૧૧૮૭ રસ્તાઓ પર માત્ર ૨૪ થી ૪૮ કલાકનામાં વાહન વ્યવહાર પુનશરૂ કરી દેવાયો હતો. હાલ દક્ષિણ ગુજરાતના ૧૨૩૬ એટલે કે ૯૮ ટકાથી વધુ રસ્તાઓ વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે ખુલ્લા મૂકી દેવાયા હોવાનો દાવો સરકારે કર્યો હતો.

કટોકટીના આ સમયમાં ૧૪૫ તકનીકી અધિકારીઓ અને ૧૩૧૬ ગ્રાઉન્ડ લેબર મળી ૧૪૦૦થી વધુ અધિકારી-કર્મચારીઓ દિવસ-રાત ફિલ્ડમાં તૈનાત રહ્યા હતા. આ કામગીરી દરમિયાન ભારે મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં ૧૯૫ જેસીબી, ૮૬ ટ્રેક્ટર અને ૫૯ ડમ્પર સહિત ૩૦૦થી વધુ ભારે વાહનો-મશીનરી મોકલી રસ્તાઓ પરના ભંગાણ અને માટીનો કાટમાળ ઝડપથી હટાવાયો હતો. આ સિવાય ગાંધીનગરથી ૬ વિશેષ ડિઝાઇન ટીમો રવાના કરી અસરગ્રસ્ત વિસ્તારોમાં સરકારી ઈમારતો અને પુલોની સ્ટ્રક્ચરલ ઈન્ટિગ્રિટી (મજબૂતી) અને સલામતીનું તકનીકી મૂલ્યાંકન કરાયું હતું. ■

# ગુજરાતમાં આરટીઓમાં ૫૦,૦૦૦ કરતા વધારે વ્હીકલ ટ્રાન્સફરની અરજીનો ઢગલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઓનલાઈન ટ્રાન્સફર પ્રક્રિયામાં ફરજિયાત આધાર પ્રમાણીકરણ સાથે જોડાયેલી ટેકનિકલ સમસ્યાઓના કારણે છેલ્લા ૨૦ દિવસથી સમગ્ર ગુજરાતમાં વ્હીકલ ઑનરશિપ ટ્રાન્સફરની કામગીરી લગભગ બંધ થઈ ગઈ છે. આને કારણે રાજ્યની ૩૯ પ્રાદેશિક પરિવહન કચેરીઓ (આરટીઓ) માં ૫૦,૦૦૦ થી વધુ ટ્રાન્સફર અરજીઓ પેન્ડિંગ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે વાહન માલિકી ટ્રાન્સફર માટે ઓફલાઇન પ્રક્રિયા બંધ કરી દીધી છે, જેનાથી આધાર-આધારિત પ્રક્રિયા ફરજિયાત કરીને કામગીરી સંપૂર્ણપણે ઓનલાઈન થઈ ગઈ છે. જોકે, સૂત્રોના કહેવા અનુસાર આધાર કાર્ડ અને નોંધણી પ્રમાણપત્રો (આરસી) પરની વિગતો ઘણીવાર અલગ અલગ ફોર્મેટમાં રેકોર્ડ કરવામાં આવે છે, તેથી સિસ્ટમમાં એક મોટી અડચણ આવી રહી છે. જ્યારે આધારકાર્ડમાં સામાન્ય રીતે નામ, પિતાનું નામ અથવા અટક એક જ લાઇનમાં હોય છે , ત્યારે આરસી બુક માલિકનું નામ, અટક અને વાલીનું નામ અલગ અલગ સેક્શનમાં રેકોર્ડ કરે છે. આને લીધે મેળ ખાતો નથી, જેના કારણે ઓનલાઈન સિસ્ટમમાં ઑથેન્ટિકેશન અટકે છે, જેના પરિણામે હજારો અરજીઓ નકારવામાં આવે છે અથવા પેન્ડિંગ રહે છે. એવું જાણવા મળ્યું છેકે આ કારણે રાજ્યભરમાં વાહનોના ટ્રાન્સફર પર અસર પડી છે, જેમાં ગુજરાતની બહારથી ખરીદેલી ઊંચી કિંમતની કારનો પણ સમાવેશ થાય છે. વિલંબથી સરકારી આવક પર પણ અસર પડી છે, કારણ કે ઑનરશિપ ટ્રાન્સફર પૂરી થઈ શકતી નથી. પરિવહન વિભાગના ભૂતપૂર્વ વરિષ્ઠ અધિકારીઓએ મીડિયા સાથે વાત કરતા પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે છે કે ઓનલાઈન સિસ્ટમ લાગુ થાય તે પહેલાં ટેકનિકલ ખામીનો ઉકેલ લાવવો જોઈતો હતો. તેમણે ચેતવણી આપી હતી કે જો આ મુદ્દાને તાત્કાલિક ઉકેલવામાં નહીં આવે તો વાહન માલિકોને વીમા નવીકરણ, પ્રદૂષણ નિયંત્રણ હેઠળ (પીયુસી) પ્રમાણપત્રો અને આરસી રેકોર્ડ સંબંધિત વધારાની નાણાકીય અને કાનૂની ગૂંચવણોનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. વાહન ટ્રાન્સફર અરજીઓના વધતા જતા બેકલોગને દૂર કરવા માટે પરિવહન વિભાગે હજુ સુધી કોઈ વચગાળાનો ઉકેલ જાહેર કર્યો નથી. આ અંગે આરટીઓના સૂત્રો સાથે સીધો સંપર્ક થઈ શક્યો ન થી. ■

# ગાંધીનગરમાં નકલી ફાધરની ખોટી પાવર ઓફ એટર્ની બનાવી ૩૧ લાખ પડાવનાર મહિલા સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગરના અડાલજ પોલીસ સ્ટેશનમાં એક બોગસ મહિલા વકીલ સામે કરોડો રૂપિયાની જમીનનો સોદો કરી છેત્તરપિંડી આચરવા બદલ ગુનો દાખલ કરવામાં આવતા ચકચાર મચી ગઈ હતી. ચાંદખેડામાં રિયલ એસ્ટેટ કન્સલ્ટિંગ વ્યવસાયિકે નોંધાવેલી ફરિયાદ મુજબ, ઉર્વશી ડાભી નામની મહિલાએ પોતાની ઓળખ હાઇકોર્ટના વકીલ અને વિજિલન્સ ઓફિસર તરીકે આપી હતી. આ મહિલાએ સાબરમતી સેવા સંઘ કેથોલિક આશ્રમના ટ્રસ્ટી હોવાનો દાવો કરી અમીયાપુર ગામની જમીન રૂપિયા ૨૧.૫૦ કરોડમાં વેચવાનો સોદો નક્કી કર્યો હતો.

આ સોદા પેટે આરોપી મહિલાએ ફરિયાદી પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૩૧ લાખ પડાવ્યા હતા. લોકોનો વિશ્વાસ જીતવા માટે ઉર્વશીએ બોગસ ફાધરને ઊભા કરી, તેમની બનાવટી સહીવાળી પાવર ઓફ એટર્ની પણ રજૂ કરી હતી. જોકે, સમય જતાં જમીનના દસ્તાવેજ કે એન.એ.ની કાર્યવાહી ન થતાં, ફરિયાદીએ જાતે વડોદરા જઈને અસલી ફાધરની મુલાકાત લેતા આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. અસલી ફાધરે આવી કોઈ જ પાવર ઓફ એટર્ની આપી ન હોવાનું અને તેમાં પોતાની સહી ખોટી હોવાનું જણાવતા ફરિયાદીને પોતાની સાથે થયેલી છેત્તરપિંડીનો અહેસાસ થયો હતો.

છેત્તરપિંડીનો ભોગ બનેલા ફરિયાદીએ જ્યારે ઉર્વશી ડાભીનો સંપર્ક કરી પોતાના બાકી નીકળતા રૂપિયા ૨૮ લાખ પરત માંગ્યા, ત્યારે તેણે રિવોલ્વર હોવાની ધમકી આપી હતી. આ ઉપરાંત, પોતે મહિલા વકીલ હોવાનો રોફ જમાવી એટ્રોસિટી અને છેડતીના ખોટા કેસમાં જેલમાં ધકેલી દેવાની ધમકી પણ આપી હતી. આ મામલે પોલીસ અધિક્ષકની કચેરીમાં અરજી થયા બાદ, અંતે અડાલજ પોલીસે ઉર્વશી ડાભી સામે વિવિધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# મહેસૂલ વિભાગનો મોટો નિર્ણય: વર્ગ-૩ના કર્મચારીઓની આંતરિક બદલી હવે કલેક્ટર કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે એક મહત્વનો નર્ણિય લીધો હતો. ગુરુવારના રોજ બહાર પાડવામાં આવેલા એક પરિપત્ર અનુસાર, હવેથી જિલ્લા કલેક્ટરોને મહેસૂલ વિભાગ હસ્તકના વિવિધ ખાતાના વડાઓની કચેરીઓમાં ફરજ બજાવતા વર્ગ-૩ના કર્મચારીઓની જે તે જિલ્લા પૂરતી આંતરિક બદલી કરવાની સત્તા સોંપવામાં આવી હતી. અત્યાર સુધી નાયબ મામલતદાર, મહેસૂલી કારકૂન અને તલાટીઓની બદલી કલેક્ટર દ્વારા થતી હતી, પરંતુ હવે તેમાં સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને ૨, સિનિયર સર્વેયર, સર્વેયર વગેરેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી અનિવાર્ય કે તાકીદના વહીવટી સંજોગોમાં સ્થાનિક કક્ષાએ ઝડપી નર્ણિય લઈ શકાય.

પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ સત્તા હેઠળ કલેક્ટર માત્ર સંબંધિત ખાતાના વડાના મહેકમ પૂરતી જ બદલી કરી શકશે. એટલે કે, કોઈ એક ખાતાના કર્મચારીની બદલી બીજા ખાતામાં કરી શકાશે નહીં. દાખલા તરીકે, સેટલમેન્ટ કમિશનરના તાબા હેઠળના સર્વેયરની બદલી તે જ ખાતાની જિલ્લામાં આવેલી અન્ય કચેરીમાં થઈ શકશે, પરંતુ તેમની બદલી નોંધણી સર નિરીક્ષકની કચેરી કે કલેક્ટર કચેરીની જગ્યા પર કરી શકાશે નહીં. આ જોગવાઈથી ખાતાવાર મહેકમની વ્યવસ્થા જળવાઈ રહેશે અને કામગીરીમાં કોઈ ગૂંચવાડો ઊભો થશે નહીં.

વધુમાં, ઠરાવમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે કલેક્ટરે જ્યારે અન્ય ખાતાના વડાઓના તાબા હેઠળના કર્મચારીઓની બદલી કરવી હોય, ત્યારે સંબંધિત જિલ્લા કક્ષાના અધિકારી સાથે યોગ્ય સંકલન સાધવું પડશે, જેથી કચેરીની રોજબરોજની કામગીરીમાં કોઈ ખલેલ ન પહોંચે.

# વડોદરાની માંજલપુર બેઠક પર અંદાજિત ૩૪.૩૫ ટકા મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે ગુરુવારે મતદાન યોજાયું હતું. કેન્દ્રીય ચૂંટણી પંચની એક નવી પહેલના ભાગ રૂપે, મતદાન મથકના પ્રિસાઇડિંગ અધિકારીઓ દ્વારા એપ પર મતદાન ડેટા અપલોડ કરવામાં આવ્યો છે. જે અનુસાર ૧૪૫-માંજલપુર બેઠક માટે સાંજે પાંચ વાગ્યા સુધીમાં અંદાજિત ૩૪.૩૫% મતદાન નોંધાયું હતું. આગામી તા.૩ ઓગસ્ટ, ૨૦૨૬ના સોમવારે મતગણતરી કરાશે. મતદાન શરૂ થાય તે પહેલાં દરેક મતદાન મથક પર ઈવીએમ પર એક મોક પોલ કરવામાં આવ્યો હતો. જેમાં ઉમેદવારો દ્વારા નિયુક્ત કરાયેલા મતદાન એજન્ટો હાજર રહ્યા હતા. સમગ્ર વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૬૨ સ્થળો પર ૨૬૦ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રતિ મતદાન મથક સરેરાશ ૮૪૪ મતદારોને આવરી લેવાયા હતા.

તમામ મતદાન મથકો પર રેમ્પ, પીવાનું પાણી, વીજળી, શૌચાલય જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. સર્વસમાવેશી સુવિધા રૂપે ૨ મતદાન મથકો સંપૂર્ણપણે મહિલા સ્ટાફ દ્વારા અને ૨ મતદાન મથકો દિવ્યાંગ સ્ટાફ દ્વારા સંચાલિત હતા જ્યાં વ્હીલચેર સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ હતી. આ ઉપરાંત ૫ આદર્શ મતદાન મથકો પણ નર્મિત કરવામાં આવ્યા હતા. ■



પદગ્રહણ : મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીનો પદગ્રહણ સમારોહ સંપન્ન થયો હતો. તેમણે જીસીસીઆઈની બિનહરીફ વરાયેલી નવી ટીમને અભિનંદન પાઠવતાં કહ્યું કે આ વરણી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ, સૌનો વિકાસના મંત્રને ખરા અર્થમાં સાકાર કરે છે.

# અમદાવાદમાં ભારે વરસાદની આગાહી, મેયરે લોકોને અલર્ટ રહેવા કરી અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં હવામાન વિભાગે આજથી ત્રણ દિવસ સુધી અતિભારે વરસાદની આગાહી હોઇ રાજ્યના હવામાન વિભાગ દ્વારા ૧૩ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં અમદાવાદ શહેરમાં પણ આગામી ૪૮ કલાક ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના પગલે સમગ્ર તંત્રને સાબદું બન્યું છે. શાળા-કોલેજોમાં રજા તેમજ ઓફિસોમાં વર્ક ફ્રોમ હોમ આપવાની તંત્રએ અપીલ કરી છે. અમદાવાદ શહેરના મેયર હિતેશ બારોટે આ સ્થિતીમાં લોકોને એલર્ટ રહેવા અપીલ કરી હતી.

અમદાવાદ શહેરના મેયર હિતેશ બારોટે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નગરજનોને સલામત સ્થળોએ ખસી જવા અપીલ કરી હતી. તેમણે નગરજનોને તકેદારીના તમામ જરૂરી પગલાં લેવા, બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવા અને કોઈપણ આપાત પરિસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો. ■

## નવસારીના પૂર-અસરગ્રસ્ત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાતે કૃષિ પધાન જીતુ વાઘાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નવસારી જિલ્લામાં તાજેતરમાં થયેલા અનરાધાર અને ભારે વરસાદના પગલે સર્જાયેલી પરિસ્થિતિનો તાગ મેળવવા રાજ્યના કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ ગણદેવી તાલુકાના સોનવાડી, સાલેજ અને ગડત જેવા પૂર-અસરગ્રસ્ત ગામોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

તેમણે રૂબરૂ સ્થળ-નિરીક્ષણ કરીને મકાન, બગીચા, પાક તેમજ પશુધનને થયેલા નુકસાન અંગેની માહિતી મેળવી હતી. આ સાથે જ, સરકાર દ્વારા અપાતી રાહત-સહાય અને સર્વેની કામગીરી અંગે ગ્રામજનો પાસેથી સીધો પ્રતિસાદ મેળવ્યો હતો. ■